

મિચૌંગ વાવાઝોડામાં 12ના મોત, આંધ્ર-તામિલનાડુમાં નુકસાન

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



નેવાદા યુનિવર્સિટીના કેમ્પસમાં ગોળીબાર 3ના મોત, 1 ઘાયલ: હુમલાખોર પણ ઠાર

PAGE NO. 18

FRIDAY, 08 DECEMBER, 2023 Vol. 20, No. 49 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# 3 રાજ્યોમાં CMના નામ પર સસ્પેન્સ યથાવત્

## મહંત બાલકનાથ અને વસુંધરા રાજેની દિલ્હીમાં દિગ્ગજ નેતા સાથે મુલાકાત : 10મી સુધી ચિત્ર સ્પષ્ટ થવાની સંભાવના

**નવી દિલ્હી**

તાજેતરમાં જ 5 રાજ્યોનાં ચૂંટણીના પરિણામોમાં BJPએ મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢમાં પ્રચંડ જીત મેળવી છે. જોકે ત્રણેય રાજ્યોમાં મુખ્યમંત્રીની પસંદગી કરવી ભાજપ માટે પણ પડકારજનક બન્યું હોવાનું લાગી રહ્યું છે. ભાજપની જીત બાદ રોજબરોજ CM પદના દાવેદારો અંગે ઘણા નામોની ચર્ચાઓ થઈ રહી છે, તેમ છતાં મુખ્યમંત્રી પદ પર સસ્પેન્ડ યથાવત્ છે અને દિલ્હીમાં પણ સતત બેઠકો ચાલી રહી છે.

ગત સપ્તાહે ભારતના પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં હિન્દીભાષી 3 રાજ્ય રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં



ભાજપે ભવ્યવિજય મેળવ્યો હતો. જેમાં મધ્યપ્રદેશમાં કુલ 230 બેઠકમાંથી 163, રાજસ્થાનમાં 199માંથી 115 અને છત્તીસગઢમાં 90માંથી 54 બેઠકો મેળવી હતી. જ્યારે કોંગ્રેસને એમપીમાં 66, રાજસ્થાનમાં 70 અને છત્તીસગઢમાં 35 બેઠક જ મળી હતી. જે બાદ ગુરુવારે તેલંગણામાં સરકાર રચી હતી. જ્યારે ભાજપના વિજય વાળા રાજ્યમાં સીએમ મુદ્દે કોકડું ગૂંચવાયું હતું.

રાજસ્થાનના મુખ્યમંત્રી પદના દાવેદાર મનાતા મહંત બાલકનાથએ ગુરુવારે અમિત શાહ સાથે મુલાકાત કરી હતી, તો બીજીતરફ CM ચહેરામાં સૌથી આગળ પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયાને પણ હાઈકમાન્ડે દિલ્હી બોલાવ્યા હતા જ્યાં તેમની બેઠક યોજાઈ હતી. CM પદના નામોની જાહેરાતની હિલચાલ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ મોટું નિવેદન આપ્યું છે. વિજયવર્ગીયને પત્રકારોએ CM પદ પરના સસ્પેન્ડ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. તો તેમણે કહ્યું કે, ટુંક સમયમાં સસ્પેન્સ પરથી પડદો ઉઠી જશે. તેમણે કહ્યું કે, રવિવાર 10 તારીખ સાખીમાં બધુ સ્પષ્ટ થઈ જશે.

# ગુગલે એપલ-મેટાને ટક્કર આપવા એઆઈ મોડેલ જેમિની લોન્ચ કર્યું

## જેમિની એઆઈ એક જ સમયે ઘણી રીતે કામ કરવા માટે સક્ષમ

**વોશિંગ્ટન**

ગૂગલની મૂળ કંપની આલ્ફાબેટે એપલ અને મેટાને ટક્કર આપવા પોતાનું સક્ષમ એવું મોટું એઆઈ મોડેલ જેમિની લોન્ચ કર્યું છે. ગૂગલનું આ એઆઈ મોડેલ ખુબ જ એડવાન્સ છે. દુનિયાભરના બાર્ડઅને પિક્સલયુઝર્સ માટે જેમિની એઆઈ ઉપલબ્ધ થયું છે. જેમિની એઆઈની વિશેષતા બાબતે કંપનીએ માહિતી આપી છે કે જેમિની એઆઈને એક જ સમયે ઘણી રીતે કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે એક જ સમયે ટેક્સ્ટ, કોડ, ઑડિઓ, ઈમેજ અને વિડિયો સહિતની માહિતી પર કામ કરી શકે છે.

શરૂઆત પિક્સલ ૮ પ્રોમાં જેમિની નેનોથી થશે. તેની મદદથી, રેકોર્ડર એપમાં સમરાઈઝ ફીચર અને જીબોર્ડ દ્વારા સ્માર્ટ રિપ્લાય કરી શકાય છે. સ્માર્ટ રિપ્લાયનું ફીચર વોટ્સએપથી શરૂ થશે. આ ઉપરનું વર્ઝન જેમિનીપ્રોહશે જેનો ઉપયોગ રોજિંદા ઉપયોગના મોટા ભાગના કાર્યો સરળતાથી પૂર્ણ કરવા માટે થઈ શકે છે. જેમિનીને સર્ચ, જાહેરાતો, ક્રોમ અને ડ્યુટી એઆઈજેવી સેવાઓ માટે પણ ધીમે ધીમે રોલઆઉટ કરવામાં આવશે. પિચાઈના જણાવ્યા અનુસાર, 'જેમિની યુગનું આ



પ્રથમ મોડલ છે અને આ વિઝનને સાકાર કરવાની દિશામાં પહેલું પગલું આ વર્ષની શરૂઆતમાં ગૂગલ ડીપ માઈન્ડની રચના દ્વારા લેવામાં આવ્યું હતું. આ નવું મોડલ એક કંપની તરીકે અત્યાર સુધી હાથ ધરેલા સૌથી મોટા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ પ્રયાસો પૈકીનું એક છે.

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Residential / New Condos / Investments / Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Royal Rajasthan
16 days 13 nights
All-inclusive price starts at
Cad 3587 pp occ dbl.
Including: Flights (from Toronto or Montreal) Hotels 4 and 5 stars all meals, guide and monuments fees
Visit: Delhi, Agra, Ranthambore, Jaipur, Deogarh, Udaipur, Ranakpur and Jodhpur.
Serving Canadians for over 22-years
Airline Tickets (worldwide) & Travel insurance, Indian passport renewal, OCI, Indian Visa, Surrender Certificate
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec Permis du Québec
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડા જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો

## જુલાઈથી ઓક્ટોબર મહિનાની વચ્ચે ભારતમાંથી કેનેડામાં ભણવા માટે થયેલી અરજીઓની સંખ્યા ૮૬૫૬૨

### કેનેડામાં પડતી મુશ્કેલી અંગે સોશિયલ મીડિયામાં માહિતી જાહેર થવા માંડી

**નવીદિલ્હી**

ભારતીય વિદ્યાર્થીઓ માટે ફેવરિટ ગણાતા કેનેડાને હવે ભારત સાથે દુશ્મની કરવાનુ મોંઘુ પડી રહ્યુ છે. ભારતમાંથી કેનેડા અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે.

એક મીડિયા રિપોર્ટ પ્રમાણે આ વર્ષે જુલાઈથી ઓક્ટોબર મહિનાની વચ્ચે ભારતમાંથી કેનેડા ભણવા માટે થતી અરજીઓની સંખ્યા ૮૬૫૬૨ હતી. જ્યારે ગત વર્ષે આ  જ સમયગાળામાં ૧.૪૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ કેનેડા માટે  વિઝા એપ્લિકેશન કરી હતી. આમ એક વર્ષમાં સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. ભારતમાંથી જે વિદ્યાર્થીઓ કેનેડા ગયા છે, તેઓ પણ સોશિયલ મીડિયા પર વિડિયો બનાવીને કેનેડામાં પડતી તકલીફે અંગે જણાવી રહ્યા છે. જેના કારણે પણ કેનેડા જતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી હોવાનુ મનાઈ રહ્યુ છે.

### શોષણ, મોંઘવારી અને તકની અછત જેવા પરિબળો સર્જાયેલી સમસ્યા માટે જવાબદાર : કેનેડિયન મીડિયા

દેશના એક અંગ્રેજી અખબારના કહેવા પ્રમાણે જસ્ટિન ટ્રુડોએ ભારત પર ખાલિસ્તાની આતંકીની હત્યાના લગાવેલા આરોપોને ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડા સાથે લેવાદેવા નથી. આ આરોપો લાગ્યા તે પહેલાથી જ કેનેડા નહીં જવા માટેનો ટ્રેન્ડ ભારતમાં શરુ થઈ ગયો હતો. કેનેડાના એક મીડિયા રિપોર્ટમાં કહેવાયુ છે કે, કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓનુ શોષણ, ભારે મોંઘવારી તેમજ તકોની અછત જેવા પરિબળો ભારતીય વિદ્યાર્થીઓની ઓછી થઈ રહેલી સંખ્યા માટે જવાબદાર છે. હવે ટ્રુડો સરકાર  તેનો જવાબ આપવાની જગ્યાએ પોતાનો ચહેરો બચાવવાની કોશિશો કરી રહી છે. કેનેડામાં ૨૦૨૩માં અભ્યાસ માટે ગયેલા વિદેશી છાત્રોમાં ૫૦ ટકા ભારતીયો છે. કોરોના મહામારી પછી પહેલી વખત ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

# 2022થી બેટરીમાં આગ લાગવાની સંખ્યા લગભગ બમણી : ટોરોન્ટો ફાયર સર્વિસીસ

## બેટરીનો દુરુપયોગ અથવા વધુ ચાર્જ થવાને કારણે ઘટના બને છે

**ટોરોન્ટો**

ટોરોન્ટો ફાયર સર્વિસીસ અનુસાર આ વર્ષે ટોરોન્ટોમાં બેટરીમાં આગ લાગવાની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. આ બેટરી સ્માર્ટફોન, લેપટોપ, રમકડાં અને ઈ-બાઈકમાં હોય છે. TFSએ કહ્યું કે, 2022માં તેને 29 બેટરીઓ સાથે કામ કરવું પડયું, પરંતુ આ વર્ષે એ સંખ્યા વધીને 51 થઈ ગઈ છે.

TFS ડેપ્યુટી ચીફ લેરી કોકોએ મીડિયાને જણાવ્યું હતું કે, જ્યારે બેટરીનો દુરુપયોગ થાય અથવા વધુ ચાર્જ કરવામાં આવી હોય ત્યારે આ આગ લાગે છે. કોક્કોએ કહ્યું કે, આ બેટરીઓમાં નાના પેકેજમાં ઘણી ઊર્જા હોય છે, અને જ્યારે તે નિષ્ફળ જાય છે, ત્યારે તે થર્મલ રન-વે નામની વસ્તુમાં જાય છે. એટલે જ અમે તમારા ઉપકરણને વધુ ચાર્જ ન કરવાની ભલામણ કરીએ છીએ. એકવાર બેટરી ફૂલ ચાર્જ થઈ જાય, પછી તેને અનપ્લગ કરો અને ઉપકરણોને ધ્યાન વગર ચાર્જ કરશો નહીં. ટોરોન્ટોની અગ્નિસ્કા સાજકાએ જણાવ્યું હતું કે, તેના પરિવારમાં ગયા જૂનમાં ભયંકર ડર ફેલાઈ ગયો હતો. તેના બે બાળકો બેટરીથી ચાલતી રમકડાની કારમાં સવાર હતા. ત્યારે તેમાંથી ધુમાડો નીકળવા લાગ્યો અને આગમાં લાગી ગઈ હતી.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યુ હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA

Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com

# કેનેડાનું ગ્રોસરી રિટેલ સેક્ટર પૃથ્વી પર સૌથી વધુ સ્પર્ધાત્મક : સોબેસ સીઈઓ




### ડિસ્કાઉન્ટ, ભાવની સ્થિરતા અને પ્રાઈઝ મેચિંગ ઝુંબેશને કારણે ગ્રાહકોને રાહત થયાનો દાવો

**ઓટ્ટાવા**

સોબેઝના ટોચના એક્ઝિક્યુટિવે સોમવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેનેડા પૃથ્વી ઉપર સૌથી વધુ સ્પર્ધાત્મક ગ્રોસરીના છૂટક ક્ષેત્રોમાંનું એક છે, તેમ છતાં કેનેડિયનોને ઊંચા ભાવનો ડંખ છે.

"જો કે, આપણા દેશનો ખાદ્ય ફુગાવો વિશ્વમાં સૌથી નીચો છે, અને કરિયાણાના છૂટક વેચાણની વાત આવે ત્યારે કેનેડા પૃથ્વી પરના સૌથી વધુ સ્પર્ધાત્મક દેશોમાં આવે છે, આનાથી સંઘર્ષ કરી રહેલા કેનેડિયનોને થોડો આરામ મળે છે, એમમાઈકલ મેડલાઈને હાઉસ ઓફ કોમન્સ એગ્રીકલ્ચર કમિટીના સાંસદોને જણાવ્યું હતું.

મેડલાઈન એમ્પાયર કંપની લિમિટેડની સીઈઓ છે, જે સોબેસ અને અન્ય કરિયાણાની દુકાનની ચેઈન ધરાવે છે. કરિયાણાના ટોચના અધિકારીઓએ કમિટિ સમક્ષ ફરી એકવાર ભાવ સ્થિર કરવાની તેમની યોજના અંગે વાત કરવાની વિનંતી કર્યા પછી તેમનો જવાબ સામે આવ્યો હતો.

ઉદ્યોગ પ્રધાન ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેને આ ઘટાડાની જાહેરાત કરી હતી કે કેનેડાની કરિયાણાના - લોબ્લો, મેટ્રો, એમ્પાયર, વોલમાર્ટ અને કોસ્ટકો- એ વધતી કિંમતોને પહોંચી વળવા માટે યોજનાઓ જાહેર કરી હતી. જેમાં ડિસ્કાઉન્ટ, ભાવની સ્થિરતા અને પ્રાઈઝ મેચિંગ ઝુંબેશનો સમાવેશ થાય છે.

જો કે, યોજનાઓની વિગતો જાહેરમાં શેર કરવામાં આવી રહી ન હતી, તે જોતાં, ગ્રોસર્સે ખરેખર શું વચન આપ્યું હતું તે અંગે પ્રશ્નો ઉઠી રહ્યા હતા. હવે, સોબેસે તેણે લીધેલા કેટલાક પ્રારંભિક પગલાંની રૂપરેખા આપી છે. કંપનીનું કહેવું છે કે, તે નવેમ્બર અને જાન્યુઆરી વચ્ચે 90 ટકા પેકેજડ પ્રોડક્ટ્સ પર ઐતિહાસિક રીતે ભાવ સ્થિર થાય છે અને હવે તેણે આ સ્થિરતાને આવા તમામ ઉત્પાદનો સુધી વિસ્તરણ કર્યું છે.

મેડલાઈને સાંસદોને જણાવ્યું હતું કે, અમારી પાસે જાન્યુઆરીમાં ખાદ્યપદાર્થોના ભાવને સ્થિર કરવામાં મદદ કરવા માટે અર્થપૂર્ણ યોજનાઓ પણ છે, પરંતુ અમે આની જાહેરમાં ચર્ચા કરીશું નહીં. કારણ કે, તેઓ અમારા સ્ટોર્સમાં લોંચ થાય ત્યાં સુધી વ્યાપારી અને સ્પર્ધાત્મક રીતે સંવેદનશીલ રહ્યા છે.

રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news

# ડિસેમ્બરને 'ક્રિશ્ચિયન હેરિટેજ મહિનો' જાહેર કરવા અંગે સાંસદે બિલ રજૂ કર્યું




**ટોરોન્ટો**

સંસદના એક કન્ઝર્વેટિવ સભ્યએ ખાનગી સભ્યનું બિલ રજૂ કર્યું છે, જે ડિસેમ્બરને "ક્રિશ્ચિયન હેરિટેજ મંથ" તરીકે જાહેર કરશે. સાર્નિયા-લેમ્બટનના ઓન્ટેરિયો રાઈડિંગના સાંસદ મેરિલીન ગ્લાડુએ મંગળવારે હાઉસ ઓફ કોમન્સમાં બિલ C-369, ખ્રિસ્તી હેરિટેજ મંથ એક્ટ રજૂ કર્યો હતો. કન્ઝર્વેટિવ્સે કેનેડિયન હ્યુમન રાઈટ્સ કમિશન (CHRC) પેપર સામે પિટિશન ઝુંબેશ કરીને આ બિલ તૈયાર કર્યું હતું, જેમાં ખ્રિસ્તી ધાર્મિક તારીખોને ભેદભાવપૂર્ણ હોવાનું કહીને વૈધાનિક રજાઓ દર્શાવવામાં આવી હતી. ગ્લેડુએ ગૃહને કહ્યું કે, કેનેડા એક એવો દેશ છે જે તમામ ધર્મોને સન્માન આપે છે. છેલ્લી વસ્તી ગણતરી મુજબ કેનેડામાં 19.3 મિલિયન ખ્રિસ્તીઓ હોવાને કારણે અમારી પાસે ખ્રિસ્તી વારસો ધરાવતો મહિનો હોય તે ન્યાયી અને યોગ્ય છે. અને ડિસેમ્બર કરતાં વધુ સારો મહિનો હોઈ શકે નહીં. ગ્લાડુએ નોંધ્યું હતું કે હિંદુ, શીખ, મુસ્લિમ અને યહૂદીઓ સહિત કેનેડામાં અન્ય ધર્મના સભ્યો પાસે તેમના પોતાના વારસાના મહિના છે. ગ્લાડુએ પેન્શન સુરક્ષા બિલ, બિલ C-228 માટે ખાનગી સભ્યોના બિલ માટે કોમન્સ લોટરીમાં તેના સ્થાનનો ઉપયોગ કર્યો હતો.

# ઓન્ટેરિયોમાં 6500 નવી નોકરીની તક ઊભી થઈ, રોજગારની સ્થિતિમાં સુધારો

## છેલ્લા મહિનામાં ઉત્પાદન અને બાંધકામ વ્યવસાયને ગતિ મળી

**ઓન્ટેરિયો**



સ્ટેટિસ્ટિક્સ કેનેડા અનુસાર ઓન્ટેરિયોમાં રોજગાર સતત પાંચમા મહિને પ્રમાણમાં સ્થિર રહ્યો છે. રાષ્ટ્રીય એજન્સીનો નવેમ્બર લેબર ફોર્સ સર્વે દર્શાવે છે કે, પ્રાંતમાં બેરોજગારીનો દર 6.2 ટકાથી ઘટીને 6.1 ટકા થયો છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ પણ નોંધ્યું છે કે, એપ્રિલથી બેરોજગારીનો દર 1.3 ટકા વધી ગયો છે. છેલ્લા મહિનામાં ઓન્ટેરિયોમાં લગભગ 6,500 નવી નોકરી ઊભી કરવામાં આવી છે. તેમાંથી લગભગ 6,100 મેન્યુફેક્ચરિંગમાં હતા. ઓન્ટેરિયોએ નવેમ્બરમાં 6,500 નવી નોકરીઓ ઉમેરી છે, જેમાં અમારા ઉત્પાદન ક્ષેત્રે 6,100નો સમાવેશ થાય છે. સમગ્ર કેનેડામાં છેલ્લા મહિનામાં ઉત્પાદન અને બાંધકામની નોકરીઓમાં વધારો જોવા મળ્યો છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ અહેવાલ આપ્યો છે કે, નવેમ્બરમાં લોકોને તેમની નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હોવાની શક્યતા વધુ હતી, જે 2022ની તુલનામાં 2023માં વધુ મુશ્કેલ આર્થિક અને શ્રમિક બજારની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. તેઓ નોંધે છે કે, દેશના સૌથી મોટા મેટ્રોપોલિટન વિસ્તારોમાં, ઓન્ટેરિયોમાં સેન્ટ કેથરિન્સ-નાયાગ્રા અને ઓશાવામાં એપ્રિલ અને નવેમ્બર વચ્ચે સૌથી વધુ બેરોજગારી દરમાં વધારો થયો હતો.

છેલ્લા મહિનામાં ટોરોન્ટોમાં બેરોજગારીનો દર પણ 6.8 ટકાથી ઘટીને 6.6 ટકા થયો હતો. નવેમ્બર લેબર ફોર્સ સર્વેમાં 5 નવેમ્બરથી 11 નવેમ્બરના સપ્તાહનો સંદર્ભ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.









તંત્રી સ્થાનેથી

# 3 રાજ્યમાં ભાજપની ઝળહળતી ફતેહ તેલંગણાએ કોંગ્રેસ પાર્ટીની લાજ રાખી



તંત્રી - સ્વદેશ

દેશનાં પાંચ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં ત્રણ હિંદી ભાષી પ્રદેશો મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં ભાજપનો ડંકો વાગ્યો છે. જ્યારે તેલંગણા વિધાનસભાની ચૂંટણીમાં કે.સી.આરને શિકસ્ત આપીને કોંગ્રેસે સત્તા મેળવી છે. આ ઉપરાંત મિઝોરમમાં ઝોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેડપીએમ) એ બહુમતી મેળવીને સત્તા કબજે કરી છે. આ રાજ્યો પૈકી છત્તીસગઢ અને રાજસ્થાનમાં કૉંગ્રેસની સત્તા હતી. પરંતુ લોકોએ તેને ઘરનો રસ્તો બતાવી દીધો છે. મધ્ય પ્રદેશમાં ભાજપે સત્તા જાળવી રાખવા સાથે 2018ની ચૂંટણી કરતા પણ વધારે બેઠકો જીતીને ફરી સત્તા મેળવી છે.

2024માં લોકસભાની ચૂંટણી પહેલાં યોજાયેલી આ પાંચ રાજ્યોની ચૂંટણીને સેમીફાઈનલ ગણાતી હતી. જેમાં ભાજપે ત્રણ મહત્વની રાજ્યમાં જંગ જીતી લેતાં કૉંગ્રેસને જોરદાર આંચલો લાગ્યો છે. મધ્યપ્રદેશમાં કુલ 230માંથી ભાજપે 163 બેઠકો જીતીને ઈતિહાસ સર્જી દીધો છે. અહીં શિવરાજસિંહ ચૌહાણે અમલમાં મુકેલી લાડલી બહેનો યોજનાને કારણે મહિલાઓએ ભાજપ પર વારી જઈને મતોનો વરસાદ કરી દીધો હતો. જયારે 199 બેઠકવાળી રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે 115 બેઠકો અંકે કરીને સ્પષ્ટ બહુમતિ મેળવી હતી. એ જ રીતે છત્તીસગઢમાં કુલ 90 બેઠક માટે મતદાન યોજાયું હતુ. જેમાં ભાજપે 54 બેઠકો પર વિજયપતાકા લહેરાવીને બઘેલ સરકારને ઘરભેગી કરી હતી. જયારે બાકીના બે રાજ્યો પૈકી તેલંગાણામાં કેસીઆરની પાર્ટી બીઆરએસને પછડાટ આપી કૉંગ્રેસે સત્તા મેળવી હતી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ એ ત્રણેય રાજ્યોમાં ભાજપને કૉંગ્રેસ કરતાં દોઢી બેઠકો મળી છે. કૉંગ્રેસ ક્યાંય ચિત્રમાં જ ના હોય એ પ્રકારના વિજયથી ભાજપ ગેલમાં આવી ગયો છે. જયારે કૉંગ્રેસમાં માતમનો માહોલ છવાઈ ગયો છે. આ પરિણામોમાં કૉંગ્રેસ માટે સૌથી આંચકાજનક હાર છત્તીસગઢની છે. છત્તીગસગઢમાં કૉંગ્રેસની ભૂપેશ બઘેલ સરકારે જોરદાર કામગીરી કરી હોવાથી સત્તામાં વાપસી કરશે એવી સ્થિતિ હતી. પરંતુ અહીં ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે જીતનું માર્જિન પણ બહુ મોટું છે. ખુદ ભાજપને પણ આટલી મોટી જીતની અપેક્ષા નહોતી.

કૉંગ્રેસ માટે તેલંગાણાની જીત આશ્ર્વાસન છે પણ તેનાથી ભાજપે ફરક પડતો નથી. કેમ કે તેલંગાણમાં ભાજપ વિરોધી કે. ચંદ્રશેખર રાવની સરકાર હતી અને તેના સ્થાને કૉંગ્રેસની સરકાર આવી છે. મતલબ કે, એક ભાજપ વિરોધી સરકાર ગઈ અને બીજી આવી છે. તેથી કૉંગ્રેસને ભલે ફાયદો થયો પણ ભાજપને નુકસાન નથી. રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં પણ કૉંગ્રેસને કરારી હારનો સામનો કરવો પડ્યો છે. રાજસ્થાનમાં અશોક ગેહલોતની કૉંગ્રેસ સરકારે જેમ તેમ કરીને પાંચ વર્ષ ખેંચી તો કાઢ્યાં. અહીં કોંગ્રેસના જ સચિન પાયલોટને કોરાણે મુકી દેવાની ગેહલોતની નીતિને કારણે ચૂંટણીમાં આ જૂથવાદની સીધી અસર પડી. પાયલટના સમર્થકોને છેલ્લે સુધી ખબર જ ન પડી કે તેના નેતાનું પાર્ટીમાં કોઈ મજબૂત સ્થાન છે. અશોકસિંહ ગેહલોત અને કોંગ્રેસ મોવડી મંડળ એમ માનતુ હતુ કે, રાજસ્થાનમાં કોંગ્રેસ શાસનમાં થયેલા કામોને પ્રજા સમક્ષ મુકીને ફરી સત્તા મેળવાશે. ગેહલોત પોતાની કામગીરીમાં 500 રૃપિયામાં ગેસ સિલિન્ડર, 100 યુનિટ વીજળી અને 25 લાખ સુધીની આરોગ્ય સારવારનો પ્રચાર કરતા રહ્યાં હતા. પરંતુ પ્રજાએ તેના કરતા મોદીની ગેરંટી પર વધુ વિશ્વાસ મુક્યો. આમ તો રાજસ્થાનમા દર પાંચ વર્ષે સત્તા પરિવર્તનનો ઈતિહાસ છે. અત્યાર સુધીમાં માત્ર ભૈરોસિંહ શેખાવત જ ૧૯૯૩માં સળંગ બીજી વાર ભાજપને જીતાડી લાવ્યા હતા. તે પછી કૉંગ્રેસ કે ભાજપમાંથી કોઈ મહારથી પોતાના પક્ષને સળંગ બે વાર જીતાડી શક્યો નથી. આ વખતે પણ રાજસ્થાનના મતદારોએ આ વખતે પણ પરંપરા જાળવી છે અને કૉંગ્રેસને ઘરે બેસાડી દીધી છે. મધ્ય પ્રદેશમાં ભાજપનો જયજયકાર અપેક્ષિત છે. કેમ કે જ્યોતિરાદિત્ય સિંધિયાને ભાજપ ખેંચી ગયા પછી અહીં કોંગ્રેસની સ્થિત સંગઠનની રીતે સાવ નબળી છે. કમલનાથ અને દિગ્વિજયસિંહ જેવા નેતા પોતાના ભરોસે જ આખા રાજ્યની કોંગ્રેસને ચલાવવા માંગે છે.

તેઓ બીજા કોઈને ફાવવા જ દેતા નથી. કમનસીબે બંનેમાંથી કોઈને કૉંગ્રેસને જીતાડવાની તાકાત નથી, એ વાત વારંવાર સાબિત થઈ છે. તેમની સામે શિવરાજસિંહે ૨૦૧૮માં સ્પષ્ટ બહુમતી ના મળી તેમાંથી બોધપાઠ લઈને લોકોને સીધો લાભ થાય એવી યોજનાઓ અમલમાં મુકી. ખાસ કરીને લાડલી બહેન યોજના દ્વારા તેમણે મહિલાઓને ખુશ કરી દીધી. કારણ કે આ યોજનામાં રાજયની દરેક મહિલાને પ્રતિ મહિને આર્થિક મદદનું વચન અપાયું છે. તેના આ જ યોજના મહિલા મતદારોને આકર્ષવામાં સફળ જતાં મધ્ય પ્રદેશમાં ભાજપે ફરી સત્તા મેળવી છે.

દેશના બાકીના બે પ્રદેશ પૈકી તેલંગણામાં કૉંગ્રેસ કે. ચંદ્રશેખર રાવની સર્વોપરિતાનો અંત લાવવામાં સફળ થઈ છે. છેલ્લી બે ટર્મથી તેલંગણામાં સત્તા ભોગવતા કેસીઆરને હરાવવા માટે કૉંગ્રેસે રેવંત રેડ્ડી નામના યુવા નેતાને તેલંગણા કૉંગ્રેસની કમાન સોપી હતી. રેવંત રેડ્ડી તેના પ્રદેશમાં યુવા ચહેરો અને લોકપ્રિય નેતા છે. તેલંગણામાં કેસીઆરનો પરિવારવાદ અને ભ્રષ્ટાચારનો મુદ્દો તેમણે લોકો સમક્ષ ઉઠાવ્યો. તેને કારણે લોકોનો આક્રોષ આખરે મતમાં પરિણમ્યો. મિઝોરમની ૪૦ બેઠકો ધરાવતી વિધાનસભાની ચૂંટણીમાં એમએનએફ, ઝેડપીએમ અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ હતો. આ ત્રણેય પક્ષો તમામ ૪૦ બેઠકો પર ચૂંટણી લડયા. ઝેડપીએમએ ૨૭ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. જયારે મિઝો નેશનલ ફ્રંટને ૯ બેઠકો મળી છે જ્યારે ભાજપને ૨ અને કોંગ્રેસને ૧ બેઠક મળી છે. ઝોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેડપીએમ) ૧૯૯૭માં અસ્તિત્વમાં આવ્યો હતો. પણ સફળ નહોતો થતો. હવે સ્થાપનાનાં ૨૬ વરસે તેને સફળતા અને સત્તા બંને મળ્યાં છે. હવે લાલદુહોમા તેના મુખ્યમંત્રી બને તેમ છે.

લોકસભાની ચૂંટણી પહેલાં ભારતના 25 ટકા જેટલા વિસ્તારમાં યોજાયેલી આ છેલ્લી ચૂંટણી હતી. તેથી ભાજપે વિજયી હેટ્રીક સાથે 2024માં દેશ માટે ફરી પોતે મજબૂત પાર્ટી હોવાના સંકેત આપી દીધા છે. દક્ષિણ ભારતમાં તો આમ પણ ભાજપ ચિત્રમાં નથી. ભાજપ કેન્દ્રમા સત્તા પર ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં શાનદાર દેખાવ કરીને પહોંચ્યો છે અને વધારે વાસ્તવિક રીતે કહીએ તો કૉંગ્રેસને સાફ કરીને પહોંચ્યો છે. લોકસભાની ચૂંટણી પહેલાંની છેલ્લી મોટી ચૂંટણીમાં ભવ્ય જીત મેળવીને ભાજપે જરૂરી આત્મવિશ્ર્વાસ મેળવી લીધો છે. કૉંગ્રેસ ભાજપને હરાવી શકે તો ફરી બેઠી થઈ શકે. પણ આ પરિણામોથી એક વાત ફરી સ્પષ્ટ થઈ ગઈ છે કે, ભાજપને હરાવવું કોંગ્રેસ માટે અત્યંત મુશ્કેલ છે. કૉંગ્રેસની મુસ્લિમ પાર્ટી તરીકેની ઈમેજ, આંતરિક જૂથબંધી, જૂના ખાઈ-બદેલા નેતાઓની દાદાગીરી જેવા કારણો કૉંગ્રેસની કારમી હાર માટે જવાબદાર છે.

manoj1968@yahoo. ca






# ગુજરાતના 32 જ્વેલર્સને નકલી સોનું પધરાવતી ટોળકી સુરતથી ઝડપાઈ, 8 ગુના ઉકેલાઈ ગયા

**સુરત**

જ્વેલર્સ શોપમાં સોનાના દાગીના ખરીદી તેના બદલામાં 5 થી 7 કેરેટ સોનું અને અન્ય ધાતુના નકલી દાગીના પધરાવી ઠગાઈ કરતી ટોળકીને ઉત્રાણ પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ પાસેથી પોલીસે 10.18 લાખનો મુદામાલ ઝડપી પાડી 8 ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

પોલીસે બાતમીના આધારે પોલીસે એક ગેંગને ઝડપી પાડી હતી. પોલીસે લોકેન્દ્ર ઉર્ફે સુરજ ગગનસિંહ ચોકસી, લાલજી બચુભાઈ જાલોધરાને રાજકોટ ખાતેથી અને અન્ય બે ઈસમો કૃષ્નાલ જયેશ દેવહિતકા તથા ઉતપલ સન્યાસી બહેરાને સોનાના મુદ્દા માલ સાથે ઝડપી પાડ્યા હતા. આરોપીઓને પૂછપરછમાં સામે આવ્યું હતું કે રાજકોટ ખાતેથી આરોપી બહેરા પાસેથી 916 હોલમાર્ક વાળી ચેન પહેલી બનાવડાવતા અને તેમાં સોનું ઓછું અને અન્ય મિશ્ર ધાતુનું પ્રમાણ વધારે રાખી 22 કેરેટ સોનાનો ચેન બનાવી આપતો જે ખરેખર લેબમાં ટેસ્ટ કરાવતા હતા. જે ચેન લઈ ગુજરાત ભરમાં અલગ અલગ જિલ્લામાં જઈ સોનીના દુકાનમાં આપી છેતરપિંડી કરતા હતા.

આરોપીઓ આબેહૂબ 22 કેરેટની સોનાની ચેન બનાવતા અને સોનીના દુકાનદારને ખબર ન પડે તેમ ઓછી ગુણવત્તાવાળી ચેઈન પધરાવી દેતા હતા. આરોપીઓ અલગ અલગ જગ્યાએ જઈ ચેઈન વેચતા હતા જેમાં ગુજરાત ભરના જિલ્લાઓમાં ઠગાઈ કરી છે. પોલીસે આ ઘટનામાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં લોકેન્દ્ર ઉર્ફે સુરજ ગગન સિંઘ ચોકસી લાલજીભાઈ બચુભાઈ ઝાલોદરા વિજયભાઈ જયંતીલાલ રાઠોડ વિશાલભાઈ કિશોરભાઈ થડેશ્વર કૃષ્ણાલ જયેશ દેવહિતકાની ધરપકડ કરી છે.

# હાઈપ્રોફાઈલ લાઈફસ્ટાઈલ જીવવા સુરતનું કપલ બન્યું મોટું ડ્રગ ડીલર

**સુરત**

હાઈપ્રોફાઈલ જીવનશૈલી જીવવવા માટે એમડી ડ્રગ્સનો વેપલો કરવાના ઈરાદે ડ્રગ્સનો જથ્થો લાવનાર રાંદેરના પતિ-પત્નીને ૧.૨૮ લાખના ડ્રગ્સના જથ્થા સાથે રાંદેર પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે બાતમીના આધારે રેઈડ કરીને આરોપી ગેરેજમાં કામ કરતા અયુબખાન ઉર્ફે અયુબબાપુ રસીદખાન પઠાણ અને તેની પત્ની ફરઝાનાબીબી ની ધરપકડ કરી હતી. દંપતિ ડ્રગ્સનો જથ્થો દિલીપ ઉર્ફે ટક્લો અને જુબેદાખાતુન મેમણ (જે રહે. મીરા રોડ મુંબઈ) ની પાસેથી લાવતા હતા. પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે. ડ્રગ્સનો વેપલો કરવામાં મદદ કરનાર સહ આરોપી તબસુમ ઉર્ફે ઝોયા તાહિર દિવાન ને પણ વોન્ટેડ જાહેર કરાયો છે. દંપતિ પાસેથી ૧.૨૮ લાખનું ૧૨.૮૯ ગ્રામ એમડી ડ્રગ્સ, રોકડા ૨ હજાર, પાંચ મોબાઈલ ફોન તથા આરોપીના આધારકાર્ડ, ચુંટણીકાર્ડ અનો વાહનોના પુરાવા સહિત કુલ ૧.૯૯ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. આરોપી દંપતિની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, દંપતિ તથા વોન્ટેડ મહિલા આરોપી તબસુમ ઉર્ફે તબસુમ ઉર્ફે ઝોયા તાહિર દિવાન હાઈપ્રોફાઈલ જીવનશૈલી જીવવવા માટે મુંબઈના વોન્ટેડ આરોપીઓ પાસેથી ડ્રગ્સનો જથ્થો લાવતા હતા.

## સુરત ડાયમંડ બુર્સમાં બનશે વિશાળ જ્વેલરી મોલ, પીએમ કરશે ઉદઘાટન

**સુરત**

સુરત ડાયમંડ બુર્સમાં કસ્ટમાઈઝડ ડાયમંડ જ્વેલરીનો વિશાળ મોલ શરુ થશે. 50,000 ચોરસ ફૂટના વિસ્તારમાં મોલમાં 27 ડાયમંડ જ્વેલરી શોરૂમ હશે અને જે ટોચની બ્રાન્ડ્સ માટે પ્લેટફોર્મ પૂરું પાડશે. SDB વહીવટી સમિતિ દ્વારા શોરૂમની હરાજી કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 17 ડિસેમ્બરે ડાયમંડ બુર્સ અને ડાયમંડ જ્વેલરી મોલનું ઉદ્ઘાટન કરશે. 3,500 કરોડ રૂપિયાના ખર્ચે SDBનું નિર્માણ કરવામાં આવ્યું છે. સમગ્ર SDB કેમ્પસનો કુલ વિસ્તાર 68,17,050 ચોરસ ફૂટ છે. 81m એલિવેશન ધરવતા ગ્રાઉન્ડ-પ્લસ-15-માળના નવ ટાવર એટ્રીયમ સ્પાઈન દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે.

## સુરત જિલ્લા સંગઠનના પૂર્વ પ્રમુખના મહિલા સાથે નાહતા ફોટા મોર્ફ કરનાર ઝડપાયો

**બારડોલી**

સુરત જિલ્લા સંગઠનના પૂર્વ પ્રમુખના સ્વિમિંગ પુલના નાહ્તા ફોટાઓ મોર્ફ કરીને વાયરલ કરનાર સુરત જિલ્લા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ અને જિલ્લા પંચાયત પૂર્વ કારોબારી અધ્યક્ષ હિતેન્દ્રસિંહ વાસીયાની જિલ્લા એલ.સી.બી એ ગુનાના કામે ધરપકડ કરી છે. ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં સુરત જિલ્લા ભાજપ સંનગઠના તત્કાલીન પ્રમુખ સંદીપ દેસાઈના સ્વિમિંગ પુલમાં અન્ય મહિલા સાથે નાહતા હોય એવા મોર્ફ કરેલા અશોભનીય ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. તેથી તત્કાલીન સંગઠન પ્રમુખ સંદીપ દેસાઈએ બારડોલી ટાઉન પોલીસ મથક માં અજાણ્યા ઈસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## એથર ઈન્ડસ્ટ્રીઝની આગમાં દાઝેલા કામદારનું મોત : મરણાંક 8 થયો

**સુરત**

સચિન જીઆઈડીસીમાં એથર ઈન્ડસ્ટ્રીઝમાં ગત તા. ૨૮મીએ પ્રચંડ વિસ્ફોટ થતા ભીષણ આગ ફાટી નીકળી હતી. તે સમયે ત્યાં ફરજ બજાવી રહેલા ૧૫૦ થી વધુ પૈકી ૨૭ કામદારો દાઝી જતા અલગ-અલગ હોસ્પિટલોમાં ખસેડાયા હતા. જ્યારે દિવ્યેશ કુમાર પટેલ, સંતોષ વિશ્વકર્મા, સનત કુમાર મિર્શ્રા, ધર્મેન્દ્ર કુમાર, ગણેશ પ્રસાદ, સુનિલ કુમાર અને અભિષેક સિંગ ગુમ થયા હતા. જયારે ગત તા. ૩૦ વહેલી સવારે સર્ચ દરમિયાન એકસાથે આ સાત વ્યકિતના હાડપિંજર મળી આવ્યા હતા. જયારે દાઝી ગયેલા પ્રમોદ મદારીને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જયાં સોમવારે સાંજે પ્રમોદનું મોત થયું હતું.

## વાપીની સરના કેમિકલ કંપનીમાં સોલવન્ટ ડ્રમ ફાટતા બેના મોત

**વાપી**

વાપી જીઆઈડીસી થર્ડ ફેસમાં આવેલ કેમિકલ ઉત્પાદિત કરતી સરના કેમિકલ કંપનીમાં મંગળવારે સવારે ૧૦.૩૦ થી ૧૧:૦૦ના ગાળામાં કંપનીના યુનિટ-૨માં એક ટ્રોલી ઉપર મિક્ષ સોલવન્ટનું ડ્રમ ભરે ત્રણ મજુર આ ટ્રોલી ખેંચી લઈ જઈ રહ્યા હતા. તે વેળા આ ટ્રોલીમાંથી ડ્રમ નીચે પડી જતા ડ્રમ ફાટી ગયુ હતું અને આ અતિ જ્વલનશીલ પ્રવાહી ઢોળાઈ જતાં તેમાંથી ગેસની તીવ્ર વાસ થકી ત્રણેય મજૂર ઈજાગ્રસ્ત થયા હતા. જે બાદ તેમને વાપીની હરિયા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયાં બેને મૃત જાહેર કરાયા હતા. જ્યારે મનેશ્વર મંડલ નામના એક શ્રામજીવીને સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.



# નડિયાદના ઉત્તરસંડા આઈટીઆઈના નિવૃત્ત આચાર્ય, ક્લાર્કની 5.73 કરોડની ઉચાપત

## અનિયમિતતા બદલ પૂરાવા રજૂ કરી બંને નિવૃત્ત કર્મચારી સામે કાર્યવાહી કરાઇ

**નડિયાદ**

નડિયાદ તાલુકાના ઉત્તરસંડા આઈટીઆઈ ખાતે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ગ્રાન્ટોના રૂ.૫,૭૩,૪૪,૧૯૮ની સંસ્થાના આચાર્ય તથા સિનિયર ક્લાર્કે વિશ્વાસઘાત કરી ઉચાપત કરી હોવાની ફરિયાદ વડતાલ પોલીસ મથકે નોંધાવતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

વડોદરા અલકાપુરી ખાતે રહેતા મહેશભાઈ ચંદુલાલ પરમાર છેલ્લા એક વર્ષથી ટ્રેડ ટેસ્ટિંગ ઓફિસર વર્ગ-ર તરીકે નાયબ નિયામક પ્રાદેશિક કચેરી રાવપુરા વડોદરા ખાતે ફરજ બજાવે છે. સંસ્થાનું ઓડિટ તા.૧/૦૪/૨૦૦૯થી ૩૧/૦૩/૨૦૧૬ સુધીનું થયું તે વખતે સંસ્થામાં આચાર્ય વર્ગ-એક તરીકે જીવરામ.એ.ભાગચંદાણી (મૂળ રહે. દહેગામ) તા.૩૧/૫/૨૦૧૫ના રોજ નિવૃત્ત થયેલા છે. તેઓની સાથે સિનિયર ક્લાર્ક વર્ગ-૩ તરીકે ખાદીમ હુસેન મોમીન (રહે. સાથળ તા.ધોળકા) પણ તા.૩૧/૭/૨૦૧૫ના રોજ નિવૃત્ત થયા હતા.

દરમિયાન સંસ્થામાં ઓડિટ દરમિયાન ક્ષતિ જણાતા આચાર્યને પુનઃ ક્ષતિની પૂર્તતા કરવા માટે મોકલવામાં આવ્યું હતું. ઓડિટ રિપોર્ટમાં કુલ ૧૫ મુદ્દાઓમાં ક્ષતિ જણાતા પૂર્તતા રિપોર્ટ વડી કચેરીએ મોકલી આપ્યો હતો. ત્યારબાદ તપાસમાં નાણાકીય ગેરરીતિ બહાર આવતાં મહેશભાઈ પરમારે વડતાલ પોલીસ મથકે આચાર્ય જીવરામ એ.ભાગચંદાણી તથા ક્લાર્ક ખાદીમહુસેન મોમીન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જે અંગે પોલીસે કુલ રૂ.૫,૭૩,૪૪,૧૯૮ની વિશ્વાસઘાત કરી ઉચાપત કરી હોવાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છોટાઉદેપુરમાં લગ્નેત્તર સંબંધને લીધે પોલીસ પતિ દ્વારા પત્નીની ઘાતકી હત્યા

**છોટાઉદેપુર**

છોટાઉદેપુરમાં 'પતિ-પત્ની ઓર વો'નો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટનામાં એક વ્યક્તિની હત્યા કરી દેવામાં આવી છે. પોલીસ પતિ દ્વારા તેની હત્યા કરી લાશ ફેંકી દેવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગયો છે. પ્રેમીકાને પામવા માટે પત્ની કાંટો બનતા પતિએ તેની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર છોટાઉદેપુરના ગોંદરિયા ગામની સીમમાંથી એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. આ મહિલાની ઓળખ માટે ફોટા વાયરલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સામે આવ્યું કે જે મહિલાની લાશ મળી તે પોલીસ સ્ટાફના હેડક્વાર્ટર ખાતે ફરજ બજાવતા વરશનભાઈ ભૂરાભાઈ રાઠવાની પત્ની છે. પત્નીની લાશ મળ્યા બાદ પોલીસ પતિની પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ આ સમગ્ર મામલે પતિની કરતૂતનો ભાંડો ભૂટી ગયો હતો.

પોલીસે જ્યારે વરશનભાઈ રાઠવાની પૂછપરછ કરી ત્યારે ખબર પડી કે મૃતક કેડીબેનના ભાઈ વિરસિંહભાઈ રાઠવા સાથે જ્યારે ટેલીફોનીક વાત થઈ ત્યારે આરોપી પતિએ પત્નીની હત્યા કરવાની કબૂલાત કરી હતી. પોલીસે હાલ તો આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ખેડા સીરપકાંડમાં વધુ એકનું મોત, મૃત્યુઆંક 6 પર પહોંચ્યો

**નડિયાદ**

રાજ્યભરમાં ચકચાર ફેલાવનાર નડિયાદ સીરપકાંડમાં કેસમાં વધુ એક મોત થયું છે. આ સાથે જ આ કાંડમાં મોતનો આંકડો 6 પર પહોંચી ગયો છે. મળતી માહિતી મુજબ 72 વર્ષીય મૃતક આ કેસમાં સંડોવાયેલા એક આરોપીનો પિતા છે. હજુ પણ આ કેસમાં ત્રણ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 72 વર્ષીય સાકર સોઢાનું મોત થયું હતું, જે છેલ્લા સાત દિવસથી વેન્ટિલેટર હતા. જે કરિયાણાની દુકાનમાંથી સિરપ મળી આવી હતી તેનો માલિક નારણ સોઢા હાલ આરોપી છે. નડિયાદમાં સિરપ કાંડમાં વધુ એક વ્યક્તિની તબિયત લથડી હોવાના પણ અહેવાલ છે. સિરપ કાંડનો ભોગ બનનાર ત્રણ દર્દીઓ અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં સારવાર લઇ રહ્યાં છે. અગાઉ પાંચ મૃતક પૈકી ચારનું પોસ્ટ મોર્ટમ થયા વગર જ અંતિમસંસ્કાર થઈ ગયા હતા મુખ્ય આરોપી યોગેશ સિંધીએ વડોદરાથી સિરપ ખરીદ્યું હતું. વડોદરામાં જે વ્યક્તિ પાસેથી સિરપ ખરીદ્યું હતું તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. ખેડામાં કરિયાણાની દુકાન પાસેથી મળેલી સિરપની ખાલી બોટલોના સેમ્પલ FSLમા મોકલવામાં આવ્યા છે.

# MS યુનિ.ના વીસી તરીકે પ્રો.શ્રીવાસ્તવની નિમણૂંક સામે પિટિશન, સરકારને નોટિસ

**વડોદરા**

એમ.એસ.યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે પ્રો.શ્રીવાસ્તવની નિમણૂંકને આખરે યુનિવર્સિટીની જ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી ફેકલ્ટીના અધ્યાપક પ્રો.સતિષ પાઠકે હાઈકોર્ટમાં પડકારી છે.

પ્રો.પાઠકે દાખલ કરેલી પિટિશન બાદ હાઈકોર્ટે રાજ્ય સરકાર, શિક્ષણ વિભાગ તેમજ યુજીસીને નોટિસ આપીને આ મામલાની વધુ સુનાવણી તા.29 જાન્યુઆરીએ રાખવાનો હુકમ કર્યા બાદ યુનિવર્સિટીમાં ખળભળાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો પ્રમાણે પિટિશનમા પ્રો.પાઠકે આક્ષેપ કર્યો છે કે, પ્રો. વિજય શ્રીવાસ્તવની વાઈસ ચાન્સેલર તરીકે નિમણૂંકમાં નિયમોનુ પાલન કરવામાં આવ્યુ નથી. વાઈસ ચાન્સેલર તરીકે નિમણૂંક માટે પ્રો. શ્રીવાસ્તવ લાયકાત ધાવતા નથી. કારણકે યુજીસીના નિયમ પ્રમાણે વાઈસ ચાન્સેલર બનવા માટે પ્રોફેસર તરીકે ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ જરૂરી હોય છે. જ્યારે પ્રો.શ્રીવાસ્તવ પાસે પ્રોફેસર તરીકે આટલો અનુભવ નથી.

સાથે સાથે પિટિશનમાં કહેવામાં આવ્યુ છે કે, વાઈસ ચાન્સેલરની નિમણૂંક કરવા માટે જે સર્ચ કમિટિ બનાવવામાં આવી હતી તે પણ યુજીસીના નિયમો સાથે સુસંગત નથી.

પ્રો.સતિષ પાઠક છેલ્લા કેટલાક સમયથી પ્રો.શ્રીવાસ્તની નિમણૂંક સામે અવાજ ઉઠાવી રહ્યા છે. તેઓ આ મામલે વડાપ્રધાન ઓફિસ, મુખ્યમંત્રી ઓફિસ, શિક્ષણ મંત્રી સુધી રજૂઆત કરી ચુકયા છે. જોકે તેમને આ તમામ જગ્યાએથી જવાબ સુધ્ધા નહીં મળતા આખરે તેઓ હાઈકોર્ટની શરણે ગયા છે.

# વડોદરામાં દુબઇના વિઝા અપાવવાના બહાને ઠગે ૧૫.૮૪ લાખ પડાવી લીધા

## રૂપિયા પરત આપવા અંગે કરાર કર્યો હોવા છતાંય પૈસા ના આપ્યા

**વડોદરા**

માંજલપુરમાં નિર્માણ પાર્ક સોસાયટીમાં રહેતા જયંતભાઈ જોશી નિવૃત્ત જીવન ગુજારે છે. તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,મારો મોટો દીકરો યોગેશ જોશી ગોરવા બી.આઇ.ડી.સી.માં નોકરી કરતો હતો. તે સમયે તેની સાથે નોકરી કરતા નીલકુમાર ઘનશ્યામભાઈ પ્રજાપતિ ( રહે. હાર્દિક સોસાયટી, નડિયાદ, હાલ રહે. ગોકુલ નગર સોસાયટી, સંગમ ચાર રસ્તા પાસે, કારેલીબાગ) સાથે ઓળખાણ થઇ હતી. તેણે મારા દીકરાને કહ્યું હતું કે, હું નોકરીની સાથે વર્ક વિઝા અને સ્ટુડન્ટ વિઝાનું કામ કરૃં છું. મારી પાસે તેનું લાયસન્સ પણ છે. મારા દીકરાને દુબઇ જવાની ઇચ્છા હોવાથી મારી મુલાકાત નીલ સાથે કરાવી હતી. નીલે જણાવ્યું હતું કે, યોગેશને દુબઇ મોકલવાનો તથા ત્યાં રહેવા જમવા અને નોકરી અપાવવાની તમામ કામગીરી હું કરી આપીશ. તેનો કુલ ખર્ચ ૨૨.૫૦ લાખ થશે. અગાઉ પણ ઘણા લોકોને મોકલ્યા છે. નીલે તેની સ્થાવર મિલકત બતાવતા અમને તેના પર વિશ્વાસ આવ્યો હતો. અને નીલ પ્રજાપતિને ૧૫.૮૪ લાખ ચૂકવી આપ્યા હતા.

અમે અવાર - નવાર નીલ પ્રજાપતિને વિઝા અંગે પૂછતા તે સંતોષકારક જવાબ આપતો નહતો. અમે તેની પાસે દુબઈ મોકલવાની પ્રોસેસના કાગળો માંગતા તેણે કોઇ પુરાવા આપ્યા નહતા.

# અંબાજીને રેલવેથી જોડવાનું સપનું પૂર્ણ થશેઃ 100 રૂમનું પેસેન્જર નિવાસ બનશે

## પશ્ચિમ રેલ્વે વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અંબાજી પહોંચ્યા

**અંબાજી**

યાત્રાધામ અંબાજીને રેલ્વેથી જોડવાનું સપનું હવે પૂર્ણ થવાના આરે છે અને આ રેલ્વે પ્રોજેક્ટનું કામ વહેલી તકે શરૂ થાય તે માટે ઉત્તર પશ્ચિમ રેલ્વે વિભાગના વરિષ્ઠ અધિકારીઓ આજે અંબાજી પહોચ્યા હતા એટલું જ નહીં, જે સ્થળે સ્ટેશન બનાવવામાં આવનાર છે તેનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું છે. નિરીક્ષણ પણ હાથ ધરવામાં આવ્યું હતું, અંબાજી પ્રોજેક્ટના સ્થળે કોન્ટ્રાક્ટર સાથે બેઠક યોજવામાં આવી હતી. .

GIDC વિસ્તારમાં અત્યાધુનિક અને આધુનિક પેસેન્જર આવાસ અને રેલવે સ્ટેશન બનાવવામાં આવશે. આજે, ઉત્તર પશ્ચિમ રેલવેના મુખ્ય વહીવટી અધિકારી (CAO/C) વેદ પ્રકાશ અને તેમની ટીમ અંબાજી અને અંબાજી રેલવે પ્રોજેક્ટ એન્જિનિયર અને વિષ્ણુ પ્રકાશ પુંગલિયા લિમિટેડના કોન્ટ્રાક્ટર કમલ કિશોર પુંગલિયાએ પ્રોજેક્ટ સાઈટનું નિરીક્ષણ કર્યું હતું અને સાથે મળીને એક બેઠક યોજી હતી અને આને ઝડપી બનાવવા માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ, તેને શક્ય તેટલી વહેલી તકે શરૂ કરવાનો અને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અંબાજી રેલ્વે સ્ટેશન પર આધુનિક અત્યાધુનિક સુવિધાઓ સાથેનું 100 રૂમનું પેસેન્જર નિવાસ પણ બનાવવામાં આવશે.

# વડોદરામાં હાર્ટ એટેકથી પિતાનું મોત થતાં દીકરાના લગ્નની ખુશી શોકમાં પલટાઈ

**વડોદરા**

વડોદરા શહેરના નવા યાર્ડ લાલપુરા વિસ્તારમાં રહેતા મગનભાઈ સોલંકીના પુત્ર નિખિલભાઈ સોલંકીનું લગ્ન બે દિવસ બાદ થવાનું હતું તે પૂર્વે આજે સવારે અચાનક તેમના પિતા મગનભાઈ સોલંકીને છાતીમાં ગભરામણ થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જતા જ રસ્તામાં તેઓનું મોત નિપજ્યું હતું. કોંગ્રેસના મહિલા કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, નવા યાર્ડ વિસ્તારના લાલપુરાના રહેવાસી મગનભાઈ સોલંકી છેલ્લા કેટલાક દિવસથી લગ્નની પૂર્વ તૈયારી કરી રહ્યા હતા સફાઈની કામગીરી હોય કે અન્ય કામગીરી માટે અમારો સંપર્ક કરતા હતા.

# નડિયાદમાં ઉછીના લીધેલા પૈસા પાછા ન આપતા ઉઘરાણી શરૂ થતાં ડોક્ટરે આપઘાત કર્યો, 7 લોકો વિરુદ્ધ ફરિયાદ

**નડિયાદ**

કંજોડા સીમ ગોજીપુરામાં રહેતા હેમાંગીબેન કૈલેશભાઈ બારૈયાએ તા.૪ ઓક્ટોબર ૧૯૯૭ રોજ કૈલેશકુમાર ભાનુભાઈ બારૈયા સાથે કોર્ટ મેરેજથી લગ્ન કર્યા હતા. કૈલેશકુમાર સાઈડ ઈન્કમ કરવા માટે વિદેશ જવા ઈચ્છુક માણસોને એજન્ટો થુર લંડન જવા માટે કોન્ટેક્ટ કરી આપતા હતા. તબીબને અમદાવાદ નવા વાડજમાં રહેતા વિજય ભગવાનદાસ પટેલ સાથે સારો પરિચય હતો. જેથી વિજયભાઈએ તબીબ પાસેથી થોડા-થોડા થઈ રૂ.૮૦ લાખ લીધા હતા. જે રૂપિયા વિજયભાઈને પરત આપ્યા નહીં અને જેના કારણે તેઓ ટેન્શનમાં રહેતા હતા. દરમિયાન તબીબે છ ક્લાઈન્ટો પાસેથી લંડન મોકલવાના રૂ.૫૭ લાખ વડોદરાના ભૂમિકાબેન મિલન જોશી ઉર્ફે પુરોહિતને આપ્યા હતા. જ્યારે અન્ય ત્રણ ક્લાઈન્ટો પાસેથી લંડન મોકલવાના રૂ.૫૩ લાખ વડોદરાના કેયુર રાણાને આપ્યા હતા. આ બન્ને એજન્ટોએ ગ્રાહકોને લંડન નહીં મોકલી તેમજ તબીબ પાસેથી લીધેલ નાણાં પરત આપ્યા ન હતા. જેના કારણે ગ્રાહકો તબીબ પાસે ઉઘરાણી કરતા હતા.

ઉમરેઠના ચિરાગ પટેલે તબીબને રૂ.૨૧ લાખ આપેલા તબીબે રૂ.૩૧ લાખ ચૂકવ્યા પરંતુ ચિરાગ તબીબ પાસેથી વધુ રૂ.૯૦ લાખ પડાવવા ધમકી આપી ટેન્શન આપતો હતો. અમદાવાદ નવા વાડજના વિજય પટેલ તબીબ પાસેથી રૂ.૧૮ લાખ લીધેલા જે પરત નહીં આપી તબીબને ટેન્શન આપતા હતા. જેથી તબીબે તા.૨૧ નવેમ્બરના રોજ ઝેરી દવા પી આપઘાત કરતાં આ અંગે ભૂમિકાબેન પુરોહિત, કેયુર રાણા (બન્ને રહે. વડોદરા), ચિરાગ પટેલ (ઉમરેઠ), વિજય પટેલ (અમદાવાદ), લિયો રિચાર્ડ બદુલ્યાન (હિંમતનગર), ભાર્ગવ પંચાલ (અમદાવાદ) તથા ભરત પટેલ (અમદાવાદ) વિરુદ્ધ ફરિયાદ થઈ હતી.

# મહેસાણામાં કુટુંબ નિયોજનનું કૌભાંડ ૧૦ મહિલા હેલ્થ વર્કરને નોટિસ અપાઈ



**મહેસાણા**

મહેસાણા જિલ્લામાં કુટુંબ નિયોજન યોજનામાં કૌભાંડ બહાર આવ્યું છે. મહેસાણામાં ૩૦૦ જેટલા કુટુંબ નિયોજન ઓપરેશનનું કૌભાંડ બહુચર્ચિત બન્યું છે. લાખવડી ભાગોળ અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરનું કૌભાંડ પકડાયું છે. જેમાં ૧૦ જેટલી મહિલા હેલ્થ વર્કરને નોટિસ ફટકારવામાં આવી છે. હેલ્થ વર્કર્સે કુટુંબ નિયોજનના ઓપરેશનના ૩૦૦ આંકડા આપ્યા હતા. જોકે, ડેટામાં કોઈનું નામ સામેલ નથી.

મહેસાણા જિલ્લામાં ૩૦૦ જેટલા કુટુંબ નિયોજનના ઓપરેશન થયા પણ કોના થયા ખબર નથી! કોનું ઓપરેશન થયું એની વિગતો નહિ પણ આંકડા આપી દેવાયા છે. મહેસાણામાં કુટુંબ નિયોજન ઓપરેશનમાં મોટું કૌભાંડ બહાર આવ્યું છે. લાખવડી ભાગોળ અર્બન હેલ્થ સેન્ટર અને નાગલપુર અર્બન હેલ્થ સેન્ટરમાં મોટાપાયે ચાલતું આ કૌભાંડ પકડાયું છે, જેમાં કૌભાડમાં ૧૦ જેટલી મહિલા હેલ્થ વર્કર બહેનો ને કારણદર્શક નોટિસ અપાઈ છે. કુટુંબ નિયોજન ઓપરેશનના ખોટા આંકડા આપવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. ૩૦૦ આંકડા આપ્યા પણ કોનું ઓપરેશન થયું એના નામ નથી. કોના ઓપરેશન થયા એના નામ નહિ મળતાં આરોગ્ય વિભાગે તપાસ શરૂ કરી છે. માત્ર ટાર્ગેટ પૂરો કર્યો હોવાના આંકડા દર્શાવવા આંકડા આપી દેવાયા તે સવાલ ઊઠ્યો છે.

# વડનગરમાં એરપોર્ટના નિર્માણ માટે 3 જગ્યાએ ઓથોરિટી સરવે કરશે

**મહેસાણા**

પીએમ નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં એરપોર્ટ બની શકે છે. સાંભળીને ચોંક્યાને... પરંતુ આ હકીકત બની શકે છે. વડનગરમાં એરપોર્ટ બનાવવા 3 જગ્યાએ ટીમ સર્વે કરશે. 6 ડિસેમ્બરે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ટીમ પીએમ નરેન્દ્ર મોદીના વતન વડનગર આવશે. એરપોર્ટ પ્રી-ફિઝીબીલીટી સ્ટડીની કામગીરી માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ટીમ આવશે. DILR મહેસાણા, વડનગર અને વિસનગર મામલતદારને પણ આ વિશે જાણ કરાઈ છે. અધિકારીઓને સૂચિત જગ્યાના 7/12, ગામનો નકશો અને સર્વેના સાધનો સાથે હાજર રહેવા સૂચના અપાઈ છે. વડનગર, ગુંજા અને ચાંદપુરમાં એરપોર્ટ માટે ત્રણ ગામોના 159 સર્વે નંબરોની જમીનનો સમાવેશ થાય છે. નાગરિક ઉડ્ડયન કચેરી દ્વારા મહેસાણા જિલ્લાના અધિકારીઓને આ વિશે સૂચના અપાઈ છે. નિવાસી અધિક કલેક્ટર દ્વારા સ્થાનિક અધિકારીઓને પણ જરૂરી સૂચના અપાઈ છે.

# ગાંધીનગર સેક્ટર-24માં દડો રમવા મામલે બે પરિવારો વચ્ચે મોટું ધિંગાણું

**ગાંધીનગર**

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪માં આવેલા ઈન્દિરાનગરમાં દડો રમવા બાબતે બે પરિવારો વચ્ચે ધિંગાણું સર્જાયું હતું અને મામલો બિચકતા સામસામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેમાં ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી ઘાયલોને સારવાર માટે સિવિલ ખસેડવામાં આવ્યા હતા.તો આ મામલે સેક્ટર-૨૧ પોલીસે સામસામે ફરિયાદ નોંધી કુલ ૧૧ વ્યક્તિો સામે ગુનો દાખલ કર્યો છે.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે, ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ઈન્દિરાનગરમાં રહેતા સંજયભાઈ નરજસિંહભાઈ વાળાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેમનો દિકરો અને બીજા છોકરાઓ દડો-બેટ રમતા હતા તે વખતે વસાહતમાં રહેતા જયેશભાઈ વાલજીભાઈ મકવાણા અને તેમના ઘરના સભ્યોએ તેમની પત્નીને માર માર્યો હોવાની ફોન ઉપર જાણ કરવામાં આવી હતી જેથી તેઓ ઘરે પહોંચ્યા હતા અને જયેશભાઈને કહેતા તેમને કહ્યું હતું કે, તમારા દિકરાને



દડો રમવાની ના પાડી છે તેમ છતા અહીં રમે છે ત્યાર બાદ તે અને તેમના પરિવારના સભ્યોએ ફરીથી હુમલો કરી દેતા સંયજભાઈ અને તેમની પત્નીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. મેહુલભાઈ વાલજીભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ તેમના ઘરે બેઠાં હતા તે વખતે સંજયભાઈ નરસિંહભાઈ વાળા અને તેમનો દિકરો તથા અન્ય વ્યક્તિઓ તેમના ઘરે પહોંચ્યા હતા અને મારામારી કરી હતી જેમાં ઘરના ત્રણ સભ્યોને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. સામસામે થયેલી આ ફરિયાદોમાં પોલીસે ૧૧ વ્યક્તિઓ સામે મારામારી તથા પથ્થરમારા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરીને તપાસ શરૃ કરી છે.










સ્વદેશ CANADA

Email : info@swadesh.news

WWW.SWADESH.NEWS

Shree Balaji Inc.

23 Lyric Road, Brampton ON L6S 0B4

Editor : Manoj Gandhi

Director & Publisher : Rameshbhai Vyas

Director Marketing : Pareshkumar Champakbhai Peshwa

Director : Nilesh Tailor

Montreal Bureau : Vijay Patel (514-826-7442)

GUJARAT OFFICE MAC AGENCIES

Ghod Dod Road, Surat - 395 001, GUJARAT (INDIA)

# ઘોઘામાં મિલ્કતનાં વિવાદમાં ભત્રીજાની હત્યા કરનાર કાકાને આજીવન કારાવાસની સજા

ભાવનગર

બે વર્ષ પૂર્વે ઘોઘા ખાતે મિલકતને લઈને કાકા ભત્રીજા વચ્ચે બોલા ચાલી થઈ હતી બોલા ચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા કાકાએ ભત્રીજા પર ધારિયા વડે હુમલો કરતા ભત્રીજાનું મોત નિપજ્યું હતું. આ કેસ ભાવનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ચાલી જતા કાકાને કસુરવાર ઠેરવી આજીવન કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, ઘોઘા ગામે આવેલ મફતનગર વિસ્તારમાં રહેતા માર્શલ દિપકભાઈ પટેલ (ઉ.વ ૩૭ ), પત્ની, એક પુત્ર તથા ૩ માસની પૂત્રી સાથે રહી અને ઘરેજ પશુ પાલનનો તબેલો ચલાવી ગુજરાન ચલાવતો હતો.યુવાનનાં ઘર પાસેજ રહેતા કાકા સુભાષ પટેલ સાથે મિલ્કત મામલે લાંબા સમયથી નાના-મોટા ઝઘડા ચાલી રહ્યો હતો. તે દરમ્યાન ગત તા.૨૯-૯-૨૦૨૧ના બપોરે માર્શલના ઘર પાસે બંને વચ્ચે બોલાચાલી થયા બાદ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ઉશ્કેરાયેલા સુભાષે તેની પાસે રહેલ ધારીયાનો એક ઘા માર્શલના માથામાં ઝીંકી દીધો હતી માર્શલ ગંભીર ઈજા સાથે સ્થળ પરજ ઢળી પડયો હતો તેમના પત્ની સ્નેહલતાબેન વચ્ચે પડતા તેને પણ હાથ પર ધારીયા વડે ઈજા પહોંચાડી હતી. દરમ્યાન સુભાષ ઘટના સ્થળેથી નાસી છુટયો હતો જ્યારે ઈજાગ્રસ્ત યુવાન માર્શલને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવે એ પૂર્વે સ્થળપર જ મોત નિપજ્યું હતું અને બનાવ હત્યામાં પરિણમ્યો હતો.આ બનાવની જાણ ઘોઘા પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પીએમ માટે ઘોઘા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે મૃતક માર્શલના પત્ની સ્નેહલતાબેને ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૦૨, ૩૨૪, ૧૩૫ મુજબ ગુનો નોંધી સુભાષ પટેલને ઝડપી લીધો હતો.

# ગોંડલના 3 બાળકો આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાયેલી સ્પર્ધામાં ઝળક્યાં

ગોંડલ

મલેશિયા ખાતે વિશ્વના ૩૦થી વધુ દેશોના 2500થી વધુ બાળકો એ યુસીમાસની મેન્ટલ એરિથમેટિક સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં 11 વર્ષનો કાકડિયા દ્દયયંગ દિલીપભાઈ એ D2 કેટેગરીમાં સેકન્ડ રેન્ક અને નિર્મળ ક્રિશા દર્શકભાઈ તથા વિદ્યાક્ષી વિમલભાઈ રૈયાણી એ A2 કેટેગરી માં 3rd રેન્ક મેળવેલ હતો.

યુસીમાસની મેન્ટલ એરિથમેટિક સ્પર્ધામાં કોઈ પણ જાતના ઈલેક્ટ્રિક સાધન કે કેલ્ક્યુલેટર કે કોમ્પ્યુટરની મદદ વિના સંપૂર્ણપણે પોતાના જ મગજનો ઉપયોગ કરી, ૮ મિનિટમાં ૨૦૦ દાખલા કરવાના હતા અને ગોંડલના ધોરણ ૬માં અભ્યાસ કરતો આ બાળક પલક ઝપકાવતા ગણિતના કોઈ પણ દાખલાને ઉકેલે છે. માત્ર 2 મિનિટમાં કોઈ પણ 100 ગુણાકાર કરવા એ તેના માટે રમતવાત છે. આ સાથે જ એકદમ ધીર અને ગંભીર એવી ક્રિશા એ પણ આ પહેલા નાની ઉંમરે નેશનલ લેવલની મેન્ટલ એરિથમેટિક સ્પર્ધામાં ભાગ લીધેલ અને આ વખતે ઈન્ટરનેશનલ લેવલ પર મલેશિયા ખાતે તૃતીય રેન્ક મેળવેલ છે. જ્યારે વિદ્યાક્ષી એ તો પ્રથમ વખત જ આવી કોઈ સ્પર્ધામાં ભાગ લઈને તૃતીય રેન્ક મેળવેલ છે.

# તળાજામાં બેટથી ફટકા ઝીંકી પુત્રએ સગી માતાની હત્યા કરી

## માથા-પીઠના ભાગે ઈજા થતાં મહિલા ફસડાઈ પડી

તળાજા

તળાજા તાલુકાના કુંઢડા ગામના મૂળવતની અને હાલ તળાજા જૂની પોલીસ લાઈન તળાજી નદીના કાંઠે રહેતા નિતેશભાઈ મૂળશંકરભાઈ પંડયાએ તળાજા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, મંગળવારે બપોરના સમયે માતા રેખાબેન મૂળશંકરભાઈ પંડયા ઘરે હતા તે દરમિયાન મોટો પુત્ર મિતેશ મૂળશંકરભાઈ પંડયા (ઉ.વ ૨૯) ઘરે જમવા માટે આવ્યો હતો જમવા માટે માતા રેખાબેન સાથે બોલાચાલી થઈ ગઈ હતી. હા બોલા ચાલી અચાનક ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ઉશ્કેરાયેલા પુત્ર મિતેશ ક્રિકેટ રમવાના બેટ વડે માતા રેખાબેન ને માથા અને પીઠના ભાગે ઘા ઝીંકી દીધા હતા. દરમિયાનમાં માતા રેખાબેન લોહી લુહાણ હાલત નીચે પટકાયા હતા અને મોટા પુત્ર મિતેશ એ નાના ભાઈ નિતેશને ફોન કરીને કહ્યું હતું કે માતા પડી ગયા છે તું ઘરે આવ તેમ કહેતા નિતેશભાઈ ઘરે પહોંચ્યા હતા અને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં લાવ્યા હતા જ્યાં ફરજ ઉપરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

# મુંદ્રા બંદરે ખાંડ-ચોખા ભરવા આવી રહેલું સલાયાનું ત્રીજું વહાણ દરિયામાં ભસ્મીભૂત

રાજકોટ

તાજેતરમાં મુંદ્રાથી 700 ટન ચોખા અને સેનેટરીવેર ભરીને યમન તરફ જવા નીકળેલા સલાયાનું વહાણે ખરાબ વાતાવરણનાં કારણે હાલકડોલક થઈને જળ સમાધિ લીધાની ઘટના બાદ ફરી અકસ્માતનો બનાવ બન્યો છે.જેમાં ઓમાનના ખસબ બંદરે કુવૈત પ્રદેશ માટે સુગર અને ચોખા લોડ કરવા માટ મુંદરા જવા નીકળેલા વહાણમા અચાનક આગ ફાટી નીકળતા ટોટલ લોસ થઈ ગયું હતું. જો કે તમામ ખલાસીઓનો બચાવ થઈ ગયો છે. છેલ્લા બે ત્રણ દિવસમાં સલાયાના ત્રણ ત્રણ વહાણનો નાશ થઈ જતાં વેસલ માલિકોમાં ચિંતા



પ્રસરી છે.

સલાયાના વહાણવટા આગેવાન આદમભાઈ ભાયાના જણાવ્યા મુજબ સલાયાના 350 જેટલા અને કચ્છના લાકડાના અનેક વહાણો દરિયાપાર ટ્રાન્સપોર્ટેશનમાં કાર્યરત છે. બુધવારે રાતે 1300 ટન કેપેસિટીનુ એમએસવી અલ મદદ નામના સલાયાનું ખાલી વહાણ ઓમાનના ખસબ બંદરે લાંગરેલું હતુઅને ખસબ બંદરેથી કચ્છના મુંદરા બંદરે સુગર અને ચોખાનો જથ્થો ભરી કુવૈત લઈ જવા માટે નીકળેલુ વહાણ વિદાય લે એ પહેલા વહાણમાં આગ લાગતા ડિઝલના જથ્થામાં આગ બળી ગયું હતું. ટંડેલ અને ખલાસીઓનો બચાવ થયો હતો. આ આગના કારણે વહાણમાલિકને મોટી નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. અગાઉ મુંદરાથી ચોખાનો જથ્થો જઈ રહ્યો હતો એ વખતે સલાયાના અલ ગરીબે નવાઝ વહાણમાં આગ લાગતા તારાજ થઈ જતાં વહાણ માલિક આમદ હાજી સંઘારને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતુ.

# જૂની પીપળીના યુવાનની હત્યાના કેસમાં આરોપીને સખત આજીવન કેદની સજા

મોરબી

મોરબીના જૂની પીપળી ગામના રહેવાસી યુવાનની એક ઇસમે પૈસાની લેતીદેતી મામલે હત્યા હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો. જે કેસ મોરબીની કોર્ટમાં ચાલી જતા કોર્ટે આજે આરોપીને કસુરવાન ઠેરવી આજીવન સખ્ત કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

જૂની પીપળી ગામના રહેવાસી પ્રેમજીભાઈ શીવાભાઈ જેઠલોજાએ ફરિયાદ નોંધાવી હતી કે ગત તા. ૧૫-૦૪-૨૦૧૭ ના રોજ સવારના સાડા આઠથી સાંજના સવા સાતેક વાગ્યાના અરસામાં આરોપી જયેશ શામજીભાઈ કાસુન્દ્રાએ ફરિયાદીના દીકરા ચંદ્રકાંત પ્રેમજીભાઈ જેઠલોજાને પૈસાના હિસાબની લેતીદેતી મામલે મોરબીની મહેન્દ્રનગર ચોકડીથી કારમાં બેસાડી આમરણ ક્રિશ્ના જીનીંગ ખાતે લઈ ગયો હતો. જ્યાં હાથ બનાવટની પિસ્તોલથી ફાયરીંગ કરી બે ગોળીઓ મારી હત્યા કરી હતી. અને મૃતદેહ પોતાની કારની ડેકીમાં નાખી મોરબી રાજકોટ બાયપાસ રોડ પર મચ્છુ નદીમાં નવી બનતી સ્કૂલ પાસે અવાવરૂ જગ્યાએ પાણીમાં નાખી દઈ પુરાવાનો નાશ કરી મૃતકની ગાડી મહેન્દ્રનગર ચોકડી પાસે બિનવારસી હાલતમાં મૂકી પોતાની ઈન્ડીગો કાર લઈને ફરાર થયો હતો. અને મૃતકના પિતાને મોબાઈલમાં ફોન કરી તમારો દીકરો જોઈતો હોય તો રૂ ૩ કરોડ આપો તેવી ધમકી આપી ખંડણી માંગી હતી. અને સહ આરોપી વિકાસ ઉર્ફે પ્રકાશ ઉર્ફે વીકી મુન્નાભાઈ સોની રહે (એમપી)એ પિસ્તોલ આરોપી જયેશને વેચાણ આપી હોવાની ફરિયાદ નોંધાવી હતી.

# સસરા સહિત 7 શખ્સો દ્વારા જમાઈનું અપહરણ, પોલીસે પીછો કરતાં છૂટકારો

પોરબંદર

પોરબંદરના છાંયા વિસ્તારમાં રહેતા મૂળ ધાંગધ્રાના યુવાને પ્રેમલગ્ન કર્યા હોવાથી તેનું અપહરણ કરી જવામાં આવ્યું હતું, પરંતુ પોલીસે પીછો કરતાં તેને છોડી દેવામાં આવ્યો હતો. મૂળ ધાંગધ્રામાં આસિફની શેરીમાં અનવર જુમા જામની દીકરી સાવલ સાથે આસીફને છેલ્લા એક વર્ષથી પ્રેમ સબંધ હતો તેમ છતાં સાવલની મરજી વિરુદ્ધ માળીયા ગામે સાવલની સગાઈ કરી નાખવામાં આવી હતી. સાવલને ત્યાં જવું નહી હોવાથી અને આસીફ સાથે જ લગ્ન કરવા હોવાથી તા.૨૭/૧૧ના આસિફ અને સાવલ ત્યાંથી ભાગીને છાંયામાં રહેતી પોતાની માતા આમેદામાંને ત્યાં આવી ગયા હતા. તા.૨૮/૧૧ના આસિફ અને સાવલે પોરબંદરની કોર્ટમાં લગ્ન કરી લીધા હતા. સોમવારે મિત્ર ભરતભાઈ કડછાના ઘરે આસિફ અને સાવલને જમવા જવાનું હતું તેથી ભરતભાઈ પોતાના બાઈકમાં આસીફને લઈને જતા હતા એ દરમિયાન સાવલના કૌટુંબિક ભાઈઓ પહોચ્યા હતા. અને બન્નેને ઢીકાપાટુ મારવા લાગ્યા હતા. જે બાદ બળજબરીપૂર્વક આસીફને લઈ ગયા હતા.

# અમરેલીમાં મંત્રી પુરુષોત્તમ રૂપાલાનો નકલી PA ઝડપાતા ખળભળાટ

અમરેલી

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ ઉપર માનવ મંદિર મનોરોગી આશ્રમ ના એક ટ્રસ્ટી કે જે પ્રસિદ્ધ લોકસાહિત્યકાર છે એવા મનસુખભાઈ વસોયાને એક અજાણ્યા નંબરમાંથી કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાનો પીએ બોલું છું તેમ કહી ધમકી આપતો ફોન આવ્યો હતો. પીએ દ્વારા બીજીવાર 11 લાખની ગ્રાન્ટ કેન્સલ કરાવી હોવાનો મેસેજ અપાયો હતો. જે બાદ તેમણે ફોનની ક્લિપ પુરુષોત્તમ રૂપાલાના મદદ કાર્યાલયએ મંત્રી હિરેનભાઈ વાળાને મોકલી અને પોતાની હકીકત જણાવી હતી. જે બાદ ફરિયાદને આધારે આરોપી ભાવેશ ગોયાણી, (રહેવાસી ગારીયાધાર)ને ઝડપી પાડ્યો હતો.

# રાજકોટના 100થી વધુ મંદિરોમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશ પર પ્રતિબંધઃ પોસ્ટરો લગાવાયા

રાજકોટ

રાજકોટના 100 મંદિરોમાં સનાતન ધર્મ રક્ષક સમિતિના આગેવાનોએ પોસ્ટર લગાવ્યા છે. કે મંદિરની ગરિમા જળવાઈ રહે તે માટે ટૂંકા, ફાટેલા કપડાં પહેરી પ્રવેશ કરવો નહીં. પોસ્ટરમાં એમ પણ લખ્યું છે કે, કોઈ પણ સ્ત્રી કે પુરુષોએ કેપ્રી, બરમુડા, સ્લીવલેસ કપડાં, ફાટેલા જીન્સ, મિનિ સ્કર્ટ પહેરી મંદિરમાં પ્રવેશ કરવો નહીં. તેમજ મંદિરના પૂજારીઓને સૂચન કરવામાં આવ્યા કે કોઈપણ વ્યક્તિ કે જેમણે ટૂંકા અથવા ફાટેલા કપડાં પહેર્યા હોય તો પ્રવેશ આપવો નહીં. રાજકોટના વિવિધ હિન્દુ સંગઠનોએ એકત્ર થઈ આ નિર્ણય લીધો છે. રાજકોટના પ્રખ્યાત પંચનાથ મંદિર સહિતના અનેક મંદિરોમાંય પોસ્ટર લગાવવામાં આવ્યા છે. રાજકોટના 100 જેટલા મંદિરોમાં આ પોસ્ટર લગાવવામાં આવશે જેની કામગીરી હિન્દુ સંગઠનોએ શરૂ કરી દીધી છે. છેલ્લા કેટલાક સમયથી અનેક મોટા મંદિરોમાં ટૂંકા અને ફાટેલા વસ્ત્રો પહેરી મંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર સહિત દેશના અનેક મોટા તીર્થ સ્થળોએ પણ કડક નિયમ મુકવામાં આવ્યો છે.

# અંગદાનન જાગૃતિ માટે વરરાજાએ બે ઘોડા ઉપર પગ રાખીને એન્ટ્રી કરી

બગસરા

મોટા મુંજિયાસરમાં યોજાયેલા એક લગ્નમાં પણ વરરાજાએ બે ઘોડા પર એક એક પગ રાખીને અલગ જ અંદાજમાં એન્ટ્રી મારી હતી, પણ ચારેબાજુ ચર્ચા હતી એ એન્ટ્રી સાથે વરરાજાના હાથમાં રહેલા મેસેજની. હાર્ટ શેઈપના એ પ્લે કાર્ડમાં અંગદાન જાગૃતિનો સંદેશો હતો. વરરાજા બે ઘોડા પર એક એક પગ રાખીને નીકળ્યા હતા અને હાથમાં દિલ શેઈપમાં એક પ્લે કાર્ડ હતું જેમાં સાત ફેરાના સાત સંકલ્પ પહેલા એક સંકલ્પ લીધો હતોઃ 'હા, હું ઓર્ગન ડોનર છું.' જાનૈયાઓને હાથમાં પણ આવા જ પ્લે કાર્ડ હતા, તો વેવાઈ પક્ષ કેમ પાછળ રહે! એમણે પણ પ્લે કાર્ડ સાથે રાખીને જાનનું સ્વાગત કર્યું હતું.



## અદિતિ ગોવારીકર મિસિસ વર્લ્ડની નિર્ણાયક તરીકે આમંત્રિત

મુંબઇ : ઈઝરાયેલ-હમાસ યુદ્ધના અહેવાલોથી કંટાળીને કલ્કિ કોચલીને પોતાના મોબાઈલમાંથી એક્સ પ્લેટફોર્મની એપ જ ડિલીટ કરી નાખી છે. કલ્કિએ પોતે આ આપે ડિલીટ કરી રહી હોવાનો સ્ક્રીન શોટ પણ શેર કર્યો હતો. તેણે લખ્યું હતું કે બાળકો પર અત્યાચાર, મહિલાઓ પર બળાત્કાર તથા અન્ય હિંસા તથા બીજા સમાચારોની કેટલીય પોસ્ટ આવી રહી છે. આ બધી માહિતી હવે મારાથી સહન થતી નથી. ખાસ કરીને બાળકોના સંહારને પણ વાજબી ઠેરવવા પ્રયાસો થાય છે, તેના માટે અફસોસ વ્યક્ત નહીં કરવાને પણ વાજબી ઠેરવાય છે તે વધારે પડતું છે.



## રશ્મિકા, આલિયા બાદ પ્રિયંકા બની ડીપફેકનો શિકાર

મુંબઈ: તમામ અભિનેત્રીઓ બાદ હવે ગ્લોબ સ્ટાર પ્રિયંકા ચોપરા પણ ડીપફેક વીડિયોની શિકાર થઈ ગઈ છે. છેલ્લા તમામ વીડિયોમાં ફેમસ અભિનેત્રીઓના ચહેરાઓને અશ્લીલ કન્ટેન્ટ પર લગાવવામાં આવ્યા હતા. આ વીડિયોમાં એક રિયલ ઈન્ટરવ્યૂમાંથી પ્રિયંકાના અવાજ અને તેમના દ્વારા કહેવામાં આવેલી વાતોને બદલી દેવાઈ છે. પ્રિયંકા ચોપરાની મોર્ફ્ડ અવાજ વાળો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે જેણે તમામને એક વખત ફરી ટેકનોલોજીના આ ગાઢ સંકટ પર વિચાર કરવા માટે મજબૂર કરી દીધા છે. છેડછાડ કરવામાં આવેલા આ વીડિયોમાં પ્રિયંકાના અવાજ અને તેની મૂળ વાતોને એક નકલી બ્રાન્ડ સમર્થન સાથે બદલી દેવાઈ છે. આ નકલી ક્લિપમાં પ્રિયંકા પોતાની વાર્ષિક કમાણીનો ખુલાસો કરવાની સાથે-સાથે એક બ્રાન્ડનો પ્રચાર કરતી નજર આવી રહી છે.

## દીપિકા પાદુકોણ એકેડેમી મ્યુઝિયમ ગાલા ઓસ્કારમાં ભાગ લેનારી પ્રથમ ભારતીય અભિનેત્રી બની



દીપિકા પાદુકોણ ભારતીય અભિનેત્રીઓમાં ટોપ પર છે. તેણે બોલીવૂડની સાથે સાથે હોલીવૂડમાં પોતાના અભિનયથી એક અલગ ઓળખ બનાવી છે. આ સાથે જ દીપિકાએ પોતાના દેશનું નામ પણ રોશન કર્યું છે. હવે ફરી દીપિકાએ દેશને તેના પર ગર્વ કરવાનો મોકો આપ્યો છે. આ વર્ષે દીપિકાએ ઓસ્કારમાં ઇન્ડિયન ગીત પ્રેઝેન્ટ કરવા મંચ પર ઉતરતા જ ઈતિહાસ રચી દીધો હતો. હવે તેણે ફરી એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરી છે.

દીપિકા પાદુકોણે એકેડેમી મ્યુઝિયમ ગાલા 2023 ઇવેન્ટમાં ભાગ લીધો હતો, જે પછી દીપિકા આ ઇવેન્ટમાં સામેલ થનાર પ્રથમ ભારતીય અભિનેત્રી બની ગઈ હતી. વર્ષની શરૂઆતમાં દીપિકાએ ઓસ્કાર અને હવે ઓસ્કાર પછી બીજા સૌથી મોટા મંચ પર જઈને દેશનું નામ રોશન કર્યું છે. એકેડેમી મ્યુઝિયમ ગાલા એ ઓસ્કાર બાદ વિશ્વની બીજી સૌથી મોટી ઈવેન્ટ છે જેનું આયોજન એ જ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.

દીપિકા પાદુકોણની આ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ પઠાને દુનિયાભરમાં 1,000 કરોડથી પણ વધુ કમાણી કરી હતી. તે પછી દીપિકાએ ટાઈમ મેગેઝીનના કવર પર પણ પોતાની જગ્યા બનાવી હતી. દીપિકાની આ સિદ્ધિ પર તેના ફેન્સ ખુબ ખુશ છે.

## બે ફિલ્મો વચ્ચે છ મહિનાનો ગેપ રાખવા અક્ષય કુમાર સંમત



મુંબઇ : અક્ષય કુમાર ૨૦૨૨-૨૩માં તેની ઉપરાછાપરી રીલીઝ થયેલી બધી ફિલ્મો ફલોપ જતાં પસ્તાયો છે. હવે તેણે પોતાની ફિલ્મો વચ્ચે શક્ય હોય તો છ મહિનાનો ગેપ રાખવાનું નક્કી કર્યું છે. અક્ષયના આ નિર્ણયને પગલે તેની આગામી ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' આવતાં વર્ષે એપ્રિલમાં ઈદ વખતે રીલીઝ થશે. આ ફિલ્મમાં ટાઈગર શ્રોફ તેનો સહકલાકાર છે. પાછલાં દોઢ વર્ષમાં અક્ષયની રીલીઝ થયેલી 'બચ્ચન પાંડે', 'સમ્રાટ પૃથ્વીરાજ', 'રક્ષાબંધન', 'કઠપૂતલી', 'રામસેતુ', 'મિશન રાણીગંજ' આ તમામ ફલોપ થઈ છે. કોવિડ પહેલાંના સમયગાળામાં અક્ષય કુમાર બોલીવૂડનો સેલેબલ સ્ટાર ગણાતો હતો. તેની દરેક ફિલ્મ એક ચોક્કસ વકરો ખેંચી લાવતી હતી. પરંતુ, હવે અક્ષયની એક પણ ફિલ્મ ખર્ચો પણ કાઢી શકશે કે કેમ તેની કોઈ ગેરન્ટી રહી નથી.



## તૃપ્તિ દેશની નવી હાર્ટથ્રોબ ફોલોઅર્સ રાતોરાત ડબલ

મુંબઇ : રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'એનિમલ'થી તૃપ્તિ ડિમરીને સૌથી વધુ ફાયદો થયો છે. તેને હવે ભારતની નવી હાર્ટ થ્રોબ તરીકે ઓળખાવવામાં આવી રહી છે. તૃપ્તિ એક સારી એક્ટ્રેસ તરીકે પોતાની ક્ષમતા અગાઉ ઓટીટી પર પુરવાર કરી ચુકી છે. 'બુલબુલ' તથા 'કલા' જેવી ફિલ્મોને લીધે તે ઓટીટીની ટોચની હિરોઈન ગણાય છે. હવે મોટા પડદા પર પણ તે પ્રશંસા મેળવી રહી છે. 'એનિમલ' રીલીઝ થયા પછી તેના ચાહકોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'એનિમલ'ની રીલીઝ ડેટના આગલા દિવસે તેના છ લાખ ફોલોઅર્સ હતા તે હવે વધીને ૧૨ લાખ થઈ ગયા છે. તેના લીધે બોલીવૂડમાં સૌનું ધ્યાન તેના તરફ ખેંચાયું છે.માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ 'એક્સ' પર સતત ત્રણ દિવસથી તૃપ્તિ ડિમરી જ ટોપ ટેન ટ્રેન્ડમાં છે. તેના જૂના ફોટા તથા ઈન્ટરવ્યૂઝ સતત અપલોડ થઈ રહ્યા છે. તૃપ્તિ અગાઉ અનુષ્કા શર્માના ભાઈ અને પ્રોડયૂસર કર્ણેશ શર્મા સાથે રિલેશનશિપમાં હતી. બંનેના બેહદ રોમાન્ટિક ફોટા પણ વાયરલ થાય હતા. જોકે, તાજેતરમાં જ તેમનું બ્રેક અપ થઈ ગયું હતું અને બંનેએ સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કરી દીધા હતા.

## હુમાને નોવેલ પરથી ફિલ્મ બનાવવાની ઈચ્છા



અભિનેત્રી હુમા કુરેશી પણ નવલકથાકાર બની ગઈ છે. તેની પહેલી નોવેલ 'ઝેબા એન એક્સીડેન્ટલ સુપર હીરો' બેંગ્લુરુના લિટરેચર ફેસ્ટિવલમાં લોન્ચ કરાઈ હતી. હુમાના જણાવ્યા અનુસાર પોતે ૧૯૯૨ અને ૨૦૧૯ સુધીના કાળખંડને આવરી લેતી વાર્તા રચી છે. આ વાર્તામાં એક કાલ્પનિક સામ્રાજ્ય અને અને તેના દુષ્ટ રાજાની વાત છે. જેનો સામનો કરવા મહાશક્તિઓ ધરાવતી એક યુવતી ઝેબા હિંમત કરે છે. હુમાના જણાવ્યા અનુસાર કોરોના લોકડાઉન વખતે ફુરસદના સમયે પોતે આ નોવેલ લખવી શરુ કરી હતી. રોજ સવારે તે ચોક્કસ સમયે લખવા બેસી હતી. તેણે કહ્યું હતું કે પોતે ઈચ્છે છે કે આ નોવેલ પરથી ફિલ્મ બને. શક્ય હશે તો હું જાતે જ ફિલ્મ બનાવીશ. બોલીવૂડમાં તાજેતરની પેઢીમાં અભિનયની સાથે રાઇટિંગ તરફ વળી હોય તેવી હુમા બીજી અભિનેત્રી છે. ટ્વિંકલ ખન્ના દેશની બહુ જાણીતી કોલમિસ્ટ અને લેખક બની ચુકી છે.








સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news





### રાજપૂત આગેવાનની હત્યા સાથે અનેક ભેદભરમ, હત્યારાઓને પકડવા મથામણ

# કરણી સેનાના પ્રમુખની હત્યા, ગેંગવોરના ભણકારા

પ્રાસંગિક
ધવલ શુક્લ

રાજસ્થાનના જયપુરમાં રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાના પ્રમુખ સુખદેવસિંહ ગોગામેડીની હત્યાની ઘટનાથી આખા દેશમાં ચકચાર મચી છે. હવે આ હત્યા પાછળના કારણો શોધવા પણ મથામણ થઈ રહી છે. જેમાં નાણાંકીય બાબત હોવાની ભારે આશંકા છે.

કરણી સેનાના પ્રમુખ સુખદેવ ગોગામેડીનું મૂળ નામ સુખદેવસિંહ શેખાવત હતું. ગોગામેડી છેલ્લા એક દાયકાથી કરણી સેનામાં સક્રિય હતા અને એક સમ. લોકેન્દ્રસિંહ કલવીની અત્યંત નજીક હતા. ૨૦૧૫માં કલવી સાથે મતભેદો થતાં ગોગામેડીએ શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના બનાવી હતી. ૨૦૧૭માં રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના એન્કાઉન્ટરમાં આનંદપાલ સિંહની હત્યા પછી ગોગામેડીના સંગઠને ઉગ્ર દેખાવો કરતાં ગોગામેડી ચર્ચામાં આવ્યા હતા. ૨૦૧૭માં જ પદ્માવત ફિલ્મ સામે વિરોધને કારણે ગોગામેડી રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવી ગયા હતા. ગોગામેડીએ મહાપંચાયત બોલાવીને ઈડબલ્યુએસ અનામતનું પ્રમાણ ૧૦ ટકાથી વધારીને ૧૪ ટકા કરવાની માગ પણ કરી હતી. ગોગામેડીને છેલ્લા કેટલાક સમયથી ધમકીઓ મળી રહી હોવાનું પણ કહેવાતું હતું. ગોગામેડીની હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે.

સુખદેવ ગોગામેડીની હત્યાએ રાજસ્થાનની ગેંગ વોર્સને ફરી ચર્ચામાં લાવી દીધી છે. યુપી-બિહારની જેમ જ રાજસ્થાનમાં પણ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમનો માની ના શકાય એવો પ્રભાવ છે. ગોદરાએ ગોગામેડી તેમના ક્યા દુશ્મનની મદદ કરતા હતા તેનો ખુલાસો કર્યો નથી પણ તેનો ઈશારો રાજુ ઠેહટ ગેંગ તરફ હોવાનું મનાય છે. રોહિત ગોદરાએ પોતાની ગુનાખોરીની કારકિર્દીની શરૂઆત આનંદપાલસિંહની ગેંગ સાથે શરૂ કરી હતી. રાજસ્થાનમાં સીકર, ઝૂનઝૂનુ, નીમ કા થાના જિલ્લાના વિસ્તારો પર પહેલાં શેખાવત રાજપૂતોનું શાસન હોવાથી આ વિસ્તારને શેખાવટી કહેવાય છે. શેખાવટી ઉપર વર્ચસ્વ માટે એક સમયે આનંદપાલસિંહ અને રાજુ ઠેહટની ગેંગ વચ્ચે જોરદાર જંગ ચાલતો હતો. ગોદરા ૨૦૧૦ની આસપાસ આનંદપાલની ગેંગમાં જોડાયો, ત્યારે આ ગેંગ વોર ચરમસીમા પર હતો. દર અઠવાડિયે કોઈને કોઈ ગેંગસ્ટર પર ગોળીબારની ઘટના બનતી હતી અને બે-ત્રણ મહિને એકાદ મોટા ગેંગસ્ટરને ઢાળી



દેવાતો હતો. આનંદપાલના બોસ બલબીર બાનૂડાની રાજુએ બિકાનેર જેલમાં હત્યા કરાવી હતી. આનંદપાલ પણ બિકાનેર જેલમાં જ હતો પણ બચી ગયો હતો. આ હત્યાનો બદલો લેવા આનંદપાલે બાનૂડાના હત્યારા રામપાલ અને જયપ્રકાશને જેલમાં જ પતાવડાવી દીધા હતા. આનંદપાલ ૨૦૧૫માં જેલ તોડીને ભાગ્યો હતો પણ ૨૦૧૭માં પોલીસ એન્કાઉન્ટરમાં મરાયો હતો. આ સમયે આનંદપાલની ગેંગ વેરવિખેર થવાના આરે હતી, પણ પંજાબના ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ આનંદપાલ ગેંગના સભ્યોને પોતાની છત્રછાયામાં લઈને નવી ગેંગ બનાવી અને રાજસ્થાનમાં બિશ્નોઈ ગેંગની એન્ટ્રી થઈ. એ વખતે રોહિત બિશ્નોઈ સાથે જોડાઈ ગયો હતો.

રોહિતે ૨૦૨૨માં રાજુ ઠેહટની હત્યા કરાવી ત્યારે આનંદપાલ તથા બલબીરની હત્યાનો બદલો લીધો હોવાનું એલાન કર્યું. ઠેહટની હત્યા પછી તેની ગેંગ પતી જવાના આરે હતી પણ ગોગામેડી તેને ફરી બેઠી કરવામાં મદદ કરતા હતા એવી શંકા રોહિત ગોદરાને હતી. કેસની તપાસ કરી રહેલા ટોચના પોલીસ અધિકારીના કહેવા મુજબ 3 ડિસેમ્બર, 2022ના રોજ ગેંગસ્ટર રાજુ થેહતની હત્યા બાદ, લોરેન્સ ગેંગે શેખાવતીમાં આતંક ફેલાવવા માટે રોહિત ગોદારા મારફત વેપારીઓ અને પ્રોપર્ટીના વેપારીઓ પાસેથી ખંડણી વસૂલવાનું શરૂ કર્યું હતું. આમાંના ઘણા ધંધાર્થીઓ સુખદેવસિંહ ગોગામેડીના નજીકના હતા. લોરેન્સ ગેંગની ધમકીઓ પછી, ગોગામેડી અને ગેંગસ્ટર આનંદપાલનો નાનો ભાઈ મનજીત પાલ સિંહ ખુલ્લેઆમ પીડિત વેપારીઓ અને મિલકતના વેપારીઓની તરફેણમાં આવ્યો હતો. લગભગ એક વર્ષ પહેલા રતનગઢના રહેવાસી પ્રોપર્ટી બિઝનેસમેન મહિપાલ સિંહને ગેંગસ્ટર રોહિત ગોદારાના નામે ધમકી આપવામાં આવી હતી. આ ખંડણીનો મામલો રાજુ થેહત હત્યા કેસના પાંચ દિવસ બાદ પ્રકાશમાં આવ્યો હતો. 8 ડિસેમ્બર 2022ના રોજ મહિપાલ સિંહના ફોન પર વૉટ્સએપ દ્વારા વૉઈસ મેસેજ આવ્યો કે 'હું રોહિત ગોદારા છું, 15 ડિસેમ્બર સુધીમાં 50 લાખ રૂપિયાની વ્યવસ્થા કરો. નહિંતર તમે સીકરનું પરિણામ જોઈ જ લીધું હશે. જો આગળ કામ કરવાનું હોય તો આ રકમ આપવી પડશે.'

15 ડિસેમ્બર, 2022ના રોજ બપોરે 2:50 વાગ્યે, તેને ફરીથી એક વોટ્સએપ કોલ અને મેસેજ આવ્યો. જેમાં કહ્યું હતું કે હું રોહિત ગોદારા તરીકે બોલી રહ્યો છું. 'હા કે ના'માં જવાબ આપો અમે ફરીથી ફોન કરીશું નહીં. આ મામલે પોલીસ અધિકારીએ કહ્યું કે, આ કેસમાં સુખદેવ સિંહ ગોગામેડી અને આનંદપાલ ગેંગે મહિપાલ સિંહને ટેકો આપ્યો હતો અને લોરેન્સ ગેંગને ખંડણી આપવાનો ઈનકાર કર્યો હતો. આ ઉપરાંત સુખદેવસિંહ ગોગામેડી અન્ય ઘણા કેસમાં પણ લોરેન્સ ગેંગ સામે ખુલ્લેઆમ સામે આવ્યો હતો. આ કારણે સુખદેવે લોરેન્સ ગેંગને ખટકતા શરૂ થયા હતા.

સુખદેવસિંહ ગોગામેડીની હત્યાના પગલે ગેંગસ્ટર રોહિત ગોદરા ચર્ચામાં આવી ગયો છે. જો કે, ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ જેલમાં બંધ છે ત્યારે તેની ગેંગ રોહિત ચલાવે છે. રોહિત અત્યારે ક્યાં છે તે કોઈને ખબર નથી પણ એ યુરોપ અથવા કેનેડામાં હોવાનું કહેવાય છે. બિકાનેરના ગરીબ ખેડૂત સંતદાસ અને ગીતાદેવીના પુત્ર રોહિતનું મૂળ નામ રાવતદાસ સ્વામી છે. રોહિતે દસમા ધોરણ પછી ભણવાનું છોડીને બિકાનેરની જૈન માર્કેટમાં દુકાન ભાડે રાખીને મોબાઈલ ફોનનું રીપેરીંગ શરૂ કર્યું. રોહિતની દુકાને ગેંગસ્ટર્સ સિમ કાર્ડ લેવા આવતા હતા, તેમાં કુખ્યાત ગેંગસ્ટર આનંદપાલસિંહની ગેંગના સભ્યો સાથે તેનો પરિચય થયો. ૨૦૧૦માં રોહિત સામે મારામારીનો પહેલો કેસ થયો પણ વરસ પછી તે છૂટી ગયો હતો. પોલીસનું માનવું છે કે, ગોગામેડીની હત્યાને કારણે રાજસ્થાનમાં ગેંગ વોર ભડકશે. કારણ કે, રાજસ્થાનમાં હત્યાનો બદલો હત્યાથી લેવાનો સિલસિલો છે. ગોગામેડીની હત્યા સાથે આનંદપાલ, લોરેન્સ બિશ્નોઈ અને રાજુ ઠેહટ એમ રાજસ્થાનની ત્રણ સૌથી મોટી ગેંગ સંકળાયેલી હોવાથી તેના સભ્યો ચોક્કસ જ કોઈ કરતૂત કરશે.

રાજસ્થાનમાં અત્યારે પાંચ મોટી ગેંગ છે. આનંદપાલસિંહ મરાયો પણ લેડી ડોન અનુરાધા તેની ગેંગનું સંચાલન કરે છે. લોરેન્સ બિશ્નોઈની ગેંગ સૌથી મોટી છે અને સૌથી ખતરનાક છે. ગોગામેડીની હત્યાની જવાબદારી લેનારો રોહિત ગોદરા ૫ કરોડથી માંડીને ૨૫ કરોડ રૂપિયા સુધીની ખંડણી ઉઘરાવતો હોવાનું કહેવાય છે. ગોદરાએ ભલે રાજુ ઠેહટને પતાવી દીધો પણ તેની ગેંગ સક્રિય છે. રાજુનો ભાઈ ઓમ આ ગેંગ ચલાવે છે. રાજસ્થાનમાં ગેરકાયદેસર રીતે બનાવાતા દારૂથી માંડીને પાકિસ્તાનથી આવતાં શસ્ત્રો, ડ્રગ્સ વગેરેનો ગેરકાયદે કારોબાર ચાલે છે. આ સિવાય માર્બલનો બિઝનેસ, એજ્યુકેશન, ટુરિઝમ પણ ધમધમતુ હોવાથી તેની સાથે સંકળાયેલા લોકો પાસેથી ખંડણીની વસૂલી મોટા પ્રમાણમાં થાય છે. ખંડણીની વસૂલીના ધંધા પર કબજો કરવા ગેંગ્સ એકબીજા સાથે લડે છે. જ્ઞાતિનાં સમીકરણો પણ ગેંગ વોરમાં કામ કરે છે. ગોગામેડીની હત્યાને રાજકીય રંગ આપવાનો પ્રયાસ પણ થઈ રહ્યો છે. ગોગામેડી કોંગ્રેસની નજીક હતા અને રાજસ્થાનની ચૂંટણીમાં અશોક ગેહલોતને મદદ કરી હોવાનું પણ કહેવાય છે. ભાજપ અને કોંગ્રેસ બંને ગોગામેડીની હત્યાને મુદ્દે એકબીજા પર આક્ષેપો કરી રહ્યા છે. આ કારણે આ મુદ્દો વહેલો થાળે પડે તેવી શકયતા નહિવત છે.

**ગોગામેડીની હત્યાની જવાબદારી બિશ્નોઇ ગેંગે લીધી છે, રાજુ ઠેહટની હત્યા પછી પતી જવાના આરે પહોંચેલી તેની ગેંગને બેઠી કરવામાં ગોગામેડી મદદ કરતો હતો અને ખંડણી ઉઘરાવવાના કેટલાક કિસ્સામાં આડે આવતો હોવાની શંકાથી તેનો કાંટો કાઢી નંખાયો હોવાનું પોલીસનું અનુમાન**





# ગુજરાતી સિનીયર ઓફ બ્રામ્પ્ટનની બેઠક, ગીત-નૃત્યની ધમાકેદાર પ્રસ્તુતિ

## બોલીવુડ અને ગુજરાતી ભાષાના રીમેક્સ ગીતો ગૂંજ્યા, સંગઠનને સહયોગ આપનારા આગેવાનો અને આમંત્રિતોનું સન્માન કરાયું, મહેંદી સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અપાયું

**બ્રામ્પ્ટન**

ગોરમેડો લાયબ્રેરી ખાતે ગુજરાતી સિનીયર ઓફ બ્રામ્પ્ટન દ્વારા, ૨૬ નવેમ્બરના રોજ મીટીંગ રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત પ્રાર્થનાથી થયા બાદ મિનલબેન મિસ્ત્રીએ ‘દિપાવલી આઈ રે’ ગીત પર કસરત કરાવી હતી. ત્યારબાદ દક્ષાબેન રાજાએ સૌનું સ્વાગત કરી દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છા આપી હતી.

શિલાબેન ગાંધીએ ‘મહેંદી હરિફાઈ’માં ભાગ લઈ બહેનોને સુંદર માર્ગદર્શન આપ્યું હતુ. જયારે મનુભાઈ પટેલે સંસ્થાકીય માહિતી આપી હતી. હર્ષદભાઈ પટેલે બાકી રહેલા સભ્યોને મેમ્બરશીપ રીન્યૂઅલ ૨૦૨૪ માટેની જાણકારી આપી હતી. જે બાદ નક્કી કરેલ સ્પર્ધા “Let’s Go Partyની જાહેરાત જ્યોતિબેન શાહે કરી હતી.

ત્યારબાદ અતચ્યુતમ કેશવમ્’ અને ‘મન મંદિરમાં સજે બિહારી બંને songsના remix પર પ્રિશા દેસાઈ અને નિષ્કા દેસાઈએ સુંદર ડાન્સ પ્રસ્તુત કરી સૌના દિલ જીતી લીધા હતા. આ ઉપરાંત પિયાનો



પર “જય રઘુનંદન, Happy Diwali, jingle bell અને We wish you” Songs સુંદર રીતે રજૂ કરનાર ક્રીશ દેસાઈને સૌએ તાળીઓથી વધાવ્યો હતો. દિવાળીના મહાપર્વ નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે મેનિન્દર સિધુ હાજર રહ્યા હતા. તેમણે વિવિધ મીઠાઈ અને ફરસાણ સાથે લાવી સૌને દિવાળીની શુભેચ્છા વ્યક્ત કરી હતી. દક્ષાબેન રાજા તથા કમિટી સભ્યોએ તેમનું બહુમાન કર્યું હતુ. મંડળના પાયોનિયર સભ્ય કમુબેન અને ખંડુભાઈ ઉપરાંત નિલેશભાઈ ટેલર અને પરિવાર (સ્વદેશ), જયભાઈ ભાવસાર, નેહાબેન ભાવસાર, ચેતનભાઈ બ્રહ્મભટ્ટ, ભાવીશાબેન બ્રહ્મભટ્ટ અને સેવાભાવી ધવલભાઈ (ડોન)ના માતૃ ઈન્દિરાબેનનું સન્માન પણ દક્ષાબેન રાજાએ કર્યું હતું.

**Tea break** પછી સદાબહાર ગાયક કલાકાર અરુણભાઈ દવેએ તેમના સુરીલા કંઠે “જીયા હો.. જીયા હો.. જીયા કુછ બોલ દો..!!” ગીત રજૂ કરી સૌને ખુશ કરી દીધા હતા. અમીતાબેન/પદમાબેન એન્ડ ગ્રુપે દિવાલી કી બધાઈ ગીત પર મનમોહક નૃત્ય રજૂ કર્યું હતુ. જે બાદ શિલાબેન ગાંધીના નેતૃત્વ હેઠળ રાખેલી મહેંદી સ્પર્ધાના કુંદનબેન ગોંસાઈ તથા શકુબેન પટેલ તૃતિય ક્રમે વિજેતા રહ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જલ્પા તલાટી, કેશા દેસાઈ અને નેહલ દેસાઈએ સેવા આપી હતી. ત્યારબાદ ક્રીશા શાહે મન મોહે પરદેશીયા, પીંગા ટપોરી, ગુમર ઘુમર ઘૂમે રે.. આ ગીતોના Remix પર Gracefully Dance કરી સૌના મન મોહી લીધા હતા.

એ જ રીતે વિભાબેન, ભૂપેન્દ્રભાઈ ભટ્ટ એન્ડ કપલ્સ ગ્રુપે “આઈ દિવાલી આઈ” ગીત ઉપર સુંદર દીવા-દાંડિયા સાથે સુંદર ડાન્સ રજૂ કર્યો હતો.

ત્યાર પછી ગુજરાતી રીમેક્સ ગીત પર ડાન્સની પ્રસ્તુત થયા હતા. રુપલ, પ્રિયા, ધ્રુતિ અને દિપલ, પદમાબેન/ અમિતાબેન એન્ડ ગ્રુપે મેલે હૈ ચિરાગોં કે ગીત પર સુંદર દીવા ડાન્સ રજૂ કર્યો હતો. બાનભાઈ મિસ્ત્રી એન્ડ ગ્રુપે કૈસે દિવાલી મનાયે હમ લાલા ગીત પર એક સુંદર Funny dance રજૂ કરી સૌને ખૂબ હસાવ્યા હતા.

શિલાબેન અગ્રવાલે રસિકભાઈ રાજા અને દક્ષાબેન રાજાની વર્ષગાંઠ નિમિત્તે પ્રાસંગિક પ્રવચન કર્યું હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્યોતિબેન શાહે અને શીલાબેન નેગાંધીએ કર્યું હતું. દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચન કમિટી, સૌ મેમ્બર્સ ભાઈ-બહેનનો મ્યુઝિક સિસ્ટમ સંચાલક અનીલભાઈ જેઠવાનો, સુંદર ફોટોગ્રાફી માટે અનીલભાઈ પટેલ- જ્યોતિબેન, શીલાબેન, સુંદર ડેકોરેશન માટે ભાનુભાઈ મિસ્ત્રી પી.કે. પટેલ તથા કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કલાકોરોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

ડીનરના સ્પોન્સર્સ પ્રવિણભાઈ, ચન્દ્રમણીબેન અને અરવિંદભાઈ તરફથી જમણમાં કઢી ભાત, વાલની દાળ, શાક, વેઢમી, રોટલી, પત્તરવેલિયા, અથાણુ પીરસાયા હતા. હવે પછીની બેઠક 17 ડીસેમ્બરે Christmas Natal Competition I Let’s Go Party ખાતે યોજવાની જાહેરાત સાથે બેઠકનું સમાપન કરાયું હતુ.





# ઈઝરાયેલ તરફી નાગરિકો દ્વારા સંસદ હિલ પર પ્રદર્શન, વૈમનસ્યનો અંત લાવવા માંગ

## સેમિટિઝમની ઘટનાને રોકવા કડક પગલાં ભરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરાઈ

**ટોરોન્ટો**

દેશ સાથે એકતા દર્શાવવા દેશભરમાંથી હજારો ઈઝરાયેલ તરફી પ્રદર્શનકારીઓ સોમવારે સંસદ હિલ પર એકઠા થયા હતા. કારણ કે, તે ગાઝામાં હમાસનો સામનો કરી રહ્યા છે અને કેનેડામાં સેમિટિઝમનો અંત લાવવા માટે કહે છે. અગ્રણી યહૂદી કેનેડિયન રાજકારણીઓ, ધાર્મિક નેતાઓ, બિન-યહૂદી સાથીઓ અને કેનેડાની યુનિવર્સિટીઓના સંઘર્ષ કરી રહેલા વિદ્યાર્થીઓ સહિત વિવિધ વક્તાઓ પાસેથી ભીડમાં સાંભળ્યું હતું કે તે બધાની એક સમાન માંગણી હતી કે, કેનેડાએ ઈઝરાયલની સાથે ખભા સાથે ખભો ઊભા રહેવું જોઈએ. કારણ કે, તે યહૂદી રાજ્યનો નાશ કરવા માંગતા આતંકવાદી જૂથનો સામનો કરી રહ્યા છે. તેઓ બધાએ સરકારના તમામ સ્તરોને સેમિટિઝમ સામે તેમના વલણને કડક બનાવવા આગ્રહ કરે છે, જે ઑક્ટો. 7ના રોજ નિર્દોષ ઈઝરાયેલી નાગરિકો પર હમાસના ક્રૂર હુમલા અને પરિણામે લશ્કરી પ્રતિસાદ પછી કેનેડામાં ભડક્યો છે. તાજેતરના અઠવાડિયામાં ડઝનેક ગુનાઓ પોલીસ અધિકારીએ નોંધ્યા છે. ઈન્ડિગો બુક્સ સહિત યહૂદી-કેનેડિયન માલિકીના વ્યવસાયોને વિરોધીઓ અને આંદોલનકારીઓ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા છે અને તોડફોડ કરવામાં આવી છે. યુજેએ ફેડરેશન ઓફ ગ્રેટર ટોરોન્ટોના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઓટાવામાં સોમવારની ઈવેન્ટ લગભગ નિષ્ફળ ગઈ હતી. કારણ કે, 17 બસ ટોરોન્ટોમાં રેલીમાં જનારાઓને લઈ જવા માટે નિષ્ફળ ગઈ હતી. યહૂદી જૂથે જણાવ્યું હતું કે, બસો માટે અગાઉથી રકમ ચૂકવી દેવામાં આવી હતી અને સોમવારના નિર્ધારિત પ્રસ્થાન પહેલાં તેની પુષ્ટિ કરવામાં આવી હતી. તેઓ કહેવામાં નિષ્ફળ રહ્યા હતા અને પેટા કોન્ટ્રાક્ટરે કોઈપણ કારણ આપવાનો ઈનકાર કર્યો હતો, એમ UJA ફેડરેશનના પ્રમુખ અને CEO એડમ મિન્સકીએ જણાવ્યું હતું.

# એન્ટિગુઆ પ્રદેશમાં બે નાગરિકોનાં મૃત્યુની પુષ્ટિ થઈ : ગ્લોબલ અફેર્સ

## ડેવિલ્સ બ્રિજ પાસે ડૂબી જવાથી નાગરિકો મોતને ભેટ્યાનું તારણ, અન્ય એકનો ઉગારો થયો

**ઓન્ટેરિયો**

ગ્લોબલ અફેર્સ કેનેડાએ એન્ટિગુઆ અને બાર્બુડામાં બે કેનેડિયન નાગરિકોના મૃત્યુની પુષ્ટિ કરી છે. ગ્લોબલ અફેર્સે મીડિયાને કરેલા ઈમેઈલમાં જણાવ્યું હતું કે, કોન્સ્યુલર અધિકારીઓ પરિવારને કોન્સ્યુલર સહાય અને રાહત પૂરી પાડી રહ્યા છે અને વધારાની માહિતી મેળવવા માટે સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, અધિકારીઓ દ્વારા ડેવિલ્સ બ્રિજ પાસે ડૂબી જવાની પુષ્ટિ કરાયેલા બે પ્રવાસીઓ કેનેડિયન નાગરિકો હતા. ડેવિલ્સ બ્રિજ એ એન્ટિગુઆ અને બાર્બુડાના પૂર્વ કિનારે કુદરતી ખડકોની રચના છે. એન્ટિગુઆ એન્ડ બાર્બુડા ડિફેન્સ ફોર્સ (એબીડીએફ) દ્વારા ગયા અઠવાડિયે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, 30 નવેમ્બરે તેઓને જાણ કરવામાં આવી હતી કે, એક મહિલા અને એક બાળક સવારે 6:45 વાગ્યાની આસપાસ ડેવિલ્સ બ્રિજ પર પાણીમાં પડી ગયા છે.

ABDF કોસ્ટ ગાર્ડે સવારે 7:30 વાગ્યાની આસપાસ ઘટના અંગે પ્રતિક્રિયા આપી અને નક્કી કર્યું હતુ કે, તોફાની દરિયાની સ્થિતિ નેવિગેટ કરવા માટે ખૂબ જ અસુરક્ષિત છે. અડધા કલાક બાદ તેઓ મહિલાનો મૃતદેહ બહાર કાઢવામાં સફળ રહ્યા હતા.. જો કે, એક પુખ્તવયનો શખ્સ આ દુર્ઘટનામાં બચી ગયો હતો.





# ગુજરાતી સીનિયર્સ સમાજનો કાર્યક્રમ અને વાર્ષિક સભા

## કસરત કરાવાયા બાદ ફિલ્મી ગીતો અને વિવિધ પરફોર્મન્સ રજૂ કરાયા, સભ્યોના બર્થ ડેની ઉજવણી, મૃતક સભ્યોને પણ શ્રદ્ધાંજલી અપાઈ

**મિસીસાગા**

ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસોગાનો કાર્યક્રમ 3જી ડિસેમ્બર 2023ને રવિવારે યોજાયો હતો. આ સાથે AGMની વાર્ષિક સામાન્ય સભા બપોરે 2 વાગ્યાથી Stephen Lewis School , Mississauga ખાતે યોજવામાં આવી હતી. પ્રાર્થના બાદ ઈલાબેન દેવાનીએ કાર્યક્રમની રૂપરેખા આપી અને બોલી ફિટ કસરત કરાવી હતી. ત્યારબાદ સ્ટેજ પર સંસ્થાના ઈસી સભ્યોને બોલાવવામાં આવ્યા હતા. આ સાથે પ્રમુખને પણ આમંત્રણ આપ્યું હતું. જે બાદ મહેન્દ્રભાઈ ગોઢીયાએ 2022ની જૂનની મીટીંગની કાર્યવાહીની નોંધ વાંચી સંભળાવી હતી. પ્રવીણભાઈ મહેતાએ સમાજનું દ્વિવાર્ષિક મેગેઝીન કલાબેન પટેલ, રમણીકભાઈ શાહ તથા માધુરીબેનના સહકારથી પૂર્ણ કર્યું હતું અને સંસ્થાના 550 સભ્યોને પૂરું પાડ્યું હતું. સંસ્થાના RSVP FORM રમણીકભાઈ શાહ તથા ચંપાબેન શાહ સાંભળી રહ્યા છે. નવા સભ્યોના ICARD માટે સુનિલભાઈ પટેલ તથા તેમના સહાયક રજનીભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, દિનેશભાઈ પટેલે હાજરી માટે દર્શનાબેન પટેલનો ખૂબ જ આભાર માન્યો હતો.

ભૂતપૂર્વ પ્રમુખ કનુભાઈ પટેલે 2019થી લાંબા ગાળાનો Trilium Hospital Donation પ્રોજેક્ટ બનાવ્યો હોય, જેમાં દિલીપભાઈ પટેલ તથા પ્રમુખ કલાબેન પટેલે ખુબ જ પ્રયત્નો કર્યા હતા.







જેમાં 2020માં ફેસબુક ફ્રેન્ડ રાખીને $ 41,000 ભેગા કર્યા હતા. સપ્ટેમ્બરમાં Walkathon દ્વારા $ 20,000 ડોલર ભેગા કર્યા હતા અને 2022ના બીજા વોકેથોનમાં $ 16,600 અને ત્રીજાવોકોથોનમાં $ 33,700 ભેગા કર્યા હતા અને 2023 સુધી ટ્રીલીયમ હોસ્પિટલમાં વપરાતા સાધનો માટે ફંડિંગ કર્યું હતું. જેનું ડોનેશન $50,0000 હતું. જેમાં હરિભાઈ ઈન્દુબેન દેસાઈ, નરેન્દ્રભાઈ ભટ્ટ તથા તેના પટેલ મિત્રો તરફથી અને સમાજના સભ્યો તરફથી ટ્રિલિયન હોસ્પિટલમાં આપવામાં આવ્યા છે.ટ્રેઝરર જયેશભાઈ મહેતાએ પોતાનો અહેવાલ સંભળાવ્યો હતો અને ખર્ચને પહોંચી વળવા ડોનેશન ઉપર ભાર મુકયો હતો. આ સાથે એસી સભ્ય અશ્વિનભાઈ વોરા, કિરીટભાઈ મહેતા, હેમંતભાઈ મહેતા વગેરે ભોજન વ્યવસ્થામાં પૂરતી સંભાળ રાખે છે તેમનો પણ આભાર માન્યો હતો.

ઉષાબેન કોટે પણ દિવાળીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો તથા સભ્યો ડાન્સ માટે સૌને તૈયાર કર્યા હતા, તેમણે સમાજની મિનિટ પણ લખી હતી. ઈલાબેનબેન દેવાણીએ પણ દિવાળી કાર્યક્રમમાં સભ્યોને તૈયાર કર્યા હતા તથા ના ટુ કાર્યક્રમ ભાઈઓનો રજૂ કર્યો હતો. આ સાથે બોલી ફિટ કસરત પણ કરાવે છે. જયારે સુધાબેન પંચમતિયા તથા પુર્ણિમાબેન પટેલે પણ દિવાળી પ્રસંગે બહેનોને તૈયાર કર્યા હતા. કલાબેનની પૌત્રી કુમારી અનિકા કામથ પટેલે પણ સુંદર કથક ડાન્સ રજૂ કર્યો હતો. સુનિલ પટેલનો સંગીતનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. ઈસી સભ્ય પંકજભાઈ મહેતાએ ઝૂમ પર ડોક્ટરોને બોલાવી આર્ટ ઓફ લિવિંગ તથા સુદર્શન ક્રિયા યોગ વગેરે કાર્યક્રમો રજૂ કરાવ્યા હતા. આ તકે દરેક સમયે ગુજરાતી ફૂડ મોકલનાર જેસીંગભાઈ અને વિરલ ભાઈનો પણ આભાર માનવામાં આવ્યો હતો. મહેન્દ્રભાઈ ગઢિયાએ તથા જયંતીભાઈ મીઠીચાએ POMOREND PARK પિકનિક યોજી હતી તેથી તેમનો પણ આભાર માન્યો હતો. ફોટોગ્રાફર ચંપકભાઈ ટેલર તથા અહેવાલ લખવા માટે જયબેન ભટ્ટનો પણ આભાર માન્યો હતો. બર્થ ડે સેલિબ્રેશન માટે વિદ્યાબેન હુડકાનો તથા રેખાબેન ગઢિયાનો આભાર વ્યક્ત કરાયા બાદ કુમારી રાધિકાએ નૃત્ય રજૂ કર્યું હતુ. કાર્યક્રમમાં નરેન્દ્રભાઈ પરીખે મુકેશના અવાજમાં સુંદર મજાના ગીતો રજૂ કર્યા હતા. આ સાથે ભરતભાઈ મિસ્ત્રી તથા કિરીટભાઈએ પણ ગીતો સંભળાવ્યા હતા. જે બાદ બર્થ ડે સેલિબ્રેશનમાં

વિદ્યાબેનને પુષ્પ તથા કાર્ડ રેખાબેને આપ્યા હતા. અંતે સ્વર્ગસ્થ કાંતાબેન દેસાઈને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી બાદમાં સૌએ સ્વાદિષ્ટ ભોજનમાં રોટલી દાળ ભાત, પાતરા, બે શાક, મીઠાઈ તથા પાપડ પીરસાયા હતા.

**સંસ્થાની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરી સહયોગ આપનારાનો આભાર વ્યક્ત કરાયો, હોસ્પિટલ માટે ચાલતા ડોનેશન પ્રોજેક્ટ ઉપર ભાર મુકાયો**

# રોગચાળાની નકારાત્મક અસર : કેનેડિયન વિદ્યાર્થીઓનો ગણિત-વાંચનનો સ્કોર્સ ઘટ્યો

## ગણિતમાં માત્ર 12 ટકા જ વિદ્યાર્થીઓએ લેવલ 5 અથવા 6 સુધીનો સ્કોર કર્યો

**ઓન્ટેરિયો**

એક નવા અભ્યાસ મુજબ કેનેડિયન વિદ્યાર્થીઓના ગણિત અને વાંચનનાં સ્કોર્સ વૈશ્વિક વલણ સાથે મેળ ખાતાં સતત ઘટી રહ્યાં છે. પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એસેસમેન્ટ (PISA)માં વૈશ્વિક શિક્ષણની સ્થિતિનું અસ્પષ્ટ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જે રોગચાળા દરમિયાન ડઝનેક દેશોમાં 15 વર્ષના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિની તપાસ કરવા માટેનો પ્રથમ અભ્યાસ છે.

મંગળવારના એક પ્રકાશનમાં જાણવા મળ્યું હતુ કે, સરેરાશ આંતરરાષ્ટ્રીય ગણિતનો સ્કોર 2018ના સ્કોર્સની તુલનામાં 15 પોઈન્ટની સમકક્ષ ઘટ્યો છે, જ્યારે રીડિંગ સ્કોર્સમાં 10 પોઈન્ટનો ઘટાડો થયો છે.

2018 અને 2022ની વચ્ચે કેનેડાના એકંદર ગણિતના સ્કોરમાં 15 પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. PISA મુજબ જે 20 પોઈન્ટના ઘટાડાને સંપૂર્ણ વર્ષ ભણતરમાં નિષ્ફળ જવા તરીકે વ્યાખ્યાયિત કરે છે, તેનો અર્થ એ છે કે, કેનેડાનો ગણિતનો સ્કોર અભ્યાસના એક વર્ષના ત્રણચતુર્થાંશને સમકક્ષ ઘટી ગયો છે.

તે જ સમયગાળા દરમિયાન, કેનેડિયન વિદ્યાર્થીઓના વાંચનના સ્કોર્સમાં 13 પોઈન્ટ અને વિજ્ઞાનમાં ત્રણ પોઈન્ટનો ઘટાડો થયો હતો. કેનેડિયન વિદ્યાર્થીઓમાંથી માત્ર 12 ટકા જ ગણિતમાં ઉચ્ચ સિદ્ધિ મેળવનારા હતા, જેમણે લેવલ 5 અથવા 6 પર સ્કોર કર્યો હતો. તે કેટલાક ટોચના એશિયન દેશો અને અર્થતંત્રો કરતાં ઓછું છે. સિંગાપોરમાં 41 ટકા વિદ્યાર્થીઓએ ટોચના લેવલે પ્રદર્શન કર્યું હતુ.

હોંગકોંગમાં 27 ટકા અને જાપાન અને કોરિયામાં 23 ટકા લેવલે પ્રદર્શન કર્યું હતું. સેન્ટ કેથરીન્સ, ઓન્ટે.માં બ્રોક યુનિવર્સિટીમાં શિક્ષણ શાસનના પ્રોફેસરલુઈસ વોલાન્ટેમાને છે કે, વાંચન અને વિજ્ઞાન કરતાં ગણિતના શિક્ષણ પર રોગચાળાની વધુ નકારાત્મક અસર પડી છે.

વોલાન્ટે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે મને લાગે છે કે વાંચન કૌશલ્યપરંપરાગત રૂબરૂ વર્ગખંડની બહાર હજુ પણ વિકસાવી શકાય છે, વર્ગખંડમાં એક વિદ્યાર્થીને શિક્ષક સાથે હોવાથી ટેકો મળે છે, વ્યક્તિગત રીતે અથવા નાના જૂથોમાં, સિદ્ધિ પરિણામોના સંદર્ભમાં વધુ ફાયદાકારક અસર કરશે.

# ટોરોન્ટોના ફિલ્મ નિર્માતા ચાર્લ્સ ઓફિસરનું 48 વર્ષની વયે નિધન

## ઓફિસરનું ડોક્યુમેન્ટરી અને ટેલિવિઝન, ફીચર્સ ક્ષેત્રમાં યોગદાન રહ્યું

**ટોરોન્ટો**

એક એવોર્ડ વિજેતા કેનેડિયન ફિલ્મ નિર્માતા ચાર્લ્સ ઓફિસર, નિર્માતા અને લેખક હતા. તેઓ ફીચર્સ, ડોક્યુમેન્ટરી અને ટેલિવિઝન માટે કામ કરતા હતા. ગત શુક્રવારે ટોરોન્ટોમાં તેમનું તેમના ઘરે મૃત્યુ થયું હતું.

કેનસુગર ફિલ્મવર્ક્સ ખાતેના તેમના બિઝનેસ પાર્ટનર જેક યાનોવસ્કીના જણાવ્યા અનુસાર ચાર્લ્સ ઓફિસર 48 વર્ષના હતા, તેમનું લાંબી માંદગી બાદ અવસાન થયું છે. યાનોવસ્કીએ કેનેડિયન ફિલ્મ અને ટેલિવિઝજગતના દિગ્ગજ તરીકે તેમના લાંબા સમયના સર્જનાત્મક સહયોગીને યાદ કર્યા હતા.

તેમણે કહ્યું હતુ કે, ચાર્લ્સ ઓફિસર પાસે લોકો સાથે જોડાવા, લોકોને સાંભળવાની અને તેમની સાથે જોડાવવાની



અનોખી રીત હતી. ઓફિસરે સી બી સી ટેલિવિઝન શ્રેણી 'ધ પોર્ટર'નું નિર્માણ કર્યું અને ક્રાઈમ ડ્રામા 'અકિલાઝ એસ્કેપ'થી લઈને દસ્તાવેજી ફિલ્મ'અનઆર્મ્ડ વર્સીસ' સુધીની ફીચર ફિલ્મોનું સંચાલન કર્યું હતુ. જેમાં ટોરોન્ટો કોમ્યુનિટી હાઉસિંગના રહેવાસીઓની વાર્તા કહેવામાં આવી હતી, જેના ઉખડી ગયેલા મૂળિયાને પુનર્જીવિત કરવામાં આવ્યા હતા. ઓફિસરે'ધ પોર્ટર'ના ચાર એપિસોડનું નિર્દેશન પણ કર્યું હતુ. 'બ્રધરહુડ ઓફ સ્લીપિંગ કાર પોર્ટર્સ' વિશેના CBC/BET નાટક - ઉત્તર અમેરિકાના પ્રથમ 'બ્લેક-લીડ યુનિયન'એ એપ્રિલમાં કેનેડિયન સ્ક્રીન એવોર્ડ્સમાં 12 એવોર્ડ જીત્યા હતા. જેમાં શ્રેષ્ઠ મૌલિક સંગીત, નિર્માણ, કોસ્ચ્યુમ ડિઝાઈન, શ્રેષ્ઠ લેખન અને શ્રેષ્ઠ નાટક શ્રેણીનો સમાવેશ થાય છે.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2024 માટે પાર્ટનર દેશની સંખ્યા વધીને 15 થઈ

**અમદાવાદ**

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ એક વિશેષ પ્રતિનિધિ મંડળ સાથે જાપાન અને સિંગાપોરની મુલાકાતે જઈને પરત ફર્યા છે. આ સમિટ અંતર્ગત ગુજરાતમાં મહત્તમ રોકાણો લાવવા તેઓ પ્રયત્ન કરી રહ્યા છે.એક તબક્કે દુનિયાના વિવિધ દેશો વચ્ચે ચાલતી યુદ્ધની સ્થિતિને પગલે ગુજરાત વાઈબ્રન્ટ સમિટમાં પાર્ટનર કંન્ટ્રીઝની સંખ્યા ઘટે તેમ જણાઈ રહ્યું હતું પરંતુ હવે આ સંખ્યા વધીને ૧૫ થઈ ચૂકી છે.

જાન્યુઆરી મહિનામાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪ દરમિયાન પાર્ટનર કંન્ટ્રીની સંખ્યા અત્યારે ૨૦૧૯ની સમિટમાં જોડાયેલા ૧૫ પાર્ટનર કંન્ટ્રી જેટલી થઈ જવા પામી છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના પ્રયાસ બાદ સમિટની તૈયારી આખરી તબક્કામાં પહોંચી છે. મોટી સંખ્યામાં પાર્ટનર કંન્ટ્રી તરીકે હજુ વધારાના દેશો જોડાય તેવી આશા ઉદ્યોગ વિભાગના અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયા, ફિનલેન્ડ, દક્ષિણ કોરિયા, બ્રિટન, બાંગ્લાદેશ, ડેનમાર્ક, જાપાન, મોરક્કો, મોઝામ્બિક, નેપાળ, નેધરલેન્ડ, નોર્વે, થાઈલેન્ડ અને યુએઈ જોડાયા છે. વૈશ્વિક ક્ષેત્રે કેટલાક દેશો વચ્ચેની તંગદિલી યુદ્ધના માહોલ વચ્ચે સમિટને કેવો પ્રતિભાવ મળશે તેની આશંકા હતી. જો કે, ઉદ્યોગ વિભાગ કેન્દ્ર સરકાર થકી હજુ અનેક દેશોના સંપર્કમાં છે તેથી પાર્ટનર કંન્ટ્રી તરીકે મોટી સંખ્યામાં દેશો જોડાઈ શકે છે.

૨૦૧૯માં યોજાયેલી વાયબ્રન્ટ સમિટમાં પાર્ટનર દેશોની સંખ્યા ૧૧ હતી તેની સામે અત્યાર સુધીમાં ૧૦ જેટલા બિઝનેસ સંગઠનો જોડાયા છે.

# જંબુસર-કાવીમાં નરાધમોએ નશાયુક્ત ઈન્જેક્શન મુકી બે બહેનોનો રેપ કર્યો

**ભરૂચ**

જંબુસરના કાવી ગામે બે બહેનોનું અપહરણ બાદ ફાર્મ હાઉસમાં બળાત્કારની ચકચારી ઘટના બહાર આવી છે. જંબુસર તાલુકાના એક ગામમાં રહેતી બે બહેનોને 26 દિવસ પહેલા રાતના સમયે ભડકોદ્રા ગામે રહેતો યાસીન ખાલીદ ચોક અને નઈમ તેઓની ઈકો કારમાં ઉઠાવી ગયા હતા.

બંને બહેનોનું અપહરણ કરી તેમને કાવી ગામની સીમમાં આવેલા ફાર્મ હાઉસમાં લઈ જવાઈ હતી. જ્યાં યાસીને બંને બહેનને નશાકારક ઈન્જેક્શન આપ્યાં હતાં. બાદમાં મોટી બહેન સાથે યાસીને, જ્યારે નાની બહેન સાથે નઈમે દુષ્કર્મ કર્યું હતું. બે બહેનોનું અપહરણ અને રેપની ચકચારી ઘટનામાં જંબુસરના માઝ નામના આરોપીએ બંને બહેનોને નશાયુક્ત ઈન્જેક્શન આપતો વિડીયો ઉતારી લઈ વાયરલ કર્યો હતો. જ્યારે ચોથા આરોપી અનસે અન્ય ત્રણેયની મદદગારી કરી હતી. કાવી પોલીસ મથકે ભોગ બનનાર મોટી બહેને સોમવારે ફરિયાદ નોંધાવતાં જંબુસર પોલીસે આ ગંભીર ગુનાની તપાસ હાથ ધરી છે.

# અમેરિકામાં ગુજરાતી યુવકને ગોળી મારી અજાણ્યા શખ્સની આત્મહત્યા

**અમદાવાદ**

અમેરિકામાં નોર્થ કેરોલિનાના ન્યૂ પોર્ટમાં ગુજરાતી યુવકની ગોળી મારી હત્યા કર્યા બાદ અમેરિકન શખ્સે પણ પોતાની જાતને ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. નવસારીના સોનવાડીના યુવાન સત્યેન નાયકની નોર્થ કેરોલિનાના ન્યુ પોર્ટમાં આવેલ મોટેલમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે વધુ ચોંકાવનારી બાબત એ છે કે જે અમેરિકને સત્યેનની ગોળી મારીને હત્યા કરી તેણે તુરત જ પોતાના લમણે પણ બંદૂર રાખીને ગોળી મારીને ઘટનાસ્થળે આપઘાત કરી લીધો હતો. સત્યેન નાયક અમેરિકામાં મોટેલિયર તરીકે કામ કરતા હતા. તેમની પોતાની મોટેલમાં તેઓ એક રૂમમાં જઈ રહ્યા હતા ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ જણાયો હતો. આ મોટેલમાં એક અમેરિકન નાગરિક રોકાયો હતો. તેણે અંદરથી દરવાજો ખોલ્યો નહોતો. જેથી સત્યેન નાયકે પોતાની એક્સટ્રા ચાવી વડે રૂમનો દરવાજો ખોલ્યો હતો. સત્યેને રૂમનો દરવાજો ખોલતા જ અમેરિકન નાગરિકે સીધું સત્યેન પર ફાયરિંગ કર્યું હતું તેમાં સત્યેનનું મોત નિપજ્યું હતું. જો કે સત્યેનની હત્યા કર્યા બાદ અમેરિકને પોતાના લમણે બંદૂક તાકીને પોતે પણ આપઘાત કરી લીધો હતો.

# નકલી ટોલનાકા મુદ્દે તપાસ કમિટીની રચના

**મોરબી**

મોરબી જિલ્લાના વઘાસીયા પાસે બોગસ ટોલનાકાના મામલાની તપાસ માટે કમિટીની રચના કરાઈ છે. વાંકાનેરના પ્રાંત અધિકારી દ્વારા ચાર અધિકારીઓની કમિટી બનાવવામાં આવી છે. મામલતદાર, ટીડીઓ, પીઆઈ અને નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીનો કમિટિમાં સમાવેશ કરાયો છે. બોગસ ટોલનાકેથી પસાર થતા વાહનો વાળા રસ્તાની સરકારી રેકર્ડ મુજબની તપાસ કરવામાં આવશે. કમિટીના રિપોર્ટ બાદ પ્રાંત અધિકારી કલેક્ટરને બોગસ ટોલનાકા બાબતે ફાઈનલ રિપોર્ટ સુપરત કરાશે.



મોરબી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે રોડ પર વઘાસીયા પાસે ટોલનાકુ આવેલું છે અને તે ટોલનાકાની બાજુમાં બંને બાજુએ ગેરકાયદેસર ટોલનાકા શરૂ કરી દેવામાં આવ્યા હતા અને ત્યાંથી ટોલનાકાને બાયપાસ કરીને વાહનોને પસાર કરવામાં આવતા હતા અને તે વાહન ચાલકો પાસેથી ઉઘરાણા કરવામાં આવતા હતા. આ બાબત મીડિયામાં ઉજાગર થયા બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું અને ગઈકાલે પાંચ શખ્સોની સામે વાંકાનેર સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે, હજુ સુધી આરોપી પકડાયેલ નથી. જોકે ટોલ પ્લાઝાના કર્મચારીઓ દ્વારા હાલમાં જે ગેરકાયદેસર ટોલનાકા બનાવવામાં આવ્યા હતા તે તરફ આવવા જવાના રસ્તા ઉપર આડસો મૂકીને તથા ખાડા ખોદીને તે રસ્તા બંધ કરવામાં આવ્યા છે, જેથી કરીને ટોલ પ્લાઝા ઉપર વાહનોની સંખ્યામાં વધારો થતો હોય તેવું જોવા મળી રહ્યું છે.

# સાઈબરક્રાઈમ મામલે ગુજરાતમાં કન્વિકશન રેટ શૂન્ય, ભોગ બનનારને ન્યાય ન મળ્યો

**અમદાવાદ**

ડિજીટલ માધ્યમોના વિસ્તાર સાથે દિવસેને દિવસે સાઈબરક્રાઈમની ઘટનાઓ વધી રહી છે, એવામાં ગુજરાત પોલીસ સાઈબરક્રાઈમનો ભોગ બનનારને ન્યાય અપાવવાના નિષ્ફળ રહી હોવાનું નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો(NCRB) ના વર્ષ 2022ના રીપોર્ટ પરથી જાણવા મળ્યું છે. સાઈબરક્રાઈમના મામલાઓમાં ગુજરાતમાં કન્વિકશન રેટ શૂન્ય રહ્યો હતો. ગુજરાત ઉપરાંત અરુણાચલ પ્રદેશ, ગોવા, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા અને ઉત્તરાખંડમાં પણ સાયબર ક્રાઈમ્સમાં શૂન્ય કન્વિકશન રેટ નોંધાયો હતો. ઉત્તર પ્રદેશમાં સાઈબર ક્રાઈમના સૌથી વધુ 838 મામલા ઉકેલવામાં આવ્યા હતા અને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, ત્યારબાદ તેલંગાણામાં 60 કેસોના આરોપીઓ દોષિત ઠર્યા હતા. ગુજરાતમાં વર્ષ 2020માં સાયબર ક્રાઈમના 1,283 કેસ નોંધાયા હતા; 2021માં 1,536 અને 2022માં 1,417 કેસ નોંધાયા હતા ગુજરાતમાં વર્ષ 2022માં ટ્રાયલ માટે 3,211 પેન્ડિંગ કેસ હતા. વર્ષ 2022માં ગુજરાતમાં સાઈબરક્રાઈમના 37 કેસમાં આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. શૂન્ય કન્વિકશન રેટ અંગે ગુજરાતના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સાયબર ક્રિમીનલ દૂરના સ્થળોએથી કામ કરે છે અને ડાર્ક વેબનો ઉપયોગ કરે છે તેથી તેમને પકડવા મુશ્કેલ છે. તેઓ પકડાઈ ગયા પછી પણ, પોલીસને તેમની સામે પૂરતા પુરાવા મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પુરાવાના અભાવમાં, પોલીસ આવા કેસોમાં આરોપીઓને દોષિત ઠરાવવામાં નિષ્ફળ જાય છે.

# ગુજરાતમાં સૂર્ય નમસ્કાર અભિયાન યોજાશે, વિજેતા માટે લાખોના ઈનામો

**ગાંધીનગર**

સદીઓ પહેલા આપણા સાધુ-સંતોએ આપણને સૂર્ય નમસ્કારની ભેટ આપી છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં સૂર્ય નમસ્કાર મહાઅભિયાન હાથ ધરવામાં આવશે. આ સાથે વિજેતાઓને લાખોના રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યુ કે, સમગ્ર રાજ્યમાં ૨૦ હજારથી વધુ સ્થળોએ યોગ સ્પર્ધાનું આયોજન થશે અને અંદાજે ૨ કરોડથી વધુ રકમના ઈનામો યોગ સ્પર્ધકોને આપવામાં આવશે. આ રાજ્યવ્યાપી સૂર્ય નમસ્કાર મહા અભિયાન અંતર્ગત તા.૬ થી ૩૧ ડિસેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગ્રામ્ય / શાળા / વોર્ડ કક્ષાથી શરૂ કરી રાજ્ય કક્ષાએ સ્પર્ધા યોજાશે.

તા.૧૫ ડિસેમ્બરના રોજ ગ્રામ્ય તથા નપા / મનપા વોર્ડ કક્ષા સ્પર્ધા, તા.૧૯ ડિસેમ્બરના રોજ તાલુકા તથા ઝોન કક્ષા સ્પર્ધા, તા.૨૪ ડિસેમ્બરના રોજ જીલ્લા તથા મહાનગરપાલિકા કક્ષા સ્પર્ધા અને તા.૨૯ ડિસેમ્બરના રોજ રાજ્ય કક્ષાની સ્પર્ધા યોજાશે.

# વડોદરાનો ડુપ્લિકેટ અધિકારી વિરાજ મિઝોરમમાં ઝડપાયો

**વડોદરા**

ગિફ્ટ સિટીના સીઈઓ તેમજ સીએમોના અધિકારી તરીકે રૂઆબ છાટનાર વિરાજ પટેલ વડોદરા કોર્ટમાંથી ભાગી છુટ્યા બાદ 25 દિવસ પછી મિઝોરમ ખાતેથી ઝડપાઈ ગયો છે. વડોદરા ખાતે એક મોડલ સાથે હોટલમાં રોકાયેલો વિરાજ પટેલ ફિલ્મ જોવા ગયો ત્યારે એક પ્રેક્ષક સાથે બોલાચાલી થતા તેણે સીએમોના ઓફિસર તરીકે પોતાની ઓળખાણ આપી હતી. પ્રેક્ષકે ગોત્રી પોલીસને બોલાવતા તપાસ દરમિયાન વિરાજ પાસે જુદા જુદા નામના બે પાનકાર્ડ મળી આવ્યા હતા તેમજ તે સીએમઓમાં નહીં હોવાની પણ વિગતો ખુલી હતી.

# ખેડાની દૂધ મંડળીના પૂર્વ ચેરમેન સામે કરોડની ઉચાપત મામલે ફરિયાદ

**નડિયાદ**

ખેડા તાલુકાના કલોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પૂર્વ ચેરમેને પશુના ધિરાણના નાણાં રૂ.૧,૦૨,૨૧,૦૭૫ની ઉચાપત કર્યાનું ઓડિટ રિપોર્ટમાં ઉજાગર થયું હતું. આ અંગે જિલ્લા રજીસ્ટ્રાર નડિયાદએ કાયમી ઉચાપત કર્યાની ફરિયાદ કરવા જણાવતા મંડળીના ચેરમેને દૂધ મંડળીના પૂર્વ ચેરમેન સહિત ૧૧ જવાબદાર વ્યક્તિઓ સામે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે. મંડળીમાં ચેરમેન તરીકે ચંદ્રસિંહ ધીરૂભાઈ વાઘેલા ફરજ બજાવે છે. દૂધ મંડળીના વાઇસ ચેરમેન દશરથભાઈ મંગળભાઈ સોલંકી તેમજ અનિલભાઈ ભીખાભાઈ ગોહેલ સહિત નવ સભ્યો વ્યવસ્થાપક સમિતિમાં આવેલા છે.

# અયોધ્યા માટે અમદાવાદ ખાતે 5500 કિલોગ્રામનો ભવ્ય ધ્વજ દંડ કરાયો

**અમદાવાદ**

અયોધ્યામાં નિર્માણાધીન મંદિરના ધ્વજ દંડનું નિર્માણ અમદાવાદમાં થઈ રહ્યું છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલ એક ફેક્ટરીમાં રામ મંદિર માટે 7 ધ્વજ દંડ તૈયાર થઈ રહ્યાંછે. જેમાં મુખ્ય ધ્વજ દંડ 5500 કિલો વજનનો અને 44 ફુટ ઉંચો ધ્વજ દંડ છે. મુખ્ય ધ્વજ દંડ સિવાય 20 ફુટ અને 700 કિલો વજનના છ ધ્વજ દંડ બની રહ્યાં છે. ગોતામાં ફેક્ટરી ધરાવનાર ભરત મેવાડા રામ મંદિર માટે ધ્વજ દંડ તૈયાર કરી રહ્યાં છે. તેઓ જણાવે છે કે, આ અમારી ત્રીજી પેઢી છે. અમારો મેવાડા પરિવાર છેલ્લાં 81 વર્ષથી આ વ્યવસાય સાથે સંકળાયેલો છે. જેમાં અમે અનેક મંદિરો માટે ધ્વજ દંડ બનાવ્યા છે.

# સુરતમાં કરોડપતિ હીરા વેપારીની દીકરીએ દીક્ષા લીધી : શોભાયાત્રા નીકળી

**સુરત**

સુરતના એક હીરા ઉદ્યોગપતિના દીકરીએ સાંસારિક મોહને ત્યજીને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો હતો. જે બાદ બુધવારે શોભાયાત્રામાં તે દુલ્હનની જેમ સજીને આવી હતી. સુરતના હીરાના કારોબારી જયેશભાઈ મહેતાની 27 વર્ષીય દીકરી સીમોની મહેતાએ સાંસારિક ધર્મ છોડીને સંયમનો માર્ગ અપનાવી લીધો છે. મૂળ વાવના વતની જયેશભાઈ મહેતાનો પરિવાર વર્ષોથી સુરતમાં સ્થાયી થયો છે. દીક્ષા પહેલા બુધવારે સીમોનીની વર્ષીદાન યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં પરિવાર અને સમાજના લોકો જોડાયા હતા. અનેક આકર્ષણો સાથે સીમોનીનો વરઘોડો નીકળ્યો હતો.

# ગરબાને વૈશ્વિક ઓળખ, UNESCOની યાદીમાં સામેલ

**અમદાવાદ**

ગુજરાતના ગરબા એ ગુજરાત કે ભારત પૂરતા સીમિત નથી રહ્યા, એ ભૌગોલિક સીમાડા ઓળંગીને હવે વિશ્વસ્તરની સિદ્ધિ પ્રાપ્ત કરી ચુક્યા છે. ગુજરાતની આગવી ઓળખ સમા ગરબાને યુનેસ્કોના અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરની યાદીમાં સ્થાન મળ્યું છે. જેને પગલે અંબાજીના ચાચરચોકમાં અને પાવાગઢમાં માતાજીના મંદિરમાં પણ તેની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંગે મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા સાઈટ X પર લખ્યું હતું કે ગુજરાતની ઓળખ, ગૌરવ અને પ્રાચીન ધરોહર સમી સાંસ્કૃતિક-ધાર્મિક પરંપરાનું પ્રતીક એવા ગરબાને UNESCO દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે ઓળખ આપવામાં આવી છે, જે પ્રત્યેક ગુજરાતી અને ગરબાપ્રેમી માટે ગૌરવની બાબત છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભારતના સાંસ્કૃતિક-ઐતિહાસિક વારસાને ગ્લોબલ ઓળખ અપાવવા માટે થઈ રહેલા સાર્થક પ્રયાસોનું આ ગૌરવપૂર્ણ પરિણામ ગરબાના સમૃદ્ધ અને પારંપરિક ઈતિહાસને વિશ્વફલક પર ઉજાગર કરશે.” તેવું મુખ્યપ્રધાને જણાવ્યું હતું. કેન્દ્રીય પ્રવાસન અને સાંસ્કૃતિક બાબતોના પ્રધાન જી. કિશન રેડ્ડીએ પણ X પર પોસ્ટ શેર કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના ગરબાને યુનેસ્કોના અમૂર્ત સાંસ્કૃતિક વારસામાં સ્થાન મળ્યું એ રાષ્ટ્રીય ગૌરવસમી ક્ષણ છે. તો બીજી તરફ યુનેસ્કોએ પણ આ અંગે જાહેરાત કરતા લખ્યું હતું કે ગરબા એ ધાર્મિક અને આધ્યાત્મિક નૃત્ય છે જે હિન્દુઓના તહેવાર નવરાત્રી દરમિયાન રજૂ કરવામાં આવે છે. જે મા આદ્યશક્તિને સમર્પિત છે.



**અંબાજીના ચાચરચોકમાં અને અમદાવાદમાં ઉજવણી**

અંબાજી ખાતે ચાચરચોકમાં ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે અંબાજીની આદિવાસી આશ્રમ શાળાની બાલિકાઓ દ્વારા ગરબાનું લોકનૃત્ય રજૂ કર્યું હતું. એજ રીતે અમદાવાદના ભદ્રકાળી મંદિર પરીસર ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યમંત્રીએ નગરદેવી માં ભદ્રકાળીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા તથા રાસ ગરબાના વિવિધ પ્રકારોને સમાવેશ કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો.

## અમદાવાદના 3 ઝોનમાં કરોડોના ખર્ચે વ્હાઈટટોપીંગ રોડ બનશે

**અમદાવાદ**

અમદાવાદના સાત ઝોનમાં બની રહેલા વ્હાઈટ ટોપીંગ રોડની કામગીરી અંગે રોડ કમિટિની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.ત્રણ ઝોનમાં રુપિયા ૧૮૦ કરોડના ખર્ચથી વ્હાઈટટોપીંગ રોડ બનાવવા ટેન્ડર પ્રક્રીયામાં છે. સાયન્સસીટીથી ભાડજ સુધી બની રહેલા રોડની કામગીરી ઝડપથી પુરી કરાવવા તંત્રના અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી. બેઠક બાદ ચેરમેન જયેશ પટેલે કહ્યું કે, શહેરમાં અલગ અલગ વોર્ડ વિસ્તારમાં ૯૬ જેટલા વ્હાઈટ ટોપીંગ રોડ બનાવવા મંજુરી આપી દેવામાં આવી હતી.ઉપરાંત ૨૪ વ્હાઈટ ટોપીંગ રોડનો આયોજનમાં સમાવેશ કરવાનો બાકી હતો.આ રોડનો આયોજનમાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે.

## સુરેન્દ્રનગર-ધાંગધ્રા નજીક ટ્રક સાથે કાર ટકરાતાં ચારનાં મોત

**અમદાવાદ**

ગુરૂવારે અમદાવાદ કચ્છ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા. જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મળતી વિગત મુજબ અમદાવાદ-કચ્છ હાઈવે પર સુરેન્દ્રનગરના ધાંગધ્રા બાયપાસ કુડા ચોકડી પાસે કાર ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી મારી ડીવાઈડરની બીજી સાઈડ જઈને ટ્રક સાથે અથડાતા અકસ્માતની ઘટના બની હતી, જેમાં ત્રણ વ્યક્તિના ઘટના સ્થળે અને એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું છે. આ ઘટનામાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા જેને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં ગાડીમાં સવાર લોકો હળવદ તાલુકા ગોલાસણ ગામના હોવાનું સામે આવ્યું છે તેઓ ધ્રાંગધ્રાથી પ્રસંગ પતાવીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં જ અકસ્માતમની ઘટના બની હતી. મૃતકોમાં કરસનભાઈ ભરતભાઈ, (ઉ.વ. આશરે ૨૩), કિરણભાઈ મનુભાઈ, (ઉ.વ. આશરે ૧૮), ઉમેશભાઈ જગદીશભાઈ, (ઉ.વ. આશરે ૧૫), કાનાભાઈ ભુપતભાઈ, (ઉ.વ. આશરે ૧૮)નો સમાવેશ થાય છે. જ્યારે હોસ્પિટલમાં અમીતભાઈ જગદીશભાઈ, કાનાભાઈ રાયધનભાઈ સુરેલા તથા સુરેશભાઈ શંભુભાઈ ધામેચા સારવાર હેઠળ છે.

## અંબાજી પ્રસાદ કેસના આરોપી જતીન શાહે આપઘાત કર્યો

**અંબાજી**

આપઘાત કરવા પાછળનું કારણ જાણી શકાયું નથી. વેપાર ધંધાને કારણે આપઘાત કર્યો હોવાનું પોલીસનું પ્રાથમિક અનુમાન છે. નારોલ વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનમાં જ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

આપઘાતને લઈ નારોલ પોલીસે તપાસ શરૂ કરી છે. નીલકંઠ ટ્રેડર્સના માલિક જતીન શાહે આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. નારોલ વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનમાં જ આપઘાત કર્યો છે. જતીન શાહ અંબાજી પ્રસાદ કેસમાં આરોપી હતો. જતીન શાહની પેઢીમાંથી ડુપ્લીકેટ ઘી મોકલવામાં આવ્યું હોવાનો આરોપ હતો.

## વડોદરા સિટીના સર્વાંગી વિકાસ માટે રૂા.900 કરોડનો એક્શન પ્લાનઃ નવો રીંગરોડ બનશે

### દંડકે ટીમ તજજ્ઞ અને અધિકારીઓ સાથે બેઠક યોજી પ્રોજેક્ટ તૈયાર કર્યા

**વડોદરા**

વડોદરાના સર્વાંગી વિકાસ માટે વિધાનસભાના દંડકે તજજ્ઞોની ટીમોની અલગ અલગ બેઠકો બોલાવી પ્રાથમિક કક્ષાનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જેમાં વિશ્વામિત્રી નદી, ભૂખી કાંસનું ડાયવર્ઝન, હેરીટેઝ વડોદરા, 75 મીટરનો રીંગ રોડ વગેરે પ્રોજેક્ટ પાછળ 900 કરોડનો ખર્ચ થશે તેવો પ્રાથમિક અંદાજ તૈયાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ પ્લાનના ડીપીઆર તૈયાર કરવા અંગે કોર્પોરેશનના કમિશનર દિલિપ રાણા અને વિવિધ વિભાગના અધિકારીઓ સાથે વિધાનસભાના દંડકે બેઠક યોજી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે મળેલી બેઠકમાં આવનાર વર્ષોમાં વડોદરાની વસ્તી અને વ્યાપ વધવાનો છે તેને ધ્યાનમાં રાખી ટ્રાફિકની સરળતાથી માંડી દર વર્ષે વિશ્વામિત્રીમાં પુરની પરિસ્થિતિ સર્જાય છે. તે ખાળવા અંગે વિચારણા થઈ હતી. હેરિટેજ વોક અંતર્ગત ન્યાયમંદિર અને લાલકોર્ટની જુની ઈમારત ખાતે સીટી મ્યુઝિયમ બનાવવા 20 કરોડના ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો છે.સેવાસી ભાયલી નર્મદા કેનાલની આજુબાજુ બ્લ્યૂ ગ્રીન ડેવલપમેન્ટનું આયોજન કર્યું છે. જેમાં વૃક્ષોની વનરાજી કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. અને ફરવાલાયક સ્થળ બને તે માટે 40 કરોડનો ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

## કચ્છમાં વિશાળ ગ્રીનએનર્જી પાર્ક બનશે, 2 કરોડ પરિવાર થશે રોશન

**અમદાવાદ**

કચ્છની ધરતી પર દુનિયાનો સૌથી મોટો ગ્રીન એનર્જી પાર્ક બનવા જઈ રહ્યો છે. 726 સ્કેવર કિલોમીટરના ક્ષેત્રફળમાં આકાર લઈ રહેલો આ પાર્ક 30 ગિગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરશે જેનાથી લગભગ 2 કરોડ ઘર રોશન થઈ શકે તેમ છે. આ પાર્કને અદાણી જૂથની અદાણી ગ્રીન્સ કંપની બનાવી રહી છે. આ મામલે અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ ખુદ ટ્વિટ કરીને જાણકારી આપી હતી. તેમણે તેમના ઓફિશિયલ X હેન્ડલ પર લખ્યું, “અમે વિશ્વના સૌથી મોટા ગ્રીન એનર્જી પાર્કનું નિર્માણ કરી રહ્યા છીએ ત્યારે રિન્યુએબલ એનર્જીમાં ભારતના પ્રભાવશાળી પગલામાં નિર્ણાયક ભૂમિકા ભજવવા બદલ ગર્વ અનુભવીએ છીએ. પડકારરૂપ રણ રણમાં 726 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો આ સ્મારક પ્રોજેક્ટ અવકાશમાંથી પણ જોઈ શકાય છે. અમે 20 મિલિયન ઘરોને પાવર આપવા માટે 30GW જનરેટ કરીશું. ઉપરાંત, માત્ર 150 કિમી દૂર, અમારી કર્મભૂમિ મુન્દ્રામાં, અમે સૌર અને પવન માટે વિશ્વની સૌથી વધુ વ્યાપક અને સંકલિત નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ.

## ગુજરાતમાંથી આતંકી સંગઠનના 6 શકમંદની અટકાયત કરાઈ

**અમદાવાદ**

ગુજરાત ATSએ ગોધરામાંથી 6 શખ્સોની અટકાયત કરી છે. જેમાં એક મહિલા સહિત 6ની અટકાયત કરવામાં આવી છે. SKPના ભારત કનેકશનનો કેસ સામે આવ્યો છે. સુરતની મહિલા સુમેરાબાનું સામે ચાર્જશીટ દાખલ થઈ છે. આરોપી સુમેરબાનું સહિત પાંચ વિરુદ્ધ NIAની ચાર્જશીટ છે. સુરતના સૈયદપુરાથી સુમેરાબાનું ઝડપાઈ હતી. તેમજ આરોપીઓ ISKP સાથે જોડાયેલા હતા. પોરબંદરથી પણ આરોપી ઝડપાયો હતો. ATSના હાથે સુરતની મહિલા ઝડપાઈ હતી. આતંકી મહિલા સુમેરાબાન સૈયેદપુરા ખાતેથી પકડાઈ હતી. આરોપી સુમેરબાનું સહિત પાંચ વિરુદ્ધ NIAની ચાર્જશીટ છે.

## ગુજરાતમાં કામનું ભારણ... અનેકના આપઘાતનું કારણ

### વર્ષ 2022માં અમદાવાદમાં 71 લોકોએ મોતને વહાલું કર્યું હતું, જ્યારે રાજ્યોની યાદીમાં ગુજરાત બીજા ક્રમે હતું

**અમદાવાદ**

હાલમાં જ જીવન ટૂંકાવવાને લગતાં અમદાવાદ અને ગુજરાતના કેટલાક ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. કામના ભારણ અને સ્ટ્રેસને લીધે અમદાવાદ અને ગુજરાતમાં કેટલાય લોકોએ જીવન ટૂંકાવ્યું છે. અમદાવાદમાં કામના ભારણ કે કરિયરની સમસ્યાઓને લીધે ૭૧ લોકોએ જિંદગી ટૂંકાવી છે. આ કારણે મોતને વહાલું કરનારા લોકોની યાદીમાં ભારતમાં અમદાવાદ ત્રીજા ક્રમે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરોના રિપોર્ટ ‘એક્સિડેન્ટલ ડેથ્સ એન્ડ સ્યૂસાઈડ્સ ઈન ઈન્ડિયા ૨૦૨૨’ મુજબ બેંગાલુરુમાં આ કેટેગરી હેઠળ મોતને વહાલું કરનારા ૧૨૧ લોકો હતા જ્યારે દિલ્હીમાં આંકડો ૭૭ હતો. કરિયર સંબંધિત સમસ્યાઓને લીધે જીવન ટૂંકાવનારા રાજ્યોની યાદીમાં ૩૪૧ મૃત્યુ સાથે ગુજરાત બીજા ક્રમે હતું. જ્યારે ૬૪૦ લોકોના અપમૃત્યુ સાથે મહારાષ્ટ્ર પહેલા ક્રમે છે. રિપોર્ટમાં ‘નિવૃત્ત’ના મથાળા હેઠળ પણ લોકોના મૃત્યુ નોંધાયા છે અને તેમાં પણ ગુજરાતનું નામ ઉપર છે. રિપોર્ટ પ્રમાણે, ભારતમાં નિવૃત્તિ બાદ મોતને વહાલું કરનારા લોકોની કુલ સંખ્યા ૧૨૮૮ છે, જેમાંથી ૩૩૪ લોકો સાથે ગુજરાતનો ફાળો ૨૬ ટકા છે. જ્યારે આ કેટેગરીમાં મહારાષ્ટ્રમાંથી ૨૭૩ મૃતકો નોંધાયા છે. બેરોજગારીના લીધે મોતને વહાલું કરનારા લોકોની યાદીમાં મહારાષ્ટ્ર ૬૪૨ મોત સાથે પહેલા ક્રમે છે. જે બાદ ૬૦૫ મૃત્યુ સાથે કર્ણાટક બીજા નંબરે જ્યારે ૨૮૯ મૃત્યુ સાથે ગુજરાત ત્રીજા ક્રમે છે. જોકે, એકંદરે ૨૦૨૨માં ગુજરાતના ત્રણ મોટા શહેરો અમદાવાદ, સુરત અને વડોદરામાં જીવન ટૂંકાવનારા લોકોની સંખ્યામાં નજીવો ઘટાડો થયો છે. ૨૦૨૧ની સરખામણીએ ત્રણેય શહેરોમાં ૫થી૬.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ગુજરાતમાં પારિવારિક કારણોસર જીવન ટૂંકાવનારાઓની સંખ્યા ૨૫ ટકા છે. જ્યારે બીમારીના લીધે ૧૯ ટકા, અગમ્ય કારણોસર ૨૩.૫ ટકા, પ્રેમ પ્રકરણના લીધે ૭ ટકા અને લગ્નજીવનની સમસ્યાઓને લીધે ૪ ટકા લોકોએ મોત વહાલું કર્યું છે.

# મિચૌંગ વાવાઝોડામાં 12ના મોત, આંધ્ર-તામિલનાડુમાં નુકસાન

## આંધ્રમાં 100 કિમીની ઝડપે પવન સાથે વાવાઝોડું, તેલંગણા અને ઓડિશામાં એલર્ટ, મુખ્યમંત્રીઓએ ઇમર્જન્સી બેઠક યોજી

**ચેન્નાઇ**

તામિલનાડુમાં ભારે નુકસાન કર્યા બાદ મિચૌંગ વાવાઝોડાએ આંધ્ર પ્રદેશને પણ ઘમરોળ્યું હતું. આંધ્ર પ્રદેશના સમુદ્રી વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડયો હતો. જેને કારણે અનેક વૃક્ષો, મકાનો નાશ પામ્યા હતા. જ્યારે મિચૌંગ વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં ૧૨ લોકો માર્યા ગયા છે. બંગાળની ખાડીમાંથી શરૂ થયેલા વાવાઝોડાએ અગાઉ તામિલનાડુમાં પણ ભારે અસર પહોંચાડી હતી.

વાવાઝોડુ હાલ આંધ્ર પ્રદેશ બાદ ઓડિશા અને તેલંગણા તરફ ફંટાવાની શક્યતાઓ છે જેને પગલે આ બન્ને રાજ્યોને પણ એલર્ટ કરી દેવાયા છે. આંધ્ર ઉપરાંત ઓડિશાના કેટલાક જિલ્લાઓમાં પણ વરસાદ પડયો હતો. વાવાઝોડાની સૌથી વધુ અસર ચેન્નાઇમાં પણ જોવા મળી રહી છે. ચેન્નાઇ તેમજ તામિલનાડુના અનેક વિસ્તારોમાં વિજળી ગૂલ રહી હતી, જ્યારે મોબાઇલ સેવા પણ ઠપ થઇ ગઇ હતી.

દરમિયાન આંધ્ર પ્રદેશમાં જ્યારે વાવાઝોડુ પ્રવેશ્યું હતું ત્યારે પવનની ગતિ પ્રતિ કલાક ૧૦૦ કિમીની હતી. વાવાઝોડા સાથે ભારે વરસાદ પણ પડયો હતો. કમોસમી વરસાદને કારણે તામિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં કૃષિ ક્ષેત્રે પણ ભારે નુકસાન થયું હતું. તામિલનાડુમાં આશરે નવ જિલ્લાઓ વાવાઝોડાની અસર જોવા મળી, જેથી હજારો લોકોને રેસ્ક્યૂ કરાયા છે. અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીએ ગુરુવારે તાકીદની બેઠક યોજી હતી.



# રેવંત રેડ્ડીએ તેલંગાણાના સીએમ તરીકે શપથ લીધા, સોનિયા, રાહુલ અને પ્રિયંકા હાજર રહ્યા

## આંધ્રપ્રદેશથી છૂટા પડી અલગ રાજ્ય બનેલા પ્રદેશમાં રેડ્ડી બીજા મુખ્યમંત્રી બન્યા

**નવી દિલ્હી**

કોંગ્રેસના નેતા અનુમુલા રેવંત રેડ્ડીએ તેલંગાણાના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. હૈદરાબાદના એલબી સ્ટેડિયમમાં શપથ ગ્રહણ સમારોહમાં કોંગ્રેસ સંસદીય દળના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી હાજર રહ્યા હતા. તેલંગાણાના ગવર્નર તમિલિસાઈ સુંદરરાજને સીએમ તરીકે રેડ્ડીને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. 2014માં આંધ્રપ્રદેશથી અલગ તેલંગાણાની રચના થયા બાદ રેવંત રેડ્ડી રાજ્યના બીજા મુખ્યમંત્રી છે. તેમણે ચૂંટણીમાં મુખ્યમંત્રી કેસીઆરની પાર્ટી બીઆરએસને હરાવ્યા હતા.

કોંગ્રેસના નેતા રેવંત રેડ્ડીએ ગુરુવારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. રાજ્યપાલ તમિલિસાઈ સૌંદરરાજને તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. તેલંગાણામાં મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની કેબિનેટમાં ઘણા મંત્રીઓને સ્થાન આપવામાં આવ્યું છે. તેમાંથી ભટ્ટી વિક્રમાર્કને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા છે. આ સિવાય ઉત્તમ કુમાર રેડ્ડી, શ્રીધર બાબુએ પણ મંત્રી તરીકે શપથ લીધા હતા.

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનું હૈદરાબાદ એરપોર્ટ પર રેવંત રેડ્ડીએ પોતે અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષે સ્વાગત કર્યું હતું. કોંગ્રેસના નેતા ઈમરાન પ્રતાપગઢી સીએમ-નિયુક્ત રેવંત રેડ્ડીના શપથ ગ્રહણ સમારોહ માટે હૈદરાબાદ પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે આજે રેવન્ત રેડ્ડીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. જેનાથી અમે બધા ખૂબ જ ખુશ છીએ. આ દરેકની મહેનતનું પરિણામ છે.

# 3 રાજ્યોમાં ધારાસભ્ય બનેલા ભાજપના 10 સાંસદ અને મંત્રીએ રાજીનામા આપ્યા

**નવી દિલ્હી**

રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગણા અને મધ્ય પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીમાં કેટલાક કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદોને પણ ટિકિટ આપવામાં આવી હતી. જે પણ કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદો વિજેતા જાહેર થયા છે તેમણે મંત્રીપદ અને સાંસદપદેથી રાજીનામુ આપી દીધુ છે. કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર, પ્રહ્લાદ પટેલે લોકસભામાંથી રાજીનામુ આપ્યું છે. ભાજપે કુલ ૧૨ સાંસદોને ટિકિટ આપી છે, જેઓ ચૂંટણી જીતી ગયા છે. લોકસભાના સભ્યપદેથી રાજીનામા બાદ તેઓ સરકારમાં સામેલ થાય તેની પુરી શક્યતાઓ છે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના જે ૧૨ સાંસદો જીત્યા છે તેમાંથી ૧૦ સાંસદોએ લોકસભાના સભ્યપદેથી રાજીનામુ આપી દીધુ છે. જેમાં બે કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને પ્રહ્લાદ પટેલનો પણ સમાવેશ થાય છે. અન્ય બે સાંસદો કેન્દ્રીય મંત્રી રેણુકાસિંહ અને મહંત બાલકનાથ પણ સાંસદપદેથી રાજીનામુ આપશે. અન્ય જે પણ સાંસદોએ રાજીનામુ આપ્યું છે તેમાં મધ્ય પ્રદેશથી રાકેશસિંહ, ઉદય પ્રતાપસિંહ, રિતિ પાઠક, રાજસ્થાનથી કિરોડીલાલ મીણા, દિયા કુમારી, રાજ્યવર્ધન રાઠોડ, છત્તીસગઢનથી ગોમતી સાઇ અને અરુણ સાનોનો સમાવેશ થાય છે.

# દેશમાં ભ્રષ્ટાચારના મામલે મહારાષ્ટ્ર સતત ત્રીજા વર્ષે દેશમાં ટોચ ઉપર

**નાગપૂર**

ભ્રષ્ટાચારના મામલે મહારાષ્ટ્ર સતત ત્રીજા વર્ષે દેશમાં સૌથી અવ્વલ આવ્યું છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના એક અહેવાલમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થતો હોય તેવા રાજ્યોની જાણકારી આપવામાં આવી છે. મહારાષ્ટ્ર લાંચ રુશ્વત વિરોધી વિભાગે સૌથી વધુ ૭૪૯ લાંચ રુશ્વત કેસમાં કાર્યવાહી કરી છે.

મહારાષ્ટ્રની લગભગ બધી જ સરકારી ઓફીસીસ પર ભ્રષ્ટાચારનો સિક્કો લાગ્યો છે. પોલીસ વિભાગ, મહેસૂલ વિભાગ, મહાનગરપાલિકા અને મંત્રાલયમા કાર્યરત કર્મચારીઓ દ્વારા સૌથી વધુ લાંચ માંગવાના કિસ્સાઓ જાણવા મળ્યા છે. દેશમાં મહારાષ્ટ્ર બાદ બીજો નંબર રાજસ્થાનનો આવે છે.

જ્યાં ૫૧૧ કેસ નોંધાયા છે જ્યારે ત્રીજા ક્રમાંકે આવનાર કર્ણાટકમાં ૩૮૯ ગુના નોંધાયા છે. એસીબીએ દાખલ કરેલ ગુનાઓ પૈકી ૯૪ ટકા કેસ હજી કોર્ટમાં પેન્ડીંગ છે. આમા દોષી સાબિત થયા હોય તેવા માત્ર ૮.૨ ટકા કેસ છે. પાછલા વર્ષે લાંચ રુશ્વતના કેસમાં ૧૦૪૪ લોકોની અટક થઇ હતી. જોકે કોર્ટે માત્ર ૪૪ લોકોને સજા ફટકારી હતી. જ્યારે ૪૫૩ લોકો નિર્દોષ છૂટ્યા હતાં.

# શિખ્સ ફોર જસ્ટિસના વડા ગુરૂપતવંત સિંઘ પન્નુએ સંસદ પર હુમલો કરવાની ધમકી આપી

## સમગ્ર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ કડક બંદોબસ્ત ગોઠવી દેવાયો

**નવી દિલ્હી**

૨૦૦૧ની ૧૩મી ડીસેમ્બરે સંસદભવન ઉપર થયેલા આતંકી હુમલાની ૨૨મી વરસીના દિવસે જ ભુવન ઉપર હુમલો કરાવવાની શિખ્સ ફોર જસ્ટિસના નેતા ગુરૂપતવંત સિંઘ પન્નુએ ખુલ્લી ધમકી ઉચ્ચારી છે. તેઓએ આ ધમકી ઉચ્ચારવા સાથે તેમના વિડીયો મેસેજમાં જણાવ્યું હતું કે આ હુમલો સંસદ ભવનના પાયા હચમચાવી દે તેવો કરવામાં આવશે.



આ ધમકી સંદર્ભે એક વરિષ્ટ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમે સમગ્ર સંસદભવન પરિસર અને તેની આસપાસના વિસ્તારોમાં પણ કડક સલામતી બંદોબસ્ત ગોઠવી જ દીધો છે. કોઇને પણ કાનૂની વ્યવસ્થા તોડવા નહીં દેવાય, જ્યારે સંસદની કાર્યવાહી ચાલતી હોય છે ત્યારે અમે પહેલેથી જ કડક બંદોબસ્ત ગોઠવી જ દઇએ છીએ. તેટલું જ નહીં પરંતુ સમગ્ર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ કડક બંદોબસ્ત ગોઠવી દઈએ છીએ.

# અયોધ્યા ખાતે રામલલ્લા બાળસ્વરૂપે બિરાજશે મૂર્તિનું ૧૦% કાર્ય પૂર્ણ, ઉદઘાટનની તૈયારીઓ

**અયોધ્યા**

અયોધ્યામાં રામમંદિરના ઉદ્ઘાટનની તડામાર તૈયારી ચાલી રહી છે. શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે બુધવારે જણાવ્યું હતું કે મંદિરમાં ભગવાન શ્રીરામના બાળસ્વરૂપની પ્રતિમાની સ્થાપના કરવામાં આવશે અને શ્રીરામના બાળસ્વરૂપને દર્શાવતી મૂર્તિ ૧૦ ટકા જેટલી તૈયાર થઇ ગઇ છે. રાયે કહ્યું હતું કે રામજન્મભૂમિ મંદિરમાં ભગવાન શ્રીરામને 5 વર્ષીય બાળકના સ્વરૂપમાં દર્શાવનારી ચાર ફૂટ 3 ઈંચની મૂર્તિનું અયોધ્યામાં ત્રણ



સ્થળોએ નિર્માણ કરાવવામાં આવી રહ્યું છે. ત્રણ કારીગર પથ્થરના ત્રણ અલગ-અલગ ટુકડાઓ પર મૂર્તિનું નિર્માણ કરી રહ્યા છે અને આ ત્રણ મૂર્તિમાંથી શ્રેષ્ઠ કૃતિની પસંદગી કરવામાં આવશે. ચંપત રાયે કહ્યું હતું કે આ મૂર્તિઓ ૧૦ ટકા જેટલી તૈયાર થઇ ગઇ છે અને મૂર્તિને એક સપ્તાહમાં ફિનિશિંગ ટચ આપવાનું કામ સંપન્ન થઇ જશે. મૂર્તિને મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે. મંદિરનો ગ્રાઉન્ડ ફ્લોર લગભગ તૈયાર થઇ ગયો છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે 22 જાન્યુઆરીએ બપોરે 12થી 12.45 વાગ્યાની વચ્ચે રામમંદિરના ગર્ભગૃહમાં રામલલાને વિરાજમાન કરવાનો નિર્ણય લીધો છે. ટ્રસ્ટે સમારંભ માટે તમામ સંપ્રદાયના ચાર હજાર જેટલા સંતોને આમંત્રિત કર્યા છે.

# દેશમાં રોજ 4,320 બાળલગ્ન, જ્યારે તેલંગાણામાં સૌથી વધુ ગુના : NCRB

**હૈદરાબાદ**

દેશમાં દરરોજ 4,320 બાળલગ્ન થાય છે પરંતુ તેમાંથી માત્ર ત્રણેક જ પોલીસ સ્ટેશનમાં નોંધાય છે. રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યૂરોએ તાજેતરમાં જ જાહેર કરેલા આંકડા અનુસાર, 2021ની સરખામણીએ 2022માં બાળલગ્નના કેસ નોંધાવાની સંખ્યામાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. દેશમાં 2021માં બાળલગ્નના 1,050 કેસ નોંધાયા હતા, તેની સામે 2022માં 1,002 કેસ જ નોંધાયા હતા. બીજી તરફ, દેશમાં તેલંગાણા એક એવું રાજ્ય છે જ્યાં સૌથી વધારે સાઇબર ગુના નોંધાયા છે. 2022માં તેલંગાણામાં સર્વાધિક 15,297 સાઇબર ગુનાના કેસ નોંધાયા હતા. તેલંગાણા બાદ કર્ણાટકમાં 12,556 અને ઉત્તરપ્રદેશમાં 10,117 કેસ નોંધાયા હતા. સંયુક્ત રાષ્ટ્રના અનુમાન અનુસાર, દેશમાં દર વર્ષે 15 લાખ કરતાં વધારે કન્યાઓનાં લગ્ન 18 વર્ષની થયાં પહેલાં જ થઈ જાય છે. તેનો મતલબ એ કે, દેશમાં દર મિનિટે ત્રણ બાળલગ્ન થઈ રહ્યાં છે. દરમિયાન NCRBના આંકડાના વિશ્લેષણ અનુસાર, તેલંગાણામાં સાઇબર ગુના ખૂબ ઝડપથી વધી રહ્યા છે.

# ગોગામેડી હત્યાકાંડ : ફરિયાદમાં અશોક ગેહલોતનું પણ નામ

## મળવાને બહાને આવેલા બે શખ્સે અચાનક ગોળીઓ વરસાવી, ઇનપુટ છતાં પોલીસે બેદરકારી દાખવી હોવાનો આક્ષેપ

**જયપુર**

શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવ સિંહ ગોગામેડીની હત્યા કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસના આરોપીઓ હજુ પોલીસની પકડથી દૂર છે. પરંતુ પોલીસે આ મામલે યુએપીએ હેઠળ કેસ દાખલ કર્યો છે. આ કેસમાં નોંધાયેલી એફઆઈઆરમાં રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત અને રાજ્યના ડીજીપીના નામોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમના પર સુરક્ષા આપવામાં બેદરકારીનો આરોપ લગાવવામાં આવ્યો છે.

એફઆઈઆરમાં દાવો કરવામાં આવ્યો છે કે રાજસ્થાનના તત્કાલિન મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)ને પત્ર લખીને ત્રણ વખત 24 ફેબ્રુઆરી, 1 માર્ચ અને 25 માર્ચના રોજ ગોગામેડી માટે સુરક્ષાની માંગ કરવામાં આવી હતી. પરંતુ તેમને જાણી જોઈને સુરક્ષા આપવામાં આવી ન હતી. આ એફઆઈઆર ગોગામેડીની પત્ની શીલા શેખાવતે નોંધાવી છે.

એફઆઈઆરમાં ગોગામેડીના પત્નીએ દાવો કર્યો છે કે 14 ફેબ્રુઆરી 2023ના રોજ પંજાબ પોલીસે રાજસ્થાનના ડીજીપીને પત્ર લખીને જાણ કરી હતી કે સુખદેવ સિંહ ગોગામેડીની હત્યાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. ત્યારબાદ, 14 માર્ચ, 2023 ના રોજ, ATS જયપુરે એડીજીપી (ઈન્ટેલીજન્સ) ને પણ આ અંગે જાણ કરી હતી. પત્નીએ આરોપ લગાવ્યો છે કે આટલા ઈનપુટ મળવા છતાં સીએમ ગેહલોત અને ડીજીપી સહિતના જવાબદાર અધિકારીઓએ જાણીજોઈને ગોગામેડીને સુરક્ષા આપી નથી.

એફઆઈઆરમાં પત્નીએ આરોપ લગાવ્યો છે કે 5 ડિસેમ્બરની બપોરે એક પ્લાનિંગના ભાગરૂપે સશસ્ત્ર લોકો તેના પતિ સુખદેવ સિંહ ગોગામેડીને મળવાના બહાને આવ્યા હતા. બંને હુમલાખોરો એકબીજાને રોહિત રાઠોડ અને નીતિન ફૌજીના નામથી બોલાવતા હતા.

### કરણી સેનાના પ્રમુખ સુખદેવ સિંહની હત્યા થતાં રાજસ્થાન, મ.પ્ર., છત્તીસગઢમાં દેખાવો

રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાએ પોતાના વડા સુખદેવ સિંહ ગોગામેડીની હત્યાના વિરોધમાં આપેલા બંધને પગલે જયપુર અને રાજસ્થાન અન્ય કેટલાક જિલ્લાઓમાં બજારો બંધ રહ્યાં હતાં. રાજસ્થાન ઉપરાંત મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં પણ સુખદેવ સિંહની હત્યાના વિરોધમાં દેખાવો થયા હતાં. મધ્ય પ્રદેશમાં ભોપાલ, ઇન્દોર અને જબલપુર સહિતના શહેરોમાં દેખાવો થયા હતાં. ભોપાલમાં કરણી સેનાના કાર્યકરોએ ભોપાલમાં રસ્તાઓ બ્લોક કર્યા હતાં. રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રાએ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ સાથે ફોન પર વાત કરી હતી અને રાજ્યના મુખ્ય સચિવ, ગૃહ સચિવ, પોલીસ વડા અને જયપુરના પોલીસ કમિશનરને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે બોલાવ્યા છે. આ દરમિયાન પોલીસે રાજપૂત નેતાની હત્યાની તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી છે. ઉલ્લેખનીય છે કે મંગળવારે બે લોકોએ ઘરમાં ઘૂસીને કરણી સેનાના વડાની હત્યા કરી હતી.

# ફોર્બ્સની દુનિયાની શક્તિશાળી મહિલાઓમાં 4 ભારતીય સામેલ

## યાદીમાં નિર્મલા સીતારમણ 32માં સ્થાને ક્રમાંકે

**નવી દિલ્હી**

નાણામંત્રી નિર્મલા સીતારમણ એ ફોબ્સની સૌથી મહિલાઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં તેઓ 32માં સ્થાને છે. યાદીમાં અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અને સિંગર ટેલર સ્વિફ્ટને પણ સામેલ કરાઈ છે.

આ યાદીમાં ત્રણ અન્ય ભારતીય મહિલાઓને પણ સ્થાન મળ્યું છે. જેમના નામ HCL કોર્પોરેશનના CEO રોશની નાડર મલ્હોત્રા (રેન્ક 60), સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરપર્સન સોમા મંડલ (રેન્ક 70) અને બાયોકોનના સંસ્થાપક કિરણ મજમુદાર શૉ (રેન્ક 76) સામેલ છે.

ફોર્બ્સની પાવરફૂલ મહિલાઓની વાર્ષિક યાદીમાં દુનિયાની 100 સૌથી શક્તિશાળી મહિલાઓમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેન ટોચના સ્થાને રહ્યા છે. તેમના પછી યુરોપિયન સેન્ટ્રલ બેન્કના બોસ ક્રિસ્ટિન લેગાર્ડ બીજા ક્રમે રહી છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ કમલા હેરિસ આ યાદીમાં ત્રીજા સ્થાને છે.

# ચીનમાં ફેલાઈ રહેલો રહસ્યમય ન્યૂમોનિયા ભારતમાં પ્રવેશ્યો, દિલ્હી એઈમ્સમાં 7 કેસ

## માઈક્રોપ્લાઝ્મા ન્યૂમોનિયાના 7 કેસ દિલ્હી એઈમ્સમાં એપ્રિલથી સપ્ટેમ્બર વચ્ચે નોંધાયા હતા

**નવી દિલ્હી**

કોરોના જેવા રોગને કારણે આખી દુનિયામાં મહામારી ફેલાવનારા ચીને ફરી એકવાર વિશ્વભરમાં વધુ એક રહસ્યમય બીમારી ફેલાવીને ફફડાટ ફેલાવ્યો છે. તાજેતરની ઘટના અનુસાર ચીનમાં ફેલાઈ રહેલા રહસ્યમય ન્યુમોનિયાના 7 કેસ હવે દિલ્હી એઈમ્સમાં નોંધાતા ભયનો માહોલ સર્જાયો છે. આ કેસ એપ્રિલથી સપ્ટેમ્બર વચ્ચે નોંધાયા હોવાની માહિતી મળી છે. જ્યારે એઈમ્સ એ




આ પ્રકારના દર્દીઓ પર રિસર્ચ કર્યું તો આ બીમારી સાથે સંકળાયેલા બેક્ટેરિયા માઈક્રોપ્લાઝ્મા ન્યૂમોનિયાની જાણકારી મળી આવી હતી.

સંક્રમણના શરૂઆતના તબક્કામાં કરાયેલા પીસીઆર રિપોર્ટના માધ્યમથી મેળવી લેવાઈ હતી અને છ કેસની જાણકારી આઈજીએમ એલિસા તપાસના માધ્યમથી મેળવવામાં આવી હતી. જે પછીના તબક્કામાં પણ કરી શકાઈ હોત. રિપોર્ટ અનુસાર PCR અને IgM એલિસા ટેસ્ટનો પોઝીટીવીટી રેટ 3 અને 16% હતો. તમને જણાવી દઈએ કે દિલ્હી એઈમ્સ માઈક્રોપ્લાઝ્મા ન્યૂમોનિયાના પ્રસાર પર નજર રાખવા માટે વૈશ્વિક સંઘનો એક ભાગ છે.

# નવેમ્બરમાં યુકો બેંકના 41 હજાર ગ્રાહકોના ખાતામાં અચાનક કુલ રૂ. 820 કરોડ જમા

## દેશમાં 13 સ્થળોએ સીબીઆઇના દરોડા : કેટલાક ખાતાધારકોએ રકમ ઉપાડી પણ લીધી

**નવી દિલ્હી**

૪૧૦૦૦થી વધુ યુકો બેંકના ગ્રાહકોના ખાતામાં ૧૦-૧૩ નવેમ્બર દરમિયાન કુલ ૮૨૦ કરોડ રૂપિયાની વિભિન્ન રકમ અચાનક જમા થઇ જતાં સીબીઆઇએ એફઆઇઆર દાખલ કરી છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

મંગળવાર સુધી ચાલી રહેલા ઓપરેશન હેઠળ કોલકાતા અને મેંગલોર સહિતના શહેરોમાં કુલ ૧૩ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાનગી બેંકોના ૧૪૦૦૦ ખાતાધારકોથી ૮.૫૩ લાખ ઇમિજિએટ પેમેન્ટ સર્વિસ (આઇએમપીએસ) લેવડદેવડના માધ્યમથી યુકો બેંકના ખાતાધારકોમાં પૈસા પહોંચી ગયા હતાં. તેમણે જણાવ્યું હતું કે આશ્ચર્યની વાત એ છે કે મૂળ બેંક ખાતાઓમાંથી કોઇ પણ રકમ ડેબિટ થઇ ન હતી. અનેક ખાતાધારકોએ પોતાના ખાતામાંથી આ રકમ ઉપાડી લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે યુકો બેંક દ્વારા લગભગ ૮૨૦ કરોડ રૂપિયાની શંકાસ્પદ આઇએમપીએસ લેવડદેવડના આરોપમાં તેમની સાથે કામ કરનારા બે સહાયક એન્જિનિયરો અને અન્ય અજ્ઞાત વ્યકિતઓની વિરુદ્ધ ફરિયાદની સાથે સીબીઆઇનો સંપર્ક કરવામાં આવતા સીબીઆઇએ આ કેસમાં એફઆઇઆર દાખલ કરી હતી.

# ભારતમાં હડકવાથી વિશ્વના 36% મોત

## 10 માસમાં 24.78 લાખને કૂતરા કરડયા

**નવી દિલ્હી**

ગઈકાલે જ્યાં માસુમ બાળકીને કુતરાએ બટકાં ભરીને કમકમાટીભર્યું મોત નીપજાવ્યું તે રાજકોટથી માંડીને રાષ્ટ્રભરમાં રખડતા કૂતરા ત્રાસદાયક બની રહ્યાછે અને આ સમસ્યા અંગે લોકસભામાં પુછાયેલા પ્રશ્નના આજે અપાયેલા ઉત્તરમાં મત્સ્ય, પશુપાલન અને ડેરી વિભાગના મંત્રાલયે આપેલા જવાબમાં જણાવ્યું કે ભારતમાં ચાલુ વર્ષ ૨૦૨૩ના ઓકટોબર સુધીના ૧૦ માસમાં ૨૪,૭૭,૯૩૬ લોકોને કૂતરા કરડવાના કેસો નોંધાયા છે. વિશ્વમાં હડકવા (રેબિઝ)થી થતા કૂલ મૃત્યુમાં માત્ર ભારતમાં જ ૩૬ ટકા છે તેમ પણ વિશ્વ આરોગ્ય સંસ્થાના એક રિપોર્ટને ટાંકીને જણાવાયું છે.

ભારતમાં ઈ.સ.૨૦૨૨ના આખા વર્ષ દરમિયાન નોંધાયેલા ૨૧,૮૦,૧૮૫ કરતા ચાલુ વર્ષના ૧૦ માસના કેસો આશરે ૩ લાખ વધારે છે. 'હૂ'ના એક રિપોર્ટ મૂજબ વિશ્વમાં ખાસ કરીને એશિયા અને આફ્રીકા ખંડમાં, વર્ષે અંદાજે ૫૫ હજાર લોકોના હડકવાથી મોત થાય છે, જેમાં ૧૮થી ૨૦ હજાર મોત ભારતમાં હોય છે. જો કે આ રિપોર્ટ અગાઉનો છે અને હાલ તેમાં વધઘટ સંભવ છે.

# મધ્યપ્રદેશમાં કારમી પરાજય પછી કોંગ્રેસ હાઈકમાન્ડે કમલનાથનું રાજીનામું માગ્યું

**ભોપાલ**

મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્ય મંત્રી અને વર્તમાન પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલનાથનું કોંગ્રેસ હાઈ કમાન્ડે પ્રદેશ પ્રમુખ પદેથી ત્યાગપત્ર આપવા જણાવી દેતાં આજે સાંજે તેઓએ તેમનું ત્યાગ પત્ર રજૂ કરી દીધું હતું. કોંગ્રેસ હાઈકમાન્ડ (સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને પક્ષ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે) કમલનાથથી ઘણા નારાજ છે. મધ્ય પ્રદેશમાં સતત ચાર વખત ભાજપ સત્તા પર રહેવા છતાં સત્તા વિરોધી જુવાળ ઊભો ન થવા દઈ તેણે વિધાનસભાની ચૂંટણીમાં બેદરકારી દાખવી હોવાનું કોંગ્રેસ હાઈકમાન્ડે માન્યું છે. બીજી તરફ કમલનાથનાં નેતૃત્વ નીચે પ્રદેશ કોંગ્રેસે આ ચૂંટણી પ્રચાર કાર્ય જ ઘણું મંદ રાખ્યું હતું.

# ઓડિશા-ઝારખંડની લિકર કંપની પર IT દરોડા નોટોનો બંડલ ગણતા મશીનો ખરાબ થઈ ગયા



ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે બુધવારના રોજ બૌધ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડ પર મોટી કાર્યવાહી કરતા તેના અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા. આઈટી વિભાગે કંપનીની ઓડિશા અને ઝારખંડમાં આવેલ ઓફિસમાં કાર્યવાહી કરી હતી. ઈન્કમ ટેક્સ વિભાગે કરચોરીની શંકાના આધારે બૌધ ડિસ્ટિલરીઝ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ આ કાર્યવાહી કરી છે. આ દરોડા દરમ્યાન વિભાગને એટલી નોટો મળી હતી કે તેને ગણતા- ગણતા મશીન પણ ઠપ થઈ ગયું હતું. આ દરોડા દરમ્યાન આઈડી વિભાગને 50 કરોડથી વધારે રોકડ રકમ મળી આવી હતી. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના આ દરોડામાં CISF ના જવાનોની મદદ લેવામાં આવી હતી.

# દિલ્હી જળ બોર્ડ કેસમાં અગાઉની સરકારના કામની તપાસ થશે : કેજરીવાલ

**જયપુર**

દિલ્હી મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે દિલ્હી જળબોર્ડનું સીએજી ઓડિટ કરાવવાનો નિર્ણય લીધો છે. તેમણે છેલ્લા ૧૫ વર્ષનું ઓડિટ કરાવવાનો આદેશ આપ્યો છે. તેનો અર્થ એમ થાય કે શીલા દીક્ષિતની આગેવાની હેઠળ ૨૦૧૩ સુધી ચાલેલી કોંગ્રેસની સરકારના કામકાજની પણ તપાસ થશે. સીએમઓ તરફથી કહેવામાં આવ્યું છે કે જળબોર્ડમાં કૌભાંડના આરોપ લગાવવામાં આવી રહ્યા છે. તેના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે દિલ્હી જળ બોર્ડમાં આર્થિક અનિયમિતતાના લગાવવામાં આવતા આરોપોના પગલે સીએજી તપાસનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# IPL ઓકશન: ૧૧૬૬માંથી ૮૩૦ ભારતીય અને ૩૩૬ વિદેશી ખેલાડીઓનું રજિસ્ટ્રેશન

## હર્ષલ, શાર્દુલ, ઉમેશની બે કરોડની બેઝ પ્રાઇસઃ ફ્રેન્ચાઇઝીઓ પાસે કુલ ૨૬૨.૯૫ કરોડનો ખર્ચ કરવાનો બાકી

**નવી દિલ્હી**

આગામી ૧૯ ડિસેમ્બરે દુબઈમાં યોજાનારા આઈપીએલના પ્લેયર્સ ઓકશનમાં તમામ ૧૦ ફ્રેન્ચાઈઝીઓ એ કુલ મળીને ફકત ૭૭ ખેલાડીઓને ખરીદવાના છે, પરંતુ એ માટે આઈપીએલના મોવડીઓ એ આ ટીમના માલિકોને કહ્યાં છે કે અમારી પાસે કુલ ૧૧૬૬ ખેલાડીઓ નાં રજિસ્ટ્રેશન આવ્યાં છે. જાકે ફ્રેન્ચાઈઝીઓ આ તમામ ખેલાડીઓ નાં નામ જાઈ ગયા પછી એમાંથી કોને ખરીદવામાં રસ ધરાવે છે એ જણાવશે ત્યારબાદ આ લાંબીલચક યાદીને ટૂંકી કરી નાખવામાં આવશે. ફ્રેન્ચાઈઝીઓ પાસે કુલ ૨૬૨.૯૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો બાકી છે. પચીસ ખેલાડીનાં નામ સૌથી વધુ બે કરોડ રૂપિયાવાળી બેઝ પ્રાઈસની કેટેગરીમાં છે અને એમાં તાજેતરમાં ભારતમાં વર્લ્ડ કપ જીતનાર ઓ સ્ટ્રેલિયન ટીમના ૭ પ્લેયર્સનો પણ સમાવેશ છે. વર્લ્ડ કપમાં ૫૭૮ રન બનાવનાર કિવી ઓ લરાઉન્ડર રાચિન રવીન્દ્રએ પોતાને ફકત ૫૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઈસમાં મુકાવ્યો છે.

### કયો ખેલાડી કેટલા રૂપિયાની બેઝ પ્રાઇસમાં?

**બે કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસમાં કોણ?**: હર્ષલ, શાર્દૂલ, ઉમેશ, કેદાર, મુજીબ, અબોટ, કમિન્સ, હેઝલવુડ, ટ્રેવિસ હેડ, ઇંગ્લિસ, સ્ટાર્ક, સ્ટીવ સ્મિથ, મુસ્તફિઝુર, બેન્ટન, બ્રુક, ડકેટ, ઓ વર્ટન, આદિલ રાશિદ, વિલી, વોક્સ, ફર્ગ્યુસન, કોએટ્ઝી, રાઇલી રૂસો, ડુસેન અને એન્જેલો.

**દોઢ કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસમાં કોણ?**: નબી, હેન્રિક્સ, લીન, કેન રિચર્ડસન, ડેનિયલ સેમ્સ, વોરેલ, ટોમ કરેન, માર્ચન્ટ ડી લેન્ગ, જાડર્સ્ન, મલાન, ટાઇમલ મિલ્સ, સોલ્ટ, કોરી એન્ડરસન, મનરો, નીશેમ, સાઉધી, ઇન્ગ્રામ, હસરંગા, હોલ્ડર અને રૂધરફોર્ડ.

**અક કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસમાં કોણ?**: એગર, મેરેડિથ, શોર્ટ, એશ્ટન ટર્નર, એટકિન્સન, બિલિંગ્સ, બ્રેસવેલ, ગપ્ટિલ, જેમીસન, મિલ્ન, ડેરિલ મિચલ, પાર્નેલ, પ્રિટોરિયસ, અઝારી જાસેફ, રાવમેન પોવેલ અને ડેવિડ વિસ.

# અંડર-14 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં બોટાદના ખેલાડીએ 334 રન ફટકારી રેકોર્ડ સર્જ્યો



કાવ્ય પટેલે 269 બોલમાં 58 ફોર મારી 334* રન કર્યા, પ્રિયેન પરમારના 100* રન : બોટાદે 554/5 પર દાવ ડિકલેર કર્યો

**ભાવનગર**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા ઈન્ટર ડિસ્ટ્રીકટ અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં આજે બુધવારે ભાવનગર રૂરલ અને બોટાદ ડિસ્ટ્રીકટની ટીમ વચ્ચે બે દિવસીય લીગ મેચનો પ્રારંભ થયો હતો. બોટાદની ટીમે બેટીંગ કરી ૫ વિકેટે ૫૫૪ રન બનાવી દાવ ડિકલેર કર્યો હતો, જેમાં કેપ્ટન અને વિકેટ કિપર કાવ્ય પટેલે શાનદાર બેટીંગ કરી અણનમ ૩૩૪ રન ફટકારી રેકોર્ડ કર્યો હતો. ભાવનગર શહેરના ભરૂચા કલબના મેદાન ખાતે આજે બુધવારથી ઈન્ટર ડિસ્ટ્રીકટ અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટની બે દિવસીય લીગ મેચના પ્રારંભ થયો છે. બોટાદની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૮૧ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૫૫૪ રને દાવ ડિકલેર કર્યો હતો, જેમાં બોટાદના કેપ્ટન વિકેટ કિપર કાવ્ય પટેલે શાનદાર બેટીંગ કરતા ૨૬૯ બોલમાં ૫૮ ફોર મારી અણનમ ૩૩૪ રન ફટકાર્યા હતાં. કાવ્ય પટેલે સુંદર બેટીંગ કરી ભાવનગર રૂરલના બોલરની ધોલાય કરી નાખી હતી અને નવો રેકોર્ડ સ્થાપીત કર્યો છે, કારણ કે અત્યાર સુધીમાં અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન તરફથી રમાતી ટુર્નામેન્ટમાં આટલા રન કોઈ ખેલાડીએ માર્યા નથી. કાવ્ય પટેલની સિધ્ધી બદલ સાથી ખેલાડી અને રમતપ્રેમીઓએ તેને બિરદાવ્યો હતો. આ ઉપરાંત પ્રિયેન પરમારે ૧૩૧ બોલમાં ૧૮ ફોર મારી ૧૦૦ રન, દિવ્ય પરાલીયાએ ૫૯ અને ઓમ તોગડીયાએ ૪૧ રન નોંધાવ્યા હતા.

# ICCએ પ્લેયર ઓફ ધ મંથમાં ટ્રેવિસ હેડ, મેક્સવેલ અને શમીને નોમિનેટ કર્યા

## ટ્રેવિસ હેડને સેમિફાઈનલ અને ફાઈનલ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ મળ્યો હતો

**દુબઈ**

ICCએ પ્લેયર ઓફ ધ મંથ માટે ત્રણ ખેલાડીઓને નોમિનેટ કર્યા છે. જેમાં 2 ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓનું જયારે એક ભારતીય ખેલાડીનું નામ છે.

ઓસ્ટ્રેલિયાનો વિસ્ફોટક બેટ્સમેન ટ્રેવિસ હેડ ઈજા બાદ પરત ફર્યો હતો. તેમ છતાં તેણે વર્લ્ડકપ સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યો હતો. હેડે ODI World Cup 2023ની 6 મેચમાં 58.83ની એવરેજ અને 127.51ની સ્ટ્રાઈક રેટથી કુલ 329 રન બનાવ્યા હતા. આ લીસ્ટમાં બીજા ખેલાડીનું નામ ગ્લેન મેકસવેલ છે, જેને ઓસ્ટ્રેલિયાને છટ્ટી વખત વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. 9 મેચોમાં 66.66ની એવરેજ અને 150.37ની સ્ટ્રાઈક રેટથી કુલ 400 રન બનાવ્યા હતા. ICCની આ લીસ્ટમાં ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનું નામ પણ સામેલ છે. શમીએ ODI World Cup 2023માં માત્ર 7 મેચ જ રમી હતી. પરંતુ આ 7 મેચોમાં તેણે પોતાની ઘાતક બોલિંગથી વિરોધી ટીમનો પરસેવો છોડાવી દીધો હતો. શમીએ 7 મેચમાં 10.70ની એવરેજ અને 5.26ની ઈકોનોમી રેટથી કુલ 24 વિકેટ ઝડપી હતી. આ દરમિયાન શમીએ 3 વખત 5 વિકેટ અને 1 વખત 4 વિકેટ લીધી હતી.



# મેડજેડોવિકે ફિલ્સને હરાવી નેક્સ્ટ જનરલ એટીપી ફાઇનલ્સ ટાઇટલ જીત્યું

નવી દિલ્હી: હમાદ મેડજેડોવિકે નેક્સ્ટ જનરલ એટીપી ફાઈનલ્સ ટ્રોફી જીતીને તેની સફળ સિઝનની સમાપ્તિ કરી, જ્યાં તેણે આર્થર ફિલ્સ સામે ચોથા સેટમાં બે મેચ પોઈન્ટ ગુમાવ્યા બાદ ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ પાંચ સેટની ફાઈનલ જીતી. સર્બિયન ખેલાડીએ બોલને મોટો માર્યો, તેના પ્રથમ સર્વ પોઈન્ટના 88 ટકા (61/69) જીત્યા અને તેના ત્રીજા મેચ પોઈન્ટને કન્વર્ટ કરીને 19 વર્ષીય ફ્રેન્ચમેનને બે કલાક અને 11 મિનિટ પછી 3-4(6) મોકલ્યો, અહેવાલ ATP 4-1, 4-2, 3-4(9), 4-1થી હરાવ્યો.નોવાક જોકોવિચે આ મહિનાની શરૂઆતમાં તુરીનમાં રેકોર્ડ સાતમું એટીપી ફાઈનલ્સ ટાઈટલ જીત્યા પછી સર્બિયા માટે આ સિઝનનો શાનદાર અંત હતો. વિશ્વનો નંબર 1 આ અઠવાડિયે મેડજેડોવિકને સમર્થનના સંદેશા મોકલી રહ્યો છે.

# અભિનવ ચૌધરીએ પુરુષોની રેપિડ-ફાયર પિસ્તોલમાં જીત્યો ગોલ્ડ મેડલ

નવી દિલ્હી : રાજસ્થાનના અભિનવ ચૌધરીએ રવિવારે ભોપાલમાં ચાલી રહેલી 66મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધા (NSCC)માં MP રાજ્ય શૂટિંગ એકેડેમી રેન્જમાં પિસ્તોલ સ્પર્ધામાં પુરુષોની 25 મીટર રેપિડ-ફાયર પિસ્તોલ (RFP) ખિતાબ જીત્યો હતો. અભિનવે ફાઈનલમાં 30 રન બનાવ્યા અને ઉત્તર પ્રદેશના અંકુર ગોયલને હરાવ્યો, જેમણે 26 હિટ ફટકારી હતી. દિલ્હીના અર્પિત ગોયલ 21 સાથે ત્રીજા સ્થાને છે.અભિનવે અગાઉ ક્વોલિફિકેશનમાં 584ના સ્કોર સાથે ટોચના છ શૂટર્સમાં અંતિમ રાઉન્ડ માટે ક્વોલિફાય કર્યું હતું, જે અગ્રણી સ્કોર પણ હતો.જુનિયર પુરૂષોની RFPમાં, વિજયવીર સિદ્ધુએ ફાઈનલમાં 28 હિટ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો અને હરિયાણાના પેરિસ ઓલિમ્પિક ક્વોટા વિજેતા અનિશ ભાનવાલાને 25 હિટ સાથે હરાવ્યા.

# T-20 રેન્કિંગ : રાશિદ ખાનને પાછળ છોડી રવિ બિશ્નોઈ બન્યો વર્લ્ડ નંબર 1

**નવી મુંબઇ**

T20 ક્રિકેટને બૉલિંગમાં દુનિયાનો નવો જ બાદશાહ મળી ગયો છે, ટી20 ક્રિકેટને વિશ્વનો નવો નંબર-1 બૉલર મળ્યો છે. ભારતીય સ્પિનર રવિ બિશ્નોઈ હવે ICC T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં બૉલિંગમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. તેને લાંબા સમયથી આ પદ પર રહેલા રાશિદ ખાનને પછાડ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની ટી-20 સિરીઝ રમાઈ હતી. જેમાં ટીમ ઈન્ડિયાનો 4-1થી શ્રેણી પર કબ્જો જમાવ્યો હતો. આ સિરીઝમાં



સ્પિનર રવિ બિશ્નોઈએ શાનદાર બોલિંગ કરી હતી. જેના પગલે તેને મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ત્યારે આ સ્થિતિ વચ્ચે આઈસીસીએ ટી-20 રેન્કિંગની નવી યાદી જાહેર કરી છે. જેમાં રવિ બિશ્નોઈ અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાનને પછાડી નંબર 1 બોલર બની ગયો છે. રવિ બિશ્નોઈના ખાતામાં અત્યારે 699 પૉઈન્ટ છે. તે રાશિદ ખાન (692) કરતા 7 રેટિંગ પોઈન્ટ આગળ નીકળી ગયો છે. આ યાદીમાં શ્રીલંકાના વાનિન્દુ હસરંગા (679) ત્રીજા સ્થાને, આદિલ રાશિદ (679) ચોથા સ્થાને અને મહિષ તીક્ષાના (677) પાંચમા સ્થાને છે, એટલે કે T20 ઈન્ટરનેશનલ બૉલરોની રેન્કિંગમાં સ્પિનરો ટોપ-5માં સ્થાન ધરાવે છે. રવિ બિશ્નોઈને હાલમાં જ ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની T20 સીરિઝથી ઘણો ફાયદો થયો છે.

# આઈસીસીએ ટી-ટ્વેન્ટી વર્લ્ડ કપ 2024 માટે નવો લોગો લોન્ચ કર્યો

**દુબઇ**

વર્ષ 2024માં રમાનાર ટી20 વર્લ્ડ કપ 2024 માટે આઈસીસીએ નવો લોગો જાહેર કર્યો છે. આઈસીસી ટી-ટ્વેન્ટી વર્લ્ડકપ 2024નું આયોજન 4 જૂનથી 30 જૂન સુધી વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં થશે. જયારે આઈસીસી મહિલા ટી-ટ્વેન્ટી વર્લ્ડકપ 2024નું આયોજન બાંગ્લાદેશમાં કરવામાં આવશે. જોકે હજુ સુધી આ મહિલા ટુર્નામેન્ટની તારીખો અને શેડ્યુલની જાહેરાત થઈ નથી. હવે આઈસીસીએ ટીટ્વેન્ટી વર્લ્ડકપ માટે નવો લોગો જાહેર કરીને આ મેગા ઈવેન્ટની તૈયારીઓ શરુ કરી દીધી છે. આઈસીસી મુજબ આ નવો લોગો સૌથી નાના ફોર્મેટમાં ખુબ જ ઝડપથી બદલવા વાળી ઘટનાઓને દર્શાવે છે. આ નવા લોગોમાં આવતા વર્ષે ટીટ્વેન્ટી વર્લ્ડ કપ આયોજિત કરનાર યજમાન દેશોથી પ્રેરિત બનાવટ અને પેટર્ન સામેલ છે.

# નેવાદા યુનિવર્સિટીના કેમ્પસમાં ગોળીબાર 3ના મોત, 1 ઘાયલ: હુમલાખોર પણ ઠાર

**લાસ વેગાસ**

અમેરિકન શહેર લાસ વેગાસ સ્થિત નેવાદા યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસમાં બુધવારે થયેલા ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા છે અને એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. પોલીસ કાર્યવાહીમાં હુમલાખોર પણ માર્યો ગયો હતો. લાસ વેગાસ મેટ્રો પોલીસે જણાવ્યું કે આ હુમલો સ્થાનિક સમય અનુસાર લગભગ 11:45 વાગ્યે થયો હતો. શૂટર વિશે ચેતવણી મળ્યા પછી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો પોતાનો જીવ બચાવવા માટે યુનિવર્સિટીમાં તેમના રૂમમાં બંધ થઈ ગયા.

પોલીસે જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ બપોરે 12.30 વાગ્યે ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિ શોધી કાઢવામાં આવ્યો હતો અને તેનું મોત નીપજ્યું હતું. પરંતુ પોલીસે હુમલાખોર વિશે વધુ કોઈ માહિતી શેર કરી ન હતી અને કહ્યું હતું કે હુમલાના સંભવિત હેતુ વિશે કોઈ માહિતી નથી. તે પણ અસ્પષ્ટ છે કે શંકાસ્પદનું મૃત્યુ કેવી



રીતે થયું અને પોલીસે પીડિતોની ઓળખ વિશે કોઈ માહિતી જાહેર કરી નથી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે હવે કોઈ ખતરો નથી અને પોલીસે ગોળીબારથી પ્રભાવિત લોકો માટે હોટલાઈનની વ્યવસ્થા કરી છે. યુનિવર્સિટી ઓફ નેવાદા એડમિનિસ્ટ્રેશન પોસ્ટમાં હુમલાની ધમકી અંગે પહેલાથી ચેતવણી આપવામાં આવી હતી કે બીમ હોલ બિઝનેસ સ્કૂલ બિલ્ડિંગની નજીક એક શૂટર હોવાના અહેવાલ મળ્યા છે.

# ટ્રમ્પ જો ચૂંટણી લડવાના ન હોત તો હું ચૂંટણીમાં ઊભો રહ્યો ન હોત : બાઈડન

**બોસ્ટન**

અમેરિકાના પ્રમુખ જો બાયડેને કહ્યું હતું કે જો આગામી વર્ષની પ્રમુખ પદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ ઊભા રહેવાના ન હોત તો તેઓ પણ નિવૃત્તિ જ લઈ લેત, અને માત્ર એક જ ટર્મ પૂરતા પ્રમુખ પદે રહ્યા હોત. બોસ્ટનમાં ડેમોક્રેટ ડોનર્સની ગ્રુપ મીટીંગમાં આ પ્રમાણે કહેવા સાથે જો બાયડેને જણાવ્યું હતું કે, આપણે ટ્રમ્પને જીતવા દેવા ન જોઈએ. તેમ ન્યૂયોર્ક પોસ્ટે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૮૧ વર્ષના જો બાયડેન અમેરિકાના આજ સુધીના પ્રમુખોમાં સૌથી વધુ વયના પ્રમુખ છે. જો તેઓ આ વખતે જાન્યુઆરી'૨૪માં ચૂંટણીમાં વિજયી થશે તો તેમની પ્રમુખ



પદની મુદત પૂરી થશે ત્યારે તેઓ ૮૬ વર્ષના હશે. તકલીફ તે છે કે બાયડેનને હવે ઉંમરની સ્પષ્ટ અસર દેખાય છે. તેઓ બોલવામાં વારંવાર ગોટાળા કરી નાખે છે. ઘણીવાર ઘણું ભૂલી પણ જાય છે. જાહેર સભાઓને કરેલાં સંબોધન વખતે પણ બાફી મારે છે. ઘણા ટીકાકારો આ માટે તેમની વધતી જતી વયને કારણભૂત માને છે.

# પાકિસ્તાનના પેશાવરમાં સ્કૂલ પાસે બ્લાસ્ટ થયો, અનેક બાળકો ઘાયલ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના પેશાવરમાં ફરી એક વખત સ્કૂલ પાસે થયેલા બ્લાસ્ટના કારણે સેંકડો બાળકો ઘાયલ થયા છે. મળતા પ્રાથમિક અહેવાલો અનુસાર પેશાવરની એક સ્કૂલ પાસે થયેલા બ્લાસ્ટ બાદ પોલીસ દોડતી થઈ હતી. આ એક આતંકવાદી હુમલો હોવાની આંશકા પણ વ્યક્ત કરાઈ છે. પોલીસનુ કહેવુ છે કે, વિસ્ફોટક પદાર્થોનો ધડાકા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વિસ્ફોટમાં ઘાયલ બાળકોને પેશાવરની લેડી રીડિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ પૈકી બે બાળકોની હાલત ગંભીર છે. હોસ્પિટલના કહેવા પ્રમાણે ઘાયલ બાળકો સાત વર્ષથી 10 વર્ષની વયના છે. સ્થળ પર તપાસ કરી રહેલી પોલીસનુ કહેવુ હતુ કે, આજે સવારે નવ વાગ્યે આ બ્લાસ્ટ થયો હતો. જેમાં ચાર કિલો વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિસ્ફોટકોને રસ્તાની એક તરફ સિમેન્ટ બ્લોકમાં છુપાવવામાં આવ્યા હતા. હાલમાં પોલીસ દ્વારા સમગ્ર શહેરને કોર્ડન કરીને આ મામલામાં સંડોવાયેલા લોકોની શોધ ચલાવવામાં આવી રહી છે. બ્લાસ્ટ કરવા પાછળનો ઈરાદો શું હતો અને કોને ટાર્ગેટ કરવા માટે બ્લાસ્ટ કરાયો હતો તેની જાણકારી મળી નથી.

# ફિલિપાઈન્સમાં બ્રેક ફેલ થઈ જતાં 53 યાત્રીથી ભરેલી બસ ખીણમાં ખાબકી, 16 લોકોનાં મોત

## 24 લોકોને લઈને બસ ઈલોઈલો પ્રાંતથી એન્ટિકના કુલાસી શહેર જઈ રહી હતી

**મનિલા**

ફિલિપાઈન્સમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં યાત્રીઓથી ભરેલી એક બસ ખીણમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં 16 લોકોએ જીવ ગુમાવ્યા હતા. સ્થાનિક અધિકારીઓએ કહ્યું કે ફિલિપાઈન્સમાં એક બસમાં 24 લોકો સવાર હતા. આ બસ એન્ટીક પ્રાંતમાં એક પર્વત પરથી બેકાબૂ થઈ ખીણમાં સરી ગઈ હતી. જેમાં ઓછામાં ઓછા 16 લોકોએ જીવ ગુમાવ્યો હતો. ગવર્નર રોડોરા કેડિયાઓએ કહ્યું કે આ બસ દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલ ખસેડાયા છે. આઠ લોકોની હાલત ગંભીર છે અને ચારની હાલત સ્થિર હોવાની માહિતી છે. તેમણે કહ્યું કે આ બસ ઈલોઈલો પ્રાંતથી એન્ટિકના કુલાસી



શહેર જઈ રહી હતી. ત્યારે બ્રેક ફેલ થઈ જવાને કારણે આ બસ 30 મીટર ઊંડી ખીણમાં પડી ગઈ હતી. આ બસમાં કુલ 53થી વધુ યાત્રીઓ સવાર હોવાની માહિતી છે.

# બ્રિટનમાં વિદેશીઓની સંખ્યામાં ઘટાડો કરવા માટે બ્રિટનની સરકારે વિઝા નિયમો વધુ કડક બનાવ્યા

**લંડન**

બ્રિટનમાં વિદેશીઓની સંખ્યા ઘટાડવા માટે બ્રિટનની સરકારે વિઝા નિયમો વધુ કડક બનાવ્યા છે. નવા નિયમમાં બ્રિટિશ નાગરિકો અને પરમેનન્ટ રેસિડન્સ માટે પોતાના પરિવારજનોને બોલાવવા માટે લઘુતમ પગારની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. આ નિયમને પગલે અનેક ભારતીય પરિવારોને અસર થશે.

ફેમિલી વિઝા કેટેગરી હેઠળ પોતાના પરિવારજનોને બ્રિટનમાં બોલાવવા માટે લઘુતમ પગારની મર્યાદા વાર્ષિક



૧૮૬૦૦ પાઉન્ડ હતી. આગામી માર્ચ/એપ્રિલથી આ લઘુતમ પગારની મર્યાદા વધારીને ૩૮૭૦૦ પાઉન્ડ કરવામાં આવી છે. ગયા વર્ષ ૧૫૦૩૮ પાકિસ્તાનીઓએ ફેમિલી વિઝા હેઠળ પોતાના પરિવારજનોને બોલાવ્યા હતાં.

આ ઉપરાંત સ્કીલ્ડ વર્કર વિઝા હેઠળ અરજી કરનારાઓ માટે લઘુતમ પગારની રકમ પણ ૨૬૨૦૦ પાઉન્ડથી વધારી ૩૮૭૦૦ પાઉન્ડ કરી દેવામાં આવશે. બ્રિટનના ગૃહ પ્રધાન જેમ્સ ક્લેવરલીએ સંસદમાં જણાવ્યું હતું કે હાલમાં લઘુતમ આવકની મર્યાદા ૧૮૬૦૦ પાઉન્ડ છે અને આ રકમમાં ૨૦૧૨થી કોઈ વધારો કરાયો નથી. નવા નિયમને કારણે ઓછી આવકવાળા વિદેશીઓ પોતાના પરિવારજનોને બોલાવી શકશે નહીં.

# દેશદ્રોહી જાહેર થયેલા યુક્રેનના પૂર્વ સાંસદની રશિયામાં ગોળી મારી હત્યા

**કીવ**

રશિયા અને યુક્રેન વચ્ચે ગયા વર્ષે ફેબ્રુઆરીથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. આ દરમિયાન યુક્રેનથી ભાગીને રશિયા પહોંચેલા યુક્રેનના પૂર્વ સાંસદની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

યુક્રેન દ્વારા દેશદ્રોહી જાહેર કરાયેલા યુક્રેનના પૂર્વ સાંસદ ઇલિયા ક્યવાની મોસ્કોના દક્ષિણ પશ્ચિમમાં આવેલા ઓડિન્ટસોવો પ્રદેશના એક પાર્કમાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટના બાદ યુક્રેનિયન આર્મીના ગુપ્તચર એકમે ચેતવણી આપી હતી કે 'યુક્રેનના અન્ય દેશદ્રોહીઓ'નો પણ આવો જ હાલ થશે. યુક્રેનિયન સંસદના પૂર્વ સાંસદ 46 વર્ષીય ઈલિયા ક્યવાનો મૃતદેહ ગઈકાલે મોસ્કો નજીકના એક ગામમાંથી તેના માથામાં ગોળી વાગેલા ઘા સાથે મળી આવ્યો હતો. યુક્રેનની સેનાના ગુપ્તચર પ્રવક્તા આન્દ્રે યુસોવે જણાવ્યું હતું કે ઈલિયા ક્યવા મોત થઈ ગઈ છે અને તેમણે આગળ ઉમેર્યું હતું કે યુક્રેન અને પુતિનને ટેકો આપનારા અન્ય દેશદ્રોહીઓ સાથે પણ આવું જ થશે. રશિયન અધિકારીઓનું કહેવું છે કે તેઓએ આ હત્યાના કેસની તપાસ શરૂ કરી છે અને શંકાસ્પદને શોધી રહ્યા છે.

# ભારતીય મૂળના સમીર શાહની બીબીસીના નવા ચેરમેન તરીકે પસંદગી

**પેરિસ**

બ્રિટિશ સરકારે બીબીસીના નવા વડા માટે ભારતીય મૂળના ડૉ. સમીર શાહનું નામ ફાઈનલ કર્યું છે. ભારતીય મૂળના મીડિયા એક્ઝિક્યુટિવ ડૉ. સમીર શાહ, જેમણે 40 વર્ષથી વધુ સમયથી પ્રસારણ ક્ષેત્રે કામ કર્યું છે, તેમને ઋષિ સુનક સરકારે આ પદ સંભાળવા માટે પસંદગીના ઉમેદવાર જાહેર કર્યા છે. મળતી માહિતી મુજબ 71 વર્ષીય સમીર શાહને ક્વીન એલિઝાબેથ II દ્વારા 2019 માં ટેલિવિઝન અને હેરિટેજની સેવાઓ માટે CBE એનાયત કરવામાં આવ્યો હતો. શાહ રિચાર્ડ શાર્પનું સ્થાન લેશે, જેમણે ભૂતપૂર્વ વડા પ્રધાન બોરિસ જ્હોન્સન સાથેની તેમની વાતચીત લીક થયા બાદ રાજીનામું આપવું પડ્યું હતું.

# વિશ્વના 1 ટકા ધનકુબેરો 66 ટકા ગરીબો કરતાં વધુ પ્રદુષણ ફેલાવે છે : ધ ગાર્ડિયન

**લંડન**

દુનિયાભરમાં અત્યારે પ્રદુષણની અને ગ્લોબલ વોર્મિંગની વાતો થઈ રહી છે. તેને નાથવા માટે દુનિયાભરના મોટા મોટા દેશો બેઠકો કરી રહ્યા છે. યુએન અને વિશ્વ આરોગ્ય સંસ્થા જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પર્યાવરણ બચાવવા કામ કરી રહી છે. આ બધા વચ્ચે વિકસિત દેશો અને વિકાસશિલ દેશો એકબીજાની સામે ગ્લોબલ વોર્મિંગ માટે કારણભૂત હોવા અંગે આંગળી ચિંધી રહ્યા છે. આ વિવાદ હજી ચાલુ જ છે ત્યાં એક એવો અભ્યાસ સામે આવ્યો છે જેણે દુનિયાને આશ્ચર્યમાં મૂકી દીધી છે. આ અભ્યાસમાં જણાવાયું છે કે, દુનિયાભરના 66 ટકા(5 અબજ) ગરીબો દ્વારા જેટલું પ્રદુષણ ફેલાવાય છે તેટલું પ્રદુષણ દુનિયાના 1 ટકા સુપર રિચ લોકો એટલે કે ધનિકો ફેલાવે છે. ધ ગાર્ડિયન દ્વારા થોડા સમય પહેલાં જ આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. ઓક્સફામ અને સ્ટોકહોમ એન્વાર્યન્મેન્ટ ઈન્સ્ટિટ્યૂટના જાણકારો દ્વારા સંયુક્ત રીતે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. થોડા સમય પહેલાં કેનેડા ખાતે થયેલા એક અભ્યાસમાં ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરો સામે આવી હતી.

# અમેરિકાની સંસદમાં જવા ચૂંટણી લડશે ક્રિસ્ટલ કૌલ, ભારત સાથે ખાસ કનેક્શન

**કાઠમંડુ**

ભારતીય મૂળની વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા નિષ્ણાત ક્રિસ્ટલ કૌલ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ માટે ચૂંટણી લડશે. તેણે પોતે જાહેર કર્યું છે કે તે વર્જિનિયાના કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ માટે ચૂંટણી લડશે, જેમાં જાહેર સલામતી, શિક્ષણ અને આરોગ્ય સંભાળ જેવા મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કૌલ મૂળ ભારતના કાશ્મીરની છે. જો તેઓ 2024 માં ચૂંટાય છે તો તે કોંગ્રેસના સભ્ય પ્રમિલા જયપાલ પછી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ચૂંટાયેલી બીજી ભારતીય-અમેરિકન મહિલા હશે.

# ફુલગુલાબી ઠંડી એટલે ફેશનવેરની મોસમ

શિયાળો આવતાં જ એની ગુલાબી આહલાદક ઠંડી અને તાજગી તમામ જીવોને જીવંત બનાવી દે છે. વરસાદથી કંટાળીને આવેલી ઠંડી પાનખર સાથે જ વધારે મોકળી થઈ જાય છે. ખરતાં પાંદડાંઓના રંગો તમામ મનુષ્યને આકર્ષે છે. એના વિવિધ 'અર્થ કલર્સ' હકીકતમાં આજના ફેશન ડિઝાઈનર્સને આકર્ષિત કરે છે અને તેમણે તૈયાર કરેલાં વસ્ત્રો પર એની ઝાંખી મળી આવે છે. તો ચાલો આ વખતે આ શિયાળાની ઠંડી ઠંડી મોસમમાં તમારાં આઉટફિટ્સ માટે સજાગ થઈ જાઓ અને આ માહિતીને ધ્યાનમાં રાખીને તમારી સ્ટાઈલને વધારે સુંદર બનાવો.

## પાર્ટી ડ્રેસ

ઠંડીની સીઝનમાં ભડકીલા રંગ અને ડિઝાઈનવાળા ગ્લેમરસ કાપડ આપણને પેરિસની યાદ અપાવે છે. કલોથ્સ 'વાઉ' બસ, આજકાલ શિયાળાની સાંજે ફોર્મલ પાર્ટી ગાઉન્સ વધુ પહેરાય છે. તેના કલર્સ બ્લેક, વાયોલેટ, ગાર્નેટ, રુબી, ગોલ્ડ અને કાપડમાં સિલ્ક, વેલ્વેટ, ક્રશ્ડ વેલ્વેટ, ક્રેપ સાટીન, ગોલ્ડ સ્ટેમ્પ્ડ, પ્રિન્ટેડ વોયલ્સ, ટ્રાન્સપરન્ટ ફેબ્રિક, જેકવોડસ, ડમાસ્ક, એમ્બ્રોઈડરીનું આછું વર્ક, આ પ્રકારનાં ફેબ્રિક મટીરિયલ સૌંદર્ય નિખારે છે. પ્રિન્ટમાં એવું છે કે પિરિયડ પર પિરિયડ બદલાતી પ્રિન્ટમાં, બ્રાન્ચીઝ, ફલાવર્સ, ટેન્ડ્રાલ્સ, ફોલિએજ તેવી જ રીતે પતંગિયાં, ડ્રેગન્સ, પીઓનીઝ, જાપાનીસ સ્ટાઈલસ કીમાનોઝી બ્રોકેડસની પ્રિન્ટ ખીલી ઉઠશે. પછી તો જેવી જેની પસંદ.

## કેઝ્યુઅલ વેર

બધી જ સીઝનને આવરી લેવા માટે તદુપરાંત લોકોનું પણ ધ્યાન આકર્ષિત કરવા માટે આજે કેઝ્યુઅલ માટે બધાંને જ એક જાતનો ક્રેઝ હોય છે. સામાન્ય દેખાવમાં કેઝ્યુઅલ આઉટફિટ્સમાં



બ્લેક, નેવી બ્લુ ગ્રે, જુવાનિયાઓ માટે આ વખતની 'વિન્ટર' સીઝનમાં આકર્ષક બની રહેશે.

રંગોમાં કાળો, સ્ટીલ ગ્રે, બ્રીવર બ્રાઉન, પાઈનગ્રીન અને ફેબ્રિકમાં આ સીઝનમાં કોટન વુલન અને પોલિનીટ વધુ ચાલશે. શેપ માટે બેઝિક અને સ્ટાઈલિશ કવોલિટીનું ફેબ્રિક જરૂરી છે. આ માત્ર સ્ત્રીઓ માટે જ નહીં, પરંતુ બધાં જ માટે અગત્યનું રહેશે. ઊનમાંથી વણેલા ડાર્ક ઘેરા કાળા રંગના સ્ટ્રેચ ફેબ્રિક પણ આ વખતે આ સીઝનમાં આરામપ્રદ ઉપરાંત ધ્યાનાકર્ષિત બની રહેશે.

## આઉટવેર

આ વખતે આઉટવેરમાં સ્ત્રીઓ અને પુરૂષો માટે 'ફેશન' એકરૂપ બની રહેશે. આઉટવેર માટેના રંગોમાં સ્ટ્રોમ બ્લુ, સ્કાય, સિલ્વર અને



વ્હાઈટ, આઈસ ગ્રીન, લિલ્યાક હેઝ અને સ્નો કાપડમાં'કોટન' તથા સિન્થેટિક સારા રહેશે. 'બોયઝ ટ્રાઉઝર' માટે પણ કોટન ઉત્તમ રહેશે. ડાર્ક કલર્સમાં ડેનિમ આજે યુવક-યુવતી બધાને ગમવા લાગ્યું છે. તદુપરાંત કેનવાસ, ટ્વીલ્સ, બેડફોર્ડસ શ્રેષ્ઠ રહેશે. તેવી જ રીતે 'કોડરોય' ફેબ્રિકની બોલબાલા પાછી વધી છે. કોટન ટ્રાઉઝર્સમાં ફેન્સી સિમ્સ, પેચ પોકેટ્સ, ઝીપ અને જાકીટ સાથેના ફેન્સી પેન્ટ વખણાશે.

## નીટ્સવેર

જર્સીમાં મિલોનો, રેપ્સ, પીઠ, રિબ્ડ આ વિન્ટરમાં દેખાશે. યાર્નમાં વણવામાં આવેલાં આ ઊનનાં કપડાંઓમાં બ્રાઉન, રેડીશટોન, ગ્રે ઓવરકોટ તદુપરાંત સેલ્ફ સ્ટ્રક્ચર્ડ મિની જેકવાર્ડસ, હેરિંગબોન્સ, ટુ-ટોન ટ્વીલ્સ વગેરે લોકપ્રય થશે. ત્રણ ટાઈપનાં ઊનનાં કપડાં દેખાશે. સ્કીન ટાઈટમાં સિન્થેટિક યાર્ન અને ફાઈન ગેજ, સ્લિમલાઈન અને મધ્યમ બાંધા માટેના લ્યોડાર્ડઝ જેવો પોષાક વધુ ખપશે.

શિયાળાની ફેશનને અનુરૂપ વસ્ત્રાવલિની વાતો નીકળી છે તો બે અવનવી અને વિદેશી છતાં હવે દેશી ગણાતી ડ્રેસ ડિઝાઈનની વાત પણ કરી લઈએ.

આજકાલ એનિમલ પ્રિન્ટની ફેશને ફરી જોર પકડયું છે. પ્રાણીઓની ત્વચા પરના રંગો અને ડિઝાઈનોને એનિમલ પ્રિન્ટસ કહે છે. ફેશનવર્લ્ડમાં પ્રાણીઓની ચામડીની ડિઝાઈન્સ ખૂબ 'સેકસી' અને 'હોટ' ગણાય છે. હજી તો માંડ નેવુંના દાયકાની આરંભે આવેલી એનિમલ પ્રિન્ટે ફેશનવર્લ્ડમાં એવાં કામણ કર્યાં છે કે આજેય બહુવિધ એનિમલ ડિઝાઈન્સનું વર્ચસ્વ રહ્યું છે. સાપની ત્વચા ઝીબ્રાના ચટાપટા, દીપડાના ટપકાં, વાઘના લસરકા આ બધું ડિઝાઈનમાં ખપે છે.

નેવુના આરંભમાં 'સ્નેકસસ્કીન' ખાસ્સી પોપ્યુલર હતી. એમાંય 'પાયથન' અને કોબ્રાની લૂક અલાઈક ડિઝાઈન્સ તો ખૂબ ગાજેલી. નેવુંના વચગાળાનો સમય હતો. જંગલપ્રેમ દાખવવાનો. હરણ, બિલાડી, ચિત્તાથી માંડીને દીપડાની ત્વચાની ડિઝાઈનવાળાં ફેબ્રિક આ સમયમાં ખૂબ ગાજેલાં. એમાંય 'યર ઓફ ટાયગર' ઘોષિત થયેલાં. ૧૯૯૭ વર્ષ દરમિયાનનો કેટ પ્રિન્ટસની બોલબાલા ઈન્ટરનેશનલ ફેશનવર્લ્ડમાં હતી. ૧૯૯૭ દરમિયાન તો ડલમેશિયન્સ (ગોળ કાળા, ચાંઠાંવાળાં કૂતરાં) પ્રિન્ટસે દરેક ફેશનવર્લ્ડનાં મેગેઝિનોમાં વર્ચસ્વ જમાવેલું . જો કે આ પ્રિન્ટ બ્લેક એન્ડ વ્હાઈટની મર્યાદાના લીધે તે માત્ર સ્ત્રીઓ માટેના વસ્ત્રો પૂરતી જ મર્યાદિત હતી. બહુવિધ એનિમલ પ્રિન્ટ્સ ફેશનવર્લ્ડમાં એવરગ્રીન ગણાય છે.



MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

35 Room Motel For Sale Asking $3.3 Millon (price reduced)
Located in Cochrane on Hwy 11 in northern Ontario, about 1 hour from Timmins &8 hours north of Toronto.
18 Room with full kitchennet. Year round business. Heated Garage for Snowmobilers. 6.5 Acres of Commercial Land right on Trans Canada Hwy 11.
Room Revenue: over $750,000 (Net sales - before taxes). Net Operating Income: over $500,000. Cap Rate: over 10%
All numbers of income & expenses are 100% provable.
Seller is retiring after sucessfully operating of 15 years. Great opportunity to invest in a profitable motel. Good for LMIA, WP etc.

Burrito Boyz For Sale Asking $375,000 Dundas St & Appleby Rd, Burlington
New Store- started in 2022. All chattles & eqipments are new and owned.
Current monthly sales: over $50,000 , Rent + TMI $5600/month, Lease 8 years remaining & 5 + 5 years option to renew. Royalty only 2%. About 1400 sq ft store. New residential projects & developmnet on Dundas & Appleby. Very busy area. Customer based set in 15 months & third party sales also growing. New buyer can definetly make good money with growing income month by month.

Small Motels For Sale
Northern Ontario, Call for info

Burrito Boyz SOLD
Plains Rd, Burlington

30 Room Motel
With Restaurant & Bar (on lease)
Near Ottawa- Asking $2.4M

Franchise Hotels For Sale
Coming up in Fall/Winter
1 to 4 Hrs From Toronto
Asking: $6M to $9M

Working Partner in Motels
Small to Mid size Motel in North
Min Investment $100K to $200K
% Partnership + Good Salary to Stay and Operate the Motel

Motel Jobs Available
Location: 6 hrs north of Toronto
On-site Manager/Front desk
Housekeepers/General work

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CANADA IMMIGRATION
- Canada PR
- Canada LMIA Job Offer
- Canada Work Visa
- Canada Business/ Investor Visa
- Canada Visitor visa
- Canada Spousal visa
- Family Sponsorship
- Super Visa

AUSTRALIA IMMIGRATION
- Australia Skilled Regional Visa
- Skilled Nominated Visa
- Skilled Independent Visa
- Temporary Skilled Work visa
- Employer Nomination Scheme
- Business Investor Visa

AUSTRALIA VISA FOR CANADIAN CITIZENS



STUDY ABROAD SERVICES:
- Study in Canada/ Australia/ UK USA/ Newzealand
- Study in Singapore/ Malta/ Latvia Finland/ Malta/ Poland
- Europe Work Visa

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST

CONTACT US

AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
499 Main Street, Unit 94Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911